કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ભચાઉ તાલુકાના ખારોઈ, મનફરા, ચોબારી, ભરૂડીયા, આધોઈ, જંગી, વાંઢીયા, વોંધ, કટારીયા, દુધઈ તથા આસપાસના વિસ્તારોમાં સરક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવયુવાનોની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ, અભિનંદન,જાહેર ખબરમાં સંપર્ક કરો
મહેશ શાહ : ૯૮૨૫૧ ૭૨૩૨૦, ૯૮૭૯૫ ૯૧૪૨૭
સ્થળ :-
જૈન ધર્મશાળાની બાજુમાં, જુના બસ સ્ટેન્ડ રોડ, ભચાઉ-કચ્છ.

સાપ્તાહિક
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૦૫ મે, ૨૦૨૪ રવિવાર
કિંમત રૂા.૨/-
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય

કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

◆અંક નંબર : ૫૧ ◆વર્ષ : ૩૦ ◆પાના - ૮+૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 97708◆ સંવત ૨૦૮૦ ◆ચૈત્ર વદ-૧૨◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

પત્રિકાકાંડ ગુજરાતમાં રાજકારણ તેજ

જાગો લેઉઆ પટેલ જાગો વાળી પત્રિકા વાયરલ કરવામાં પરેશ ધાનાણીના ભાઈનું નામ ખૂલતા રાજકીય પારો ચઢયો : પરેશ ધાનાણીની વધી શકે છે મુશ્કેલી : શરદ ધાનાણીની ધરપકડના ભણકારા

(એજન્સી દ્વારા) ગાંધીનગર : રાજકોટમાં ગઇ કાલથી પત્રીકા વાયરલ થવાનો વીવાદ ઉભો થયો છે અને આ પત્રીકા વાયરલ કરવામાં પરેશ ધાનાણીના ભાઇનો નામ ચર્ચામાં આવતા ગુજરાતમાં રાજકારણ તેજ બની જવા પામ્યું છે. કોંગ્રેસ દવારા ભાજપ પર આરોપ લગાવાઇ રહયો છે તો ભાજપ આ વિષય પર કોંગ્રેસને આડે હાથ લઇ રહયું છે.

નોંધનીય છે કે,બે દિવસ પહેલા રાજકોટમાં લેઉવા પાટીદાર સમાજ અંગેની પત્રિકા વાયરલ થઈ, જેને લઈને હવે રાજકારણની ગરમીનો પારો ચઢી ગયો છે. આ સમગ્ર મામલે પોલીસમાં રજૂઆત કરવામાં આવી હતી એ પછી પોલીસે તપાસ હાથ ધરી હતી અને પાંચ લોકોની અટકાયત કરી તેઓની પૂછપરછ હાથ ધરી છે. ત્યારે હવે આ સમગ્ર મામલે કોંગ્રેસના રાજકોટ બેઠકના ઉમેદવાર પરેશ ધાનાણીની મુશ્કેલીમાં વધારો થઈ શકે છે. આ મામલે પરેશ ધાનાણીના ભાઈ શરદ ધાનાણીની સંડોવણી સામે આવી છે.પત્રિકા વિતરણનાં સીસીટીવી ફૂટેજ મળ્યા બાદ પોલીસે કોંગ્રેસના ૪ યુવા પાટીદાર કાર્યકરોની ધરપકડ કરી લીધી. આ કાંડમાં સંડોવાયેલા શરદ ધાનાણીને પકડવા શહેર પોલીસની ટીમે કવાયત શરૂ કરી છે. ત્યારે હવે કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીના ભાઈ શરદ ધાનાણીને ઝડપવા માટે પોલીસે દરોડા પાડ્યા છે. આ સમગ્ર કાંડમાં પરેશ ધાનાણીનાં ભાઈ શરદ ધાનાણીની ધરપકડ થઈ શકે છે. ત્યારે આ મામલે હવે પરેશ ધાનાણીની મુશ્કેલી વધી શકે છે. ઉલ્લેખનીય છે કે રાજકોટમાં લેઉવા પટેલ સમાજની પત્રિકા વાયરલ થવા મુદ્દે શહેર ભાજપ પ્રમુખ મુકેશ પટેલે પોલીસ કમિશ્નરને રજૂઆત કરી હતી. જે બાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસ દ્વારા લેઉવા પાટીદાર સમાજના ૫ યુવકોની અટકાયત કરી હતી. અટકાયતને લઈને કોંગ્રેસના લેઉવા પાટીદાર આગેવાનો ક્રાઈમ બ્રાન્ચ પહોંચ્યા હતા. જ્યાં યુવકોની ગેરકાયદેસર રીતે અટકાયત કરાઈ હોવાના કોંગ્રેસ નેતાએ આક્ષેપ કર્યા હતા.

રાજકોટમાં ભાજપે આ મામલે પોલીસ કમિશ્નરને રજૂઆત કરી હતી. લેઉવા-કડવા પટેલ વચ્ચે વેમનસ્ય ફેલાવ્યાનો આરોપ લગાવવામાં આવ્યો, સોશિયલ મીડિયાનાં માધ્યમથી વૈમનસ્ય ફેલાવવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. કોંગ્રેસનાં ઉમેદવારનાં

અનુસંધાન પાના નં.૪ પર

ભાજપ કાવતરા રચી રહયું છે : કોંગ્રેસ : કોઇ કોઇના ઇશારે કામ નથી કરતું : ભાજપ

ગુજરાતમાં મતદાનના દિવસે 'હિટ વેવ' સર્જશે મોટી મુશ્કેલી !

(એજન્સી દ્વારા) ગાંધીનગર : ગુજરાતની લોકસભાની સુરત સિવાયની ૨૫ બેઠકો તેમજ વિધાનસભા પેટાચૂંટણી માટેની ૫ બેઠકો પર ૭ મે ના રોજ મતદાન યોજાનાર છે. મતદાનની પ્રક્રિયા સુગમ બની રહે અને વ્યવસ્થિત મતદાન યોજાય તે માટે ચૂંટણી તંત્ર દ્વારા ઝીણવટપૂર્વક તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ આ અંગે જણાવ્યું હતું કે, ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન અને વીવીપેટના કમિશનિંગની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. વોટર ઈન્ફોર્મેશન સ્લીપના વિતરણની કામગીરી પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. પ્રત્યેક મતદાર માટે સમગ્ર મતદાન પ્રક્રિયા યાદગાર અને સુખદ અનુભવ બની રહે તે માટે રાજ્યનું ચૂંટણીતંત્ર પ્રતિબદ્ધ છે.

લોકોને મતદાન માટે જાગૃત કરવા મુખ્ય નિર્વાચન અધિકારીના કાર્યાલય દ્વારા ૧૫ દિવસ માટે સઘન મતદાર જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે આવતીકાલે તા.૦૫ મે ના રોજ સમગ્ર રાજ્યમાં તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ દ્વારા 'Run for Vote' નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મતદાર જાગૃતિના બેનર્સ સાથે લોકોને અચૂક મતદાન કરવા માટેનો સંદેશો આપવામાં આવશે. મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ ગાંધીનગરના ઉદ્યોગ ભવનથી મહાત્મા મંદિર સુધી યોજાનારી ઈંહ માં ભાગ લેશે. તેમણે તમામ મતદારોને પોત પોતાના જિલ્લામાં આયોજીત 'Run for Vote' માં ભાગ લઈ મતદાન જાગૃતિ અભિયાનમાં સહયોગી બનવા આમંત્રણ પાઠવ્યું હતું.

તા. ૭ મે ના રોજ યોજાનાર લોકસભા ચૂંટણી સમયે વધુ ગરમીને અનુલક્ષીને તેમજ Heat Wave ની સ્થિતિને પહોંચી વળવા જરૂરી આવશ્યક પગલાં લેવા માટે તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. જે અંતર્ગત રાજ્યના મતદાન કેન્દ્ર ખાતે પીવાનું પાણી, બેસવા માટે ખુરશીઓની સુવિધા, પૂરતા પ્રમાણમાં છાંયડો રહે તે માટે શેડની વ્યવસ્થા તથા શિશુ સંભાળ કેન્દ્ર સહિતની સુવિધા ઉભી કરવામાં આવશે.

વધુમાં, તમામ મતદાન કેન્દ્રો ખાતે મેડિકલ કિટ/ફર્સ્ટ એઈડ કિટ ઉપલબ્ધ હશે. જેમાં મતદારને અસામાન્ય સંજોગોમાં તાત્કાલિક સારવાર માટે જરૂરી દવાઓ અને ORSની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે. ઉપરાંત Sun Stroke થી અસરગ્રસ્ત વ્યક્તિને તાત્કાલિક સારવાર

અનુસંધાન પાના નં.૪ પર

લિંબાયતમાં સી.આર.પાટીલનો અંતિમ ઘડીનો પ્રચંડ પ્રચાર

નવસારી લોકસભામાં સી.આર.પાટીલનું શકિત પ્રદર્શન : સુરત લોકસભાના સાંસદ મુકેશ દલાલ પણ રેલીમાં જોડાયા : આજે પ્રચાર પ્રસાર થંભી જવાના પહેલા વધુમાં વધુ મત મળે તેના પ્રયાસો

(એજન્સી દ્વારા) ગાંધીનગર : ગુજરાત લોકસભાની ચૂંટણીને હવે ગણતરીના કલાકો બાકી છે,ત્યારે રાજકીય પાર્ટીના ઉમેદવારો અંતિમ ઘડીના પ્રચાર કરી રહ્યાં છે,આજે નવસારી લોકસભા સીટના ઉમેદવાર સી.આર.પાટીલની બાઈક રેલી યોજાઇ હતી,જેમાં ભાજપના મોટા નેતાઓ તેમજ કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.લિંબાયત નીલગીરી સર્કલથી આ રેલીની શરૂઆત થઇ હતી. લીંબાયત અને ઉધનામાં પાટીલની ભવ્ય રેલી આજે રાજયમાં લોકસભા

ચૂંટણી માટે પ્રચારનો અંતિમ દિવસ છે. ત્યારે ભાજપ પ્રદેશ અધ્યક્ષ અને નવસારી લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર સી.આર. પાટીલ ઝંઝાવાતી પ્રચાર કરી રહ્યા છે. સુરતના બે અલગ અલગ સ્થળ લિંબાયત અને ઉધના વિધાનસભા વિસ્તારમાં તેઓ આજે ભવ્ય બાઈક રેલી યોજી રહ્યાં છે. લિંબાયત સ્થિત નીલગીરી મેદાન ખાતે આ રેલીનું આયોજન કરાયું છે, જેમાં ચારેય વિધાનસભાના સભ્યો સહિત મોટી સંખ્યામાં કાર્યકરો જોડાશે. લિંબાયતમાં રેલી યોજ્યા બાદ સી.આર. પાટીલ ઉધના ખાતે ભવ્ય બાઈક રેલી યોજશે. અહીં પણ મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો અને આગેવાનો ઉપસ્થિત રહેશે.હર્ષ સંઘવીએ પોતાનો રથ રોકી વાહનચાલકોને જવા દીધા બીજી તરફ સુરતના મજુરા વિધાનસભામાં ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવીએ પણ બાઈક રેલી યોજી હતી. દરમિયાન, તેમણે વાહનચાલકોની મુશ્કેલી ધ્યાનેલીધી હતી. હર્ષ સંઘવીએ પોતાનો રથ રોકાવીને વાહન ચાલકોને જવા દીધા હતા. વાહન ચાલકો નિકળી ગયા

અનુસંધાન પાના નં.૪ પર

શાંતિપૂર્ણ મતદાન માટે પોલીસ કમિશ્નર દ્વારા ખાસ માઈક્રોપ્લાનિંગ

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : લોકસભા ચૂંટણીને લઈને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે શાંતિપૂર્ણ મતદાન થાય તે હેતુથી અમદાવાદ પોલીસ કમિશ્નર દ્વારા ખાસ માઈક્રોપ્લાનિંગ કરવામાં આવ્યું છે. મતદાનના દિવસે એટલે કે ૭ મેનારોજ અમદાવાદ શહેરના ૬ હજાર પોલીસ કર્મીઓ, અધિકારીઓ, ITBP, CISF, BSF, SRPF સહિતની ટુકડીઓ બંદોબસ્તમાં તૈનાત રહેશે.

અનુસંધાન પાના નં.૪ પર

ગાંધીનગર ખાતે મતદાન જાગૃતિ અર્થે રન ફોર વોટ રેલી યોજાઇ

ગાંધીનગરઃ લોકશાહીના મહાપર્વ એવી લોકસભા સમાન્ય ચૂંટણીના ઢોલ ઢબુકવા માંડયા છે. આ લોકશાહીના મહોત્સવને વધાવવા માટે મતદારો થનગની રહ્યા છે, ત્યારે મતદારોના ઉત્સાહ- ઉમંગને વધુ બળ આપવાના ઉમદા આશયથી આજે ગાંધીનગરના આંગણે રાજયના મુખ્ય નિર્વાચનની કચેરી અને ગાંધીનગર જિલ્લા ચૂંટણી તંત્રના સંયુક્ત ઉપક્રમે

રેલીને રાજયના મુખ્ય નિર્વાચિન અધિકારી શ્રીમતી પી.ભારતીએ લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવી

અનુસંધાન પાના નં.૪ પર

ચૂંટણી પ્રચારના અંતિમ દિને ઉમેદવારોએ પોતાના વિસ્તારમાં રોડ શો યોજ્યા

સાંજ થી ચૂંટણી પ્રચાર પડઘમ શાંત થશે : ઉમેદવારો હવે બુથ લેવલનું માઈક્રો પ્લાનિંગ અને વ્યૂહરચના ઘડવામાં વ્યસ્ત બન્યા

ગાંધીનગરઃ ગુજરાતની ૨૫ લોકસભા બેઠકો ની ચૂંટણી માટે આજે ચૂંટણી પ્રચારનો અંતિમ દિન હોય તમામ બેઠકો પર ઉમેદવારોએ આજે પોતાના મતવિસ્તારમાં સવારમાં જ ભવ્ય રોડ શો યોજીને આજે લોક સંપર્ક કરતા જોવા મળ્યા હતા. ગુજરાતમાં ૨૫ લોકસભા બેઠકો પર આજે સાંજ થી ચૂંટણી પ્રચાર પડઘમ શાંત થઈ જશે. આજે ચૂંટણી પ્રચાર નો અંતિમ દિન હોય ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોએ પોતપોતાના મત વિસ્તારમાં સવારથી રોડ શો કર્યા હતા અને લોકસભા મત

અનુસંધાન પાના નં.૪ પર

મહાસંગ્રામ : બનાસકાંઠામાં કોણ બનશે બાહુબલી ? કોંગ્રેસ-આપની યુકિત ભાજપને કેટલી હંફાવશે?

રાજકોટ સાથે ગુજરાતની સૌથી હોટ સીટ મનાતી બનાસકાંઠા બેઠકમાં કાંટાની ટકકર

ગાધીધામ : ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનો જવર અંતિમ તબક્કા ભણી આવી પહોચંયો છે. મતદાનને આડે હવે ગણતરીનો સમય જ બાકી રહ્યો છે. ત્યારે ગુજરાતની સૌથી હોટટોપીક બેઠકો પૈકીની એક બનાસકાંઠાની સીટની છણાવટ કરવી રસપ્રદ અને માહીતી પ્રદ બની રહે તેમ છે.

બનાસકાંઠામાં કોણ બનશે બાહુબલી? કોંગ્રેસ અને આપનું ગઠબંધન ભાજપને અહીં કેટલુ ભારે પડી શકે છે? અહી ભાજપ દ્વારા ડો. રેખાબેન ચૌધરીને તો કોંગ્રેસે ગેનીબેન ઠાકોરને મેદાનમાં ઉતારેલા છે. રાજકીય તજજ્ઞોની વાત માનીએ તો અહી બનાસની બહેન ગેનીબેનનું સુત્ર કેટલુ ચાલશે? આ બેઠક ભાજપ માટે સૌથી જોખમી બેઠક બની જવા પામી છે અને તેનો ખ્યાલ વડાપ્રધાનશ્રીએ કરેલી ચૂંટણીઓ સભાઓમાંથી અહી કરેલી જાહેરસભા પરથી જ આવી જવા પામી રહ્યો છે. ભારતીય જનતા પાર્ટીએ અહી ડો. રેખાબેનને મેદાનમાં ઉતારી શતરંજની ચાલ ચાલી છે તો કોંગ્રેસ દ્વારા ગેનીબેનને બાજી મારવા માટે ઉતારવામા આવ્યા છે. વિશ્લેષકો કહી રહ્યા છે કે, બનાસકાઠામાં ભાજપ માટે કપરા ચઢાણ લાગી રહ્યા છે. કારણ કે, વિશ્લેષકો કહી રહ્યા છે કે, રેખાબેનની સરખામણીએ ગેનીબેન

આકમક છે, બનાસની બહેન ગેનીબેથી સહાનુભુતી વધી રહી છે. વાવના ધારાસભ્ય હોવાથી વ્યાપક સર્થન મળી રહ્યું છે. ૨૮ વર્ષથી રાજકારણમાં સક્રીય છે, બનાસકાંઠામાં ઠાકોર મતદારો પાંચ લાખ છે. જયારે કે ચોધરી સમુદાયના મતદારો બે લાખ આસપાસ છે. કોંગ્રેસને દલિત અને મુસ્લીમના મતો મળી જાય તો ગેનીબેન ભાજપના ઉમેદવાર પર ભારી પડી શકે તેમ છે. કોંગ્રેસના દ્વીતીય હરોળના નેતાઓ એઅક સંપ થઈને ગેનીબેનનો વિજય સુનિયોજીત કરવા પણ મથી રહ્યા છે. આ ઉપરાંત કોંગ્રેસને વાવ દાતા અને દિયોદરમાં લીડની આશા છે. જયારે ભાજપને ડીસા થરાદ અને પાલનપુરમાં લીડની આશા બનેલી છે. ધાનેરાના ધારાસભ્ય અપક્ષ તરીકે ચુટાયેલા જેના લીધે ભાજપનુ સમીકરણ ખોરવાઈ શકે છે. પણ જો ૨૦૧૪ અને ૨૦૧૯ની પેર્ટનથી મતદાન થાય તો અહી ભાજપનો વિજય નીશ્ચીત મનાય છે. અને જો ૨૦૦૪ અને ૨૦૦૯ની પેટર્નથી મતદાન થાય તો કોંગ્રેસનો વિજય અહી વધુ ચોકકસ મનાય છે. તો વળી અહી ભાજપના મોટા નેતાઓ તથા ડેરીના નેટવર્કનો ફાયદો રેખાબેનને મળી શકે છે. જો કે મતદારો કોને વિજય નિશ્ચિત કરે છે તેના પર સોની નજર મંડરાયેલી છે

વડાપ્રધાનના સ્વાગતને લઇને અયોધ્યાવાસીઓમાં થનગનાટઃ પ્રવેશથી લઇને મંદિર પરિસરમાં ફુલોની સજાવટ

(એજન્સી દ્વારા) નવી દીલ્હી :અયોધ્યા રામમંદિરની પ્રાણ પ્રતિષ્ઠા બાદ ત્રીજી વખત પીએમ મોદી રામલલ્લાના દર્શને જઇ રહ્યા છે. તેઓ આજે સાંજે અયોધ્યા પહોંચશે. જેને લઇને અયોધ્યામાં કડક બંદોબસ્ત ખડકી દેવાયો છે. સુરક્ષા સઘન કરવામાં આવી રહી છે. ત્યારે આ અંગે મંદિરના મુખ્ય પૂજારીનું શું કહેવુ છે આવો જાણીએ.

આ પ્રસંગે મુખ્ય પૂજારીએ વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન આવી રહ્યા છે તે ખૂબ જ સારી વાત છે. હાલ દેશમાં ચૂંટણીનો માહોલ પણ છે. તેઓ રોડ શો કરશે અને રામલલ્લાના દર્શન કરશે. રામલલ્લાની કૃપા બની રહે અને તેઓ જે ઉદ્દેશ્યથી અહીં આવી રહ્યા છે

તેની મનોકામના પૂર્ણ થાય. રોડ શોજે ઉદ્દેશ્યથી કરવાના છે તેની પૂર્તિ થાય. મુખ્ય પૂજારીનું કહેવુ છે કે પીએમ મોદી પહેલા રામલલ્લાના દર્શન કરશે અને ત્યારબાદ તેઓ રોડ શો કરશે. લોકસભા ચૂંટણી વચ્ચે પીએમ મોદી પહેલીવાર અયોધ્યા જઇ રહ્યા છે. આ પ્રસંગે અયોધ્યામાં જોરશોરથી તૈયારીઓ ચાલી રહી છે. તૈયારીઓ વિશે માહિતી આપતાં મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસે કહ્યું કે પીએમની અયોધ્યા મુલાકાત નિમિત્તે મુખ્ય દ્વારથી લઈને ગર્ભગૃહ સુધી સજાવટ કરવામાં આવી છે. માહિતી આપતાં તેમણે જણાવ્યું કે રોડ શો સુગ્રીવ કિલ્લાથી શરૂ થશે અને લતા ચોક સુધી જશે. પૂજારીએ કહ્યું કે પીએમ અહીં અમારા ઉમેદવાર લલ્લુ સિંહની તરફેણમાં રોડ શો કરવા આવી

અનુસંધાન પાના નં.૪ પર

તિકડમ !
- દેવેન વ્યાસ

ચૂંટણી પર્વમાં "ગુપ્ત મતદાન" એ પણ "મહાદાન" છે, માટે મતદાન કરી દાનેશ્વરી બનજે.

કોંગ્રેસે ઓરિસ્સાના પુરી લોકસભા બેઠક પરથી જય નારાયણ પટનાયકને ઉમેદવાર બનાવ્યા

(એજન્સી દ્વારા) ગાંધીનગર :કોંગ્રેસ પાર્ટીએ હવે સુચરિતા મોહંતીના સ્થાને જય નારાયણ પટનાયકને ઓડિશાની પુરી લોકસભા સીટ પરથી પોતાના ઉમેદવાર જાહેર કર્યા છે. ભાજપના નેતા સંબિત પાત્રાનો સામનો જય નારાયણ પટનાયક સામે છે. સંબિત પાત્રાએ ગત વખતે પણ આ બેઠક પરથી ચૂંટણી લડી હતી. પરંતુ બીજેડી ઉમેદવાર પિનાકી મિશ્રાના હાથે તેમને હારનો સામનો કરવો પડ્યો હતો.કોંગ્રેસના પૂર્વ સાંસદ બ્રજમોહન મોહંતીની પુત્રી સુચરિતા મોહંતીએ શુક્રવારે કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલને એક ઈમેલ મોકલીને દાવો કર્યો હતો કે પુરી લોકસભા મતવિસ્તારમાં તેમના પ્રચાર પર ખરાબ અસર પડી છે કારણ કે પાર્ટીએ આર્થિક મદદ કરવાનો ઈનકાર કર્યો છે. તેમણે આરોપ લગાવ્યો કે કોંગ્રેસના ઓડિશા પ્રભારી અજય કુમારે સ્પષ્ટપણે તેમને પોતાના સંસાધનોની મદદથી ચૂંટણી લડવા માટે કહ્યું છે સુચરિતાએ કહ્યું કે હું એક પત્રકાર હતી અને ૧૦ વર્ષ પહેલા રાજકારણમાં આવી હતી. પુરીમાં પ્રચારમાં મેં મારું સર્વસ્વ આપ્યું. મેં પ્રગતિશીલ રાજનીતિ માટેના મારા અભિયાનના સમર્થનમાં ભંડોળ એકત્ર કરવાની ઝુંબેશ ચલાવવાનો પણ પ્રયાસ કર્યો. પરંતુ હજુ સુધી બહુ સફળતા મળી નથી. મેં અંદાજિત ઝુંબેશ ખર્ચને ન્યૂનતમ રાખવા માટે પણ મારા શ્રેષ્ઠ પ્રયાસો કર્યા.

ચૂંટણી કાર્ડ સિવાય ૧૨ વૈકલ્પિક દસ્તાવેજ મતદાન કરવા માટે માન્ય રહેશે

ગાંધીનગર :આગામી તા. ૭ મે નાં રોજ યોજાનાર ચૂંટણીને લઈ વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. ત્યારે કોઈ પણ વ્યક્તિ મતદાનથી વંચિત ન રહી જાય તે માટે વહીવટી તંત્ર દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવી છે.લોકસભા સામાન્ય ચૂંટણીમાં કોઈપણ મતદાર મતદાનથી વંચિત ન રહી જાય તે માટે ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. મહિલાઓ, પુરૂષો, યુવાનો, વયોવૃદ્ધ, દિવ્યાંગો અને થર્ડ જેન્ડર મતદારો વગેરે તમામ લોકો મતદાન કરી શકે તે માટે પ્રચાર-પ્રસાર કરવામાં આવી રહ્યો છે. મતદાનના દિવસે કોઈ પણ મતદારને મતદાન કરવામાં મુશ્કેલી ન પડે તે માટે પણ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જરુરી વ્યવસ્થાઓ પણ ઉભી કરવામાં આવી રહી છે.જે અનુસંધાને તા.૦૭,મે ના રોજ મતદાનના દિવસે સવારના ૦૭.૦૦ કલાક થી સાંજના ૦૬.૦૦ કલાક સુધી મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે.મતદાતાએ આ માટે યોગ્ય પુરાવો સાથે રાખવાનો રહેશે.ચૂંટણી તંત્ર દ્વારા આપવામાં આવેલી મતદાર કાપલી એ ફક્ત માહિતી માટે છે, મતદાન કરવા માટે પુરાવા તરીકે માન્ય રહેશે નહિ. મતદાનના દિવસે મતદારો ઓળખના પુરાવા તરીકે ચૂંટણી કાર્ડ ઉપરાંત આધારકાર્ડ, મનરેગા હેઠળ આપવામાં આવતા જોબ કાર્ડ, બેંક કે પોસ્ટ ઓફિસ તરફથી આપવામાં આવતી ફોટોગ્રાફ સાથેની પાસબુક, શ્રમ મંત્રાલયની યોજના અન્વયે આપવામાં આવેલ હેલ્થ ઈન્સ્યોરન્સ સ્માર્ટ કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, એનપીઆર અન્વયે આરજીઆઈ દ્વારા આપવામાં આવતા સ્માર્ટ કાર્ડ,ભારતીય પાસપોર્ટ ,ફોટોગ્રાફ સાથેના પેન્શન ડોકયુમેન્ટ, કેન્દ્ર કે રાજ્ય સરકાર અથવા જાહેર ક્ષેત્ર

અનુસંધાન પાના નં.૪ પર

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર ભયંકર માર્ગ અકસ્માત

સીકર જિલ્લાના એક જ પરિવારના છ લોકોના ઘટના સ્થળે મોત : ૨ બાળકો ગંભીર

નવી દિલ્હીઃ રવિવારની સવારે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પરથી એક દર્દનાક અકસ્માતમાં સમાચાર સામે આવી રહ્યા છે. વાત જાણે એમ છે કે, અહીં એક અકસ્માતમાં ૬ લોકોના કમકમાટીભર્યા મોત થયા છે. સવાઈ માધોપુર જિલ્લાના બૌનલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રણથંભોર સ્થિત ત્રિનેત્ર ગણેશજીના દર્શન કરવા જઈ રહેલા ભક્તોની કારને કોઈ અજાણ્યા વાહને ટક્કર મારી હતી. જેના કારણે કારમાં સવાર છ લોકોના ઘટના સ્થળે જ દર્દનાક મોત થયા હતા. અકસ્માતની માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને ત્યાંની પરિસ્થિતિ જોઈને તેઓ પણ સ્તબ્ધ થઈ ગયા. પોલીસે મૃતદેહોને સ્થાનિક હોસ્પિટલના શબઘરમાંરાખ્યા છે. આ ઘટનાની વિગત એવી છે કે, આજે એટલે કે રવિવારે સવારે લગભગ ૭ વાગે આ દર્દનાક અકસ્માત થયો હતો. એક પરિવાર રણથંભોર સ્થિત ત્રિનેત્ર ગણેશજીના દર્શન કરવા કારમાં જઈ રહ્યો હતો.

કચ્છ, કચ્છીયત અને કચ્છીભાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ચૈત્ર વદ - ૧૨, તા.૦૫ મે, રવિવાર

તંત્રી સ્થાનેથી....

આ છે મિત્રતા..!

જ્યારે પણ ભારતને કાઈ પણ મુશ્કેલીમાં મિત્રની જરૂર પડી છે ત્યારે રશીયા સોથી પહેલા આગળ અવ્યું છે.સસ્તા તેલની વાત કરીએ તો રશીયા છેલ્લા બે વરસથી ભારતને સતત સમર્થન આપી રહ્યું છે. જો કે થોડા સમય માટે ભારતના ઓઈલ બાસ્કેટમા રશિયન ઓઈલનો હિસ્સો ઘટયો હતો. પરંતુ એપ્રીલ મહીનામા આતંરરાષ્ટ્રીય બજારમાં તેલ મોંઘુ થવાને કારણે ભારતમાં ફરી રશિયન તેલની આવક ઘટીને ૪૦ ટકા થઈ ગઈ હતી. ખાસ વાત એ છે કે એપ્રીલ મહીનામાં મધ્યપૂર્વના દેશોમાથી અમેરીકાને થતી સપ્લાયમાં નોધપાત્ર ઘટાડો થયો છે. વાસ્તાવમાં ક્રુડ ઓઈલની ખરીદીની સરેરાશ કિંમત ઘટાડવા માટે ભારતીય રિફાઈનરીઓએ રશીયા પાસેથી પુરવઠો વધારવો પડયો હતો. કેટલુ રશિયન તેલ લીધું છે તેની વાત કરીએ તો એનર્જી કાર્ગો ટ્રેડકર વોર્ટેકસા અનુસાર રશીયાએ ભારતીય ક્રુડની આયાતમાં તેનો હિસ્સો માર્ચમાં ૩૦ ટકા વધારીને એપ્રીલમાં લગભગ ૪૦ ટકા કર્યો છે. જો કે ગયા વસરે જુલાઈમાં આ આંકો તેના જીવનકાળમાં ઉચ્ચતમ ૪૨ ટકાથી નીચે છે. ભારતીય રીફાઈનર્સે એપ્રીલમાં રશીયા પાસેથી ૧.૭૮મિલિયન બેરલ પ્રતિ દીવસ ક્રુડ ઓઈલની આયાત કરી હતી. જે માર્ચ કરતા ૧૯ ટકા વધુ છે. ખાસ વાત આ બધાયની વચ્ચે એ જ છે કે એપ્રીલમાં રશીયાએ ભારતને ઈરાક, સાઉદી અને સંયુકત આરબ અમિરાત કરતા વધુ તેલ સપ્લાય કર્યુ હતુ અને એટલે જ કહેવુ પડે કે આને કહેવાય મિત્રતા.

ટ્રક ઓનર્સ તથા ટ્રાન્સપોર્ટ એસોસિએશન દ્વારા સંયુક્ત ડ્રો અગાઉની જેમ જ ચાલશે : નવઘણ આહિર

ટ્રક માલિકોના એક જૂથ દ્વારા વરાયેલા ટ્રક ઓનર્સ એસો.ના પ્રમુખે પોતાના પર થયેલા આક્ષેપોને ગણાવ્યા બેબૂનિયાદ : ગત સાત વર્ષની ટર્મમાં ટ્રક માલિકોના હિતાર્થે અનેકવિધ કામો થયાની આપી વિગત

અંજાર : છેલ્લા દસ દિવસથી કચ્છ જિલ્લા ટ્રક ઓનર્સમાં વિવાદ ચાલી રહ્યો છે. ત્યારે નવઘણભાઈ વાસણભાઈ આહિરે જણાવ્યું હતું કે, હું પ્રમુખ થયા પછી મારી બીજી ટર્મ હતી અને બંને વખત સર્વસંમતિથી પ્રમુખ થયેલ હતો. બીજી વખત જ્યારે મારી મુદત પૂરી થઈ ત્યારે કારોબારી સમિતિમાં મેં રાજીનામું આપેલ અને હવે પછી ફરીથી પ્રમુખ થવાની ઈચ્છા નથી તેમ જણાવેલ પરંતુ છેલ્લી મિટિંગમાં કારોબારી તથા ઘણા અગ્રણીઓની હાજરી હતી લગભગ ૨૦૦ જણ હાજર હતા. જે આ ધંધા સાથે જોડાયેલ સ્વયંભુ હાજર રહેલ અને બધાએ મારા પર વિશ્વાસ મૂકી ફરી ત્રણ વર્ષ માટે પ્રમુખ થવા આગ્રહ કરેલ પરંતુ જાહેરાત બાકી રાખેલ અને બંધારણ મુજબ જનરલ સભામાં જાહેર કરીશું તેમ જણાવેલ હતુ. જનરલસભા જ ગણાય અને જનરલ સભામાં ડખા સિવાય કંઈ થશે નહીં, પરંતુ અમુક સભ્યો જનરલ સભાનો આગ્રહ રાખતા સાંજના જનરલસભા તારીખ ૨૫-૪ના કુકમા ખાતે આયોજન થયું જેમાં મારી તરફ ૯૦ ટકા ટ્રક માલિકો હતા. જે આપ ત્યાંથી થયેલ વાયરલ વિડીયો દ્વારા જાણી શકો છો તેની તરફ માત્ર ૧૦ ટકા હતા જેમાં પણ ટ્રક માલિકો ન હતા ત્રણ લક્ઝરી બસ દ્વારા ગમે તે માણસોને લઈ આવેલ હવે જ્યારે અમારી પાસે ૯૦ ટકા જણ હોય તો અમારે ડખો કરવાની જરૂર શું હોય સામે પક્ષે તેઓ માહોલ જોઈને પ્રવચન કરવા ઉભો થયો તે સાથે જ મારા હાથમાંથી માઈક ઝડપવાની શરૂઆત ધારાસભ્યે કરી સામે પક્ષે આટલી પબ્લિક જોઈને જ એમને એમ થયું કે હારી જશું તો ઈજ્જત જશે એના કરતાં ડખો કરીને ભાગી જઈએ અને બહાર આવીને પોતાની રીતે પોતાનો અલગ પ્રમુખ થયેલ છે તેવી જાહેરાત કરી દીધી આવી રીતે મીટીંગ છોડીને પછી ઘરે જઈને કંઈ થોડું પ્રમુખ થવાય આ તો થઈ મિટિંગની વાત હતી.

નવઘણભાઈએ વધુમાં જણાવ્યું હતું કે, મારા કાર્યકાળ દરમિયાન વર્ષોથી ભાડાની ઓફિસમાં એસોસિએશનનું સંચાલન થતું હતું. પરંતુ મારા આવ્યા પછી માધાપર હાઈવે ઉપર ૫૦૦ વારના પ્લોટમાં કોર્પોરેટ ઓફિસ જેવી ઓફિસ બનાવી સાથે મોટો મીટીંગ હોલ ડ્રો માટેની અલગ ઓફિસ તથા પાર્કિંગ વગેરેની આધુનિક સુવિધાઓ સાથે ઓફિસનું નિર્માણ કર્યું, કુકમા મધ્યે સંસ્થાની માલિકીની ૧૦ એકર જમીન ખરીદી જે હાલે નવો રોડ બને છે તેમાં રોડ ઉપર છે, માતાનામઢ માઈન્સની બહાર ૧૦ એકર જમીન ગાડીના પાર્કિંગ માટે ડ્રાઈવર - કંડકટરને ન્હાવા -ધોવાની સગવડ સાથે ડબ્બા માટે ઓફિસ સિક્યુરિટી કેબિન સહિતની સગવડ સાથે બનાવવામાં આવી, દરેક ટ્રક ડ્રાઈવરને પાંચ લાખનો વીમો સંસ્થા દ્વારા આપવામાં આવ્યો, અલગ અલગ ટાઈમે ટ્રક માલિક તથા ડ્રાઈવર કંડકટર માટે આંખ તથા બોડી ચેકઅપ કેમ્પ તથા આરટીઓના કેમ્પ કરવામાં આવ્યા, દુકાળમાં ગાયો માટે લગભગ રૂપિયા દસ લાખ જેવો ફંડ ગૌશાળાને આપ્યુ,

સંસ્થાનો વિકાસ સર્વે ટ્રક ટ્રાન્સપોર્ટ માલિકોના સહકારથી કરવામાં આવ્યો સાથે સાથે સંલગ્ન સંસ્થા જેવી કે કચ્છ જિલ્લા ટ્રાન્સપોર્ટ ઓપરેટર એસોસિએશન તથા જીએમડીસી સાથે તાલમેલ કરી ક્યારેય સંઘર્ષ કરવો પડ્યો નથી બંને સંસ્થા દ્વારા પૂરો સાથ સહકાર મળેલ છે.

વધુમાં તેમણે છેલ્લા ૧૦ દિવસથી વિવાદ ચાલે છે તેમાં ઘણા લોકોના સ્ટેટમેન્ટ મારા વિરુદ્ધ આવે છે. જેમા કહેવામાં આવ્યું કે ફોન નથી ઉપાડતા તો જો કોઈના ફોનના ઉપાડ્યા હોય તો ૯૦% બહુમતી એમ એમ ન મળી જાય. જેના ફોન ના ઉપાડ્યા હોય તેમણે કારણ પણ દર્શાવવું પડે કે મેં કયા કામ માટે ફોન કર્યા હતા.

કોઈ માણસ ખોટા કામ માટે પ્રેશર કરતા હોય તો તેમના ફોન મેં ઉપાડ્યા નથી તે હું કબુલ કરૂ છું આ સિવાય એક આક્ષેપ એવો પણ થયો કે જનરલ મીટીંગ બોલાવતા નથી તો આ જનરલ મીટીંગ બોલાવીને જોઈ લીધું કે જનરલ મીટીંગ બોલાવવાથી શું થાય છે.

વધુમાં મારો પર્સનલ કોઈ ખર્ચ સંસ્થા ઉપર નાખ્યો નથી. પારદર્શક હિસાબ ગમે ત્યારે રજૂ કરવા તૈયાર છું મારી કાયદેસર રીતે જનરલ સભામાં પ્રમુખ તરીકે વરણી થયેલ છે, છતાં પણ કોઈને હજી પણ એવું લાગતું હોય કે ખોટી રીતે પ્રમુખ થયેલ છે તો ગમે ત્યારે ગમે તે ચૂંટણી નિરીક્ષકને વચ્ચે રાખીને ચૂંટણી કરાવવા તૈયારી દાખવી હતી.

મારી કાયદેસર આટલા ટ્રક માલિકોની વચ્ચે વરણી થયેલ હોવા છતાં વિવાદ ઉભો કર્યો અને બે એસોસિએશન બનાવી નાના ટ્રક માલિકો જે ડબ્બા દ્વારા રોજીરોટી મેળવે છે તેના ધંધા ઉપર લાત મારવાની કોશિશ કરી તેમનો હેતુ ડ્રો બંધ કરવાનો જ હતો પરંતુ ડબ્બો ઉપડે તો ટ્રક માલિકો તેમનાથી વિમુક્ત થાય અને બાકી ડખો કરી તેમનો ઈરાદો એ જ હતો તેઓ બતાવવા માંગતા હતા કે તમોએ નવઘણભાઈને પ્રમુખ પદે બેસાડ્યા તો પણ ડબ્બો બચાવી શક્યા નહીં. ચૂંટાયેલ પ્રમુખ હોવા છતાં આવો ખરાબ ઈરાદો પાર ન પડે એ માટે નાના ગાડીવાળાનું હિત જોઈને હાલે જે વચ્ચેનો રસ્તો ટ્રાન્સપોર્ટ ઓપરેટર દ્વારા કાઢવામાં આવ્યો છે તેને મેં ટેકો આપ્યો છે અને તેઓએ પોતાની રેગડી રાખવા માટે આવો ખેલ નાખ્યો છે બાકી ટ્રક ઓનર્સ તથા ટ્રાન્સપોર્ટ એસોસિએશન દ્વારા સંયુક્ત ડ્રો પહેલેથી જ ચાલતો હતો અને ચાલતો રહેશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

મતદાન મથકની ૧૦૦ મીટર ત્રિજ્યા વિસ્તાર તેમજ મતદાન મથકમાં ઈલેકટ્રોનિક ઉપકરણો ઉપર પ્રતિબંધ

ભુજ : લોકસભા સામાન્ય ચૂંટણી અનુલક્ષીને આદર્શ આચારસંહિતા અમલમાં આવેલી છે અને કચ્છમાં તા. ૭મીના મતદાન થનાર છે. ચૂંટણીની કામગીરી તા.૬-૬ સુધી ચાલશે. ભારતના ચૂંટણી પંચે, મતદાનના દિવસે મતદાન બૂથની આસપાસ તથા મત ગણતરીના દિવસે મત ગણતરી કેન્દ્ર ખાતે નિવારક પગલાં લેવા બાબતે જરૂરી સૂચનાઓ આપેલી છે. જિલ્લા મેજિસ્ટ્રેટ અમિત અરોરા દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ - ૧૯૭૩ની કલમ-૧૪૪થી સમગ્ર કચ્છમાં મતદાનના દિવસે ૭મી મેના મતદાન મથકમાં કે મતદાન મથકની ૧૦૦મી ત્રિજ્યામાં કોઈ પણ વ્યક્તિ સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ વિગેરે લઈને જઈ શકશે નહીં કે ઉપયોગ કરી શકશે નહીં. કે વાયરલેસ ડીવાઈસીસ જેવા કે બ્લુ ટૂથ, પેન કેમેરા, મોબાઈલ કે ઈન્ટરનેટ સાથે કનેક્ટેડ ઉપકરણો કે અન્ય કોઈ પણ ઈલેકટ્રોનિક સાધનો લઈ જઈ શકશે નહીં. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિના ચાર્જમાં હોય તેવા અધિકારીઓ અને ફરજ પર મુકેલા સલામતી માટેના કર્મચારીઓ તથા અધિકૃત કરેલ ચૂંટણી ફરજ પરના અધિકારી / કર્મચારીઓ. કોઈ રાજકીય પક્ષ / ઉમેદવાર કે આવા કોઈ વ્યક્તિ દ્વારા નિયમોનો ભંગ કરવામાં આવશે તો ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાપાત્ર કાર્યવાહીને પાત્ર ઠરશે. જાહેરનામાનો ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ -૧૮૮ અન્વયે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાના, જાહેરનામાના પાલન કરવાના, અને તપાસના અંતે ચાર્જશીટ રજૂ કરવાના અધિકાર જિલ્લાના પોલિસ અધિકારીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરના કર્મચારીઓને રહેશે.

લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત શેરી નાટકો દ્વારા મતદાન જાગૃતિ

ભુજ : લોકસભા ચૂંટણી અંતર્ગત જિલ્લામાં મતદાન જાગૃતિ બાબતે વિવિધ પ્રવૃત્તિઓ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અમિત અરોરા અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દેસાઈના માર્ગદર્શન હેઠળ થઈ રહી છે. ત્યારે ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના કચ્છ વિભાગ દ્વારા નાટક મંડળીઓના માધ્યમથી તમામ વિધાનસભા મત વિસ્તારોમાં શેરી નાટકોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાટક મંડળીઓ દ્વારા મતદારોની વચ્ચે જઈને મતદાન જાગૃતિનો સંદેશ વહેતો કરવામાં આવ્યો હતો.

કચ્છમાં મતદાનની ટકાવારી વધે હેતુસર મતદાન જાગૃતિ વિષયક વિવિધ પ્રવૃત્તિઓ સ્વીપ હેઠળ થઈ રહી છે ત્યારે મતદાન જાગૃતિ અંતર્ગત શેરી નાટકોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માંડવી, કેરા, અંજાર આઈટીઆઈ, નર્સિંગ કોલેજ મેઘપર બોરીચી, ભુજમાં એન્જિનિયરીંગ કોલેજ જેવા સ્થળોએ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળો મતદાર વર્ગ નાટકોને નિહાળવા એકઠો થયો હતો.

કાર્યક્રમના આયોજનમાં કચ્છ ઝોનના કમલેશભાઈ મહેશ્વરી અને તેમની ટીમ દ્વારા નાટકો રજૂ કરવામાં આવ્યા હતા. જિલ્લા નોડલ અને જિલ્લા વિકાસ અધિકારી એસ.કે. પ્રજાપતિ, બી.એમ. વાઘેલા, શિવુભા ભાટી, જી.જી.નાકર અને તેમની ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

અમુક ફિલ્મી હસ્તિઓ ગમે તે પક્ષમાંથી ચૂંટણી લડે જીત નિશ્ચિત

અમુક પાર્ટીઓ ફિલ્મ સીરીયલના સિતારાઓને ટીકીટ ફાળવાય

ભુજ : લોકસભાની ચૂંટણીનો ત્રીજો તબક્કાનો મતદાન ૭મી મેના ગુજરાત ભરમાં થવાનું છે, ત્યારે ખાસ તો બે મોટી પાર્ટીના ઉમેદવારો પ્રચાર - પ્રસારમાં વ્યસ્ત થઈ ગયા છે. આમ તો લોકસભાની ચૂંટણી ૭ તબક્કામાં દેશના અલગ અલગ રાજયમાં યોજાવાની છે, ત્યારે અમુક જાણિતા ફિલ્મી - સીરીયલના ચહેરાઓ બધા લોકો એમને ખુબ પ્રેમ આપે છે.

આવો તો વાત કરીએ ૭મી મેના રોજ ગુજરાતભરમાં થનારા મતદાન વિશે અમુક ફિલ્મી સીરીયલના ચહેરાઓ એટલા ખ્યાતિ પ્રાપ્ત હતો કે, એમને ગમે તે પક્ષમાંથી ચૂંટણી લડાવો તેઓ અચુક જીતી આવે છે. આવા બે ચહેરામાંથી એક ચહેરો દિપિકા ચિખલિયાનો તેમણે રામલીંદ સાગરની રામાયણ સીરીયલમાં સીતાનું પાત્ર બખુબી ભજવ્યો હતો. દેશની સાથે વિદેશોમાં આ સીરીયલ રહેલા લોકો તેમને સાક્ષાત સીતામાંની ઉપાધી આપી હતી. તેમણે ૧૯૯૧થી ૧૯૯૬માં ભાજપની ટીકીટ ઉપરથી વડોદરાથી લોકસભાની ચૂંટણી લડ્યા અને જીત્યા હતા. રાજકીય કાર્યકાળ પુરો થયા બાદ તેણીએ રાજકારણના ત્યાગ કર્યો અને મુંબઈના એક બિઝનેશ મેન સાથે લગ્ન કરી લધા. આવા જ આપણા અન્ય ગુજરાતી એકટર ગુજરાતી ફિલ્મમાં પ્રથમ સુપર સ્ટાફર ઉપેન્દ્ર ત્રિવેદના ભાઈ અરવિંદ ત્રિવેદીએ રામાયણ સિરીયલમાં રાવણની ભૂમિકા ભજવી હતી. તેમણે ભજવેલો પાત્ર આજે પણ લોકોના હૈયામાં છે. આમ તેમની પોલીટીક્લ શરૂઆત ૧૯૯૧માં ભાજપના સાંસદ બન્યા અને લોકસભામાં પ્રવેશ કર્યો હતો. આના સિવાય રામાયણ, મહાભારતના કલાકારો અન્ય કલાકારો પણ લોકસભાના સાંસદ બન્યા હતા. આવા અનેક કલાકારો છે, જેમણે પક્ષ ગમે તે હોય તેઓ જે પક્ષમાંથી ચૂંટણી લડે તો અવશ્ય તે પક્ષની સાથે તેમની જીત નિશ્ચિત હોય છે.

આ અજાણી વ્યક્તિને ઓળખતા હોય તો પોલીસને કરો જાણ

ગાંધીધામ : શહેરના ઝંડા ચોક સોનલ ડેરીની સામે ૩ મેના અજાણ્યા ૫૦ વર્ષિય પુરૂષ બેભાન મળી આવતા રામબાગ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જયાં તબીબે મૃત જાહેર કરતાં દેહને હોસ્પિટલના કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવ્યો છે. જે કોઈ વ્યક્તિ અજાણી લાશના વાલી વારસા કે નામ - સરનામાની વિગતો જાણતા હોય તેઓએ એ ડિવિઝન પોલીસ નંબર ૬૩૫૮૬ ૨૬૮૪૦ અને મોબાઈલ નંબર ૯૯૨૫૦ ૦૬૫૬૦ પર જાણ કરી માહિતી આપવા એ ડિવિઝન પીએસઆઈ એમ.એચ. જાડેજા દ્વારા અપીલ કરાઈ છે.

લાલન કોલેજ નજીક બાવળોમાં આગ લાગી

ભુજમાં લાલન કોલેજથી આગળ ઓનેસ્ટ હોટલની બાજુમાં પીજીવીસીએલની વીજ ડીપીમાં શોર્ટ સર્કિટ થવાથી નજીકમાં ખુલ્લા પ્લોટમાં રહેલા બાવળોમાં આગ લાગી હતી. કચરાના ઢગલા હોવાથી આગ વિકરાળ બની હત. ફાયર બ્રિગેડને જાણ કરાતાં ટીમે સ્થળ પર પહોંચીને આગ પર કાબૂ મેળવ્યો હતો. રફીક ખલીફા, કમલેશ મતિયા, કરણ જોશી, રવિરાજ ગઢવી સહિતના જોડાયા હતા.

ભુજમાં ગેરકાયદે રાખેલી બંદુક સાથે આધેડની અટકાયત

ભુજ : લોકસભા ચૂંટણી અન્વયે ભુજમાં કલેકટરની મંજૂરી વગર ગેરકાયદે રીતે લાયસન્સ વાળી ૧૨ બોર બંદુક રાખનાર આધેડની અટકાયત કરવામાં આવી હતી. એસઓજી પીઆઈ વી.વી. ભોલાના માર્ગદર્શનમાં પીએસઆઈ પી.પી. ગોહિલ પેટ્રોલિંગમાં હતા, ત્યારે એએસઆઈ નરેન્દ્રસિંહ જાડેજાને મળેલી બાતમીના આધારે તપાસ કરતાં ખારસરા ગ્રાઉન્ડ પાસે આવેલ અમીનગરમાં રહેતા હુસેન સુલેમાન પલેજા પાસે બંદુક મળી આવી હતી. જો કે, મંજૂરી મેળવેલી ન હતી, જેથી ૨૫ હજારની બંદુક કબ્જે કરી એ ડિવિઝનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ કામગીરીમાં જોરાવરસિંહ જાડેજા અને માણેકભાઈ ગઢવી પણ જોડાયા હતા.

મુધાનની પવનચક્કીમાંથી ૭૦ હજારનો કેબલ ચોરાયો

ભુજ : લખપત તાલુકાના મુધાન ગામની સીમમાં પવનચક્કી નંબર એસઆરકે ૪૯ અને એસઆરકે ૦૭૫/૫૨ માંથી ચોરી થઈ હતી. કોઈ ચોર અજાણ્યા ઈસમે પવનચક્કીની કેબીનના દરવાજાના તાળા તોડી ટાવરમાં લાગેલા ૯૫૦ મીટર કોપર વાયર અને ૫૦ મીટર અર્થિંગ વાયર મળી ૭૦ હજારના વાયરની ચોરી કરી હતી. ધારદાર હથિયાર વડે કોપર વાયર કાપી ચોરી જવાયો હતો. દયાપર પોલીસે ગુનો દાખલ કર્યો છે.

અદાલતમાં જુબાની આપવાના મનદુઃખે કનૈયાબેના શખ્સને ધમકી

ભુજ : પદ્ધર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના કામે કેસ અદાલતમાં જતા નામાદાર બીજા અધિક સીવીલ જજ અને જંયુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં સાક્ષી તરીકે જુબાની

આપવાના મનદુઃખે આલીશા કાસમશા રાઘવાણી (શેખ)ને ગામના મામદશા ઈસ્માઈલશા શેખે જાનથી મારી નાખવાની ધમકી આપતા પદ્ધર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ભુજમાં ગૌમાંસની હેરાફેરી કરતો માધાપરનો યુવક ઝડપાયો

ભુજ : શહેરમાં હંગામી આવાસના છેવાડે ક્રિકેટ ગ્રાઉન્ડ પાસે કાચા રસ્તા પર વોચમાં રહેલી બી ડિવિઝન પોલીસે ગૌમાંસ સાથે માધાપરના યુવાનને ઝડપી લીધો હતો. સોનાપુરી જુનાવાસ માધાપરમાં રહેતા ગફુર ઉર્ફે ભુરો અદ્રેમાન સમાએ ગાય અથવા ગૌવંશની કતલ કરી, કતલ થયેલ ગૌવંશનું માંસ વેચાણ કરવા માટે નિકળ્યો હતો. તેની એક્ટિવા નંબર જી.જે. ૧૨ એચ.બી ૦૬૭૭માં ગૌમાંસ મળી આવ્યું હતું. જેથી એક્ટિવા સહિત ગૌમાંસ કબ્જે કરી આરોપી સામે પશુક્રૂરતા અધિનિયમ સહિતની કલમો તળે ગુનો દાખલ કરાયો છે. આરોપીએ ગૌવંશનું કતલ કરી હિન્દુ ધર્મની લાગણી દુભાવી હતી.

ગાંધીધામમાં દારૂડિયા પતિએ મારકુટ કરતાં પત્નીએ પોલીસની મદદ લીધી

ગાંધીધામ : શહેરના મણિનગર ઝુપડપટ્ટી વિસ્તારમાં રહેતી પરિણીતાને મારકુટ કરવામાં આવતા પત્નીએ ફરિયાદ નોંધાવી હતી. વંદનાબેને મહિલા પોલીસમાં તેના પતિ અરવિંદભાઈ સામતભાઈ મકવાણા, સાસુ મઘીબેન અને નણંદ આશાબેન મગનભાઈ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે ઘરની નાની નાની બાબતોમાં ત્રાસ આપી અવાર નવાર પતિ દારૂ પીને ઘરે આવી મારકુટ કરતો તેમજ પત્નીને ઘરમાંથી કાઢી મુકી હતી. તેમજ જો ફરિયાદી સાસરે પરત જાય તો પતિ આપઘાત કરી લેશે તેવી ધમકી આપી ત્રાસ આપતા ગુનો દાખલ કરાયો છે.

કરારના વિશિષ્ટ પાલનનો દાવો મંજુર રાખતી ગાંધીધામની કોર્ટ

કોર્ટના મનાઈ હુકમના ભંગ બદલ પ્રતીવાદીને ૩ માસની સિવિલ જેલનો કોર્ટનો મહત્વનો ચુકાદો

ગાંધીધામ : કરારના વિશિષ્ટ પાલનનો દાવો ગાંધીધામની કોર્ટે મંજૂર રાખ્યો હતો. આ કેસની હકીકત એવી છે કે વાદી ખત્રી અયોડાઈઝ સોલ્ટ એન્ડ વર્કસ તેના ભાગીદાર શ્રી મોરારજીભાઈ ટટારીયા મારફતે શ્રી મહેન્દ્ર હર્ષદભાઈ ત્રિવેદી અને શ્રી રતીલાલ ઉતમચંદ મોરબીયા સામે પ્લોટ નં. ૩૩, સેક્ટર ૧૦/સી, ગાંધીધામ બાબતે કરારના વિશિષ્ટ પાલનનો દાવો દાખલ કરેલ. વાદીના વકીલ શ્રી વી. પી આલવાણીએ એવી રજૂઆત કરેલ કે શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ પોતાના પાવરદાર શ્રી રતિલાલ ઉતમચંદ મોરબીયા મારફતે રજીસ્ટર્ડ સેલ એગ્રીમેન્ટથી તે પ્લોટ વેંચવા વાદીને કરાર કરેલ છે. પ્રતિવાદીઓ વારંવાર રજૂઆત કર્યા છતાં કરારનો પાલન કરેલ નથી. વાદીએ તે દાવામાં પ્રતિવાદીઓ વિરુધ મનાઈ હુકમની અરજી રજુ કરી પ્રતિવાદીઓ તે પ્લોટ દાવાના આખરી નિકાલ સુધી તેનો વેંચાણ વિગેરે કરે નહી તેવી માંગણી કરેલ. નામદાર પ્રિન્સીપલ સિનિયર સિવિલ જજ, ગાંધીધામે શ્રી વી. પી આલવાણી ની દલીલો માન્ય રાખી બને પક્ષકારોને સાંભળ્યા બાદ દાવા વાળી મિલકતમાં આખરી નિકાલ સુધી યથાવતઃ સ્થિતિ જાળવી રાખવાનો મનાઈ હુકમ ફરમાવેલ. તે મનાઈ હુકમ હોવા છતાં શ્રી મહેન્દ્રભાઈએ ફરીથી શ્રી નારાણ રામજી પટેલ તેના પાવરદાર મારફતે તે મિલકત શ્રી અરવિંદ રામજી પટેલને વેંચાણ આપેલ. જેથી વાદીએ પોતાના વકીલ શ્રી વી. પી આલવાણી મારફતે બધા પ્રતિવાદીઓ વિ. કોર્ટના મનાઈ હુકમના ભંગ બદલ જેલની સજા કરવા અરજી દાખલ કરેલ. વાદીના વકીલ શ્રી વી. પી આલવાણીએ વિભિન્ન કોર્ટો ના ચુકાદાઓ રજુ કરી, એવી રજૂઆત કરેલ કે વાદીનો દાવો મંજુર કરી પ્રતિવાદીઓ વાદીની તરફેણમાં રજીસ્ટર્ડ સેલ ડીડ કરી આપે તથા શ્રી અરવિંદ પટેલની તરફેણ માં થયેલ દસ્તાવેજ રદ ફરમાવવા તથા પ્રતિવાદીઓને યોગ્ય સજા કરવા રજૂઆત કરેલ. નામદાર શ્રી બીજા અધિક સિનિયર સિવિલ જજ, ગાંધીધામે પક્ષકારોને સાંભળ્યા બાદ અને વાદીના વકીલ શ્રી વી. પી આલવાણીની દલીલ માન્ય રાખી વાદીનો દાવો અંશતઃ મંજુર કરેલ અને શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ શ્રી અરવિંદભાઈ રામજીભાઈ પટેલની તરફેણમાં કરી આપેલ સેલ ડીડને ઈલીગલ, નલ્લ અને વોઈડ ઠરાવી તે વેંચાણ દસ્તાવેજ ને કેન્સલ ઠરાવેલ અને શ્રી મહેન્દ્રભાઈને એવો હુકમ કરેલ કે વાદીને વેંચાણ કરવા માટે ટીનહ્યાલ પોર્ટ ઓથોરીટીથી પરવાનગી મેળવી તે પછી મહેન્દ્રભાઈએ કરાર મુજબ વાદીની તરફેણમાં વાદીના ખર્ચે રજીસ્ટર્ડ સેલ ડીડ કરી આપવા હુકમ ફરમાવેલ અને પ્રતિવાદીઓ તે મિલકતનો શાંત અને પ્રત્યક્ષ કબજો વાદીને સોંપી આપે. વધુમાં વાદીને દાવાનો જે ખર્ચો થયેલ તે પ્રતિવાદીઓને ભોગવવો. વધુમાં વાદીએ પ્રતિવાદી વિ. મનાઈ હુકમ ભંગની જે અરજી આપેલ તે પણ અંશતઃ મંજુર કરી પ્રતિવાદી નં. ૧ વાળા મહેન્દ્રભાઈને ૩ માસની સિવિલ જેલની સજા ફરમાવેલ. ઘણા સમય પછી મનાઈ હુકમ ભંગ બદલ કોર્ટે જેલની સજા ફરમાવેલ છે. આ કામે વાદી વતી એડવોકેટ શ્રી વી. પી આલવાણી, શ્રી વિશાલ કાનન, શ્રીમતી વર્ષા કાનન હાજર રહ્યા હતા.

પશ્ચિમ કચ્છ જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ મનીષ બારોટ પાસે ભુજના વિમલ કાંતિલાલ ખંડોલ ગુમ થયા હોવાનું તેમના પરિવારોએ જણાવતા જિલ્લા કમાન્ડન્ટની સૂચનાથી હોમગાર્ડ ઓફિસર કમાન્ડિંગને જાણ કરાતા ગ્રુપમાં ફોટો નાખી શોધ ખોળ કરતાં ભુજીયા ડુંગર રીંગરોડ ઉપરથી હોમગાર્ડ સભ્ય સંજય બી. પ્રજાપતિ, સુરજ ડી. પ્રજાપતિને યુવાન મળી આવતા તેમણે જાણ કરતા જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ દ્વારા તેઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા તેમજ આવી પ્રજા લક્ષી કામગીરી કરો તેવું જણાવ્યું હતું

ભુજ-દિલ્હી સરાય રોહિલા સ્પેશિયલ ટ્રેનમાં વધારાનો ફર્સ્ટ એસી કોચ ઉમેરાયો

ભુજ : મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા ભુજ-દિલ્હી સરાય રોહિલા સ્પેશિયલ ટ્રેનમાં એક વધારાનો ફર્સ્ટ એસી કોચ ઉમેરાયો છે. ભુજથી ૭ મે થી ૨૮ જૂન સુધી અને દિલ્હી સરાય રોહિલ્લાથી ૮ મે થી ૨૯ જૂન સુધી એક ફર્સ્ટ એસીનો અતિરિક્ત કોચ ઉમેરવામાં આવશે. મહત્વનું છે કે, દિલ્હી જવા માટે એક માત્ર બરેલી એક્સપ્રેસની સુવિધા હતી. અન્ય ટ્રેન મળતાં પહેલા દિવસથી જ હાઉસફુલ જઈ રહી છે, જેથી કોચ ઉમેરવામાં આવ્યો છે.

ધીયા ઈરીગેશન
ક્ષાર તોડવાનો જાદુઈ મશીન
• કૃષિ વપરાશ
• ઘરગુતી વપરાશ
• ઈન્ડસ્ટ્રીયલ અને કોમર્શિયલ વપરાશ
DHRIYA ESSENTIAL OILS
ઓફિસ : ગુંદાલા ચોકડી, ગુંદાલા, મુંદ્રા
95949 15013

પાસપોર્ટ ખોવાયેલ છે.
ઠક્કર વિજય સુરેશભાઈ નામનો ઓરીજનલ ભારતીય પાસપોર્ટ જેના નં. H 8880766 છે. જે તારીખ ૨૪-૦૪-૨૦૨૪ ના રોજ બેન્કીંગ સર્કલ ગાંધીધામની આસપાસ ઓરીજનલ પાસપોર્ટ ખોવાઈ ગયેલ છે.
ઉપરોક્ત પાસપોર્ટ જે કોઈને મળેલ હોય તો નીચે જણાવેલ નંબર પર સંપર્ક કરવ વિનંતી.
ઠક્કર વિજય સુરેશભાઈ
વોર્ડ ૭/એ, પ્લોટ નં. ૫૪, મકાન નં.૧, ગુરૂકુલ, ગાંધીધામ (કચ્છ)
મો. 98984 94766

જાહેર નોટિસ
હું નિમેશ પી.શાહ, એડવોકેટ, અમારા અસીલની સુચના અને ફરમાઇશ અનુસાર અમારા અસીલ મિલકતની લાંબા ગાળાની લીઝ લેવાનો ઈરાદો ધરાવે છે. જેની વિગતો નીચે પરિશિષ્ટ ('સં

મારો તાલુકો... મારી વાત...

કચ્છના બારડોલી તરીકે પંકાતો નખત્રાણા તાલુકો વિકાસની ખૂટતી કડીઓની ઝંખે છે પૂર્તતા

તાલુકાનું મુખ્ય મથક નખત્રાણા ગામ અપગ્રેડ થઈ નગરપાલિકા બન્યું, પરંતુ શહેર સમી સુવિધાઓનો તોટો : ઉચ્ચ શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે અનેક અધુરાશો : નખત્રાણા બાયપાસ રોડ બની ગયું માત્ર સ્વપ્ન

નખત્રાણા : મારો તાલુકો... મારી વાત... શ્રેણીમાં આજે કચ્છના બારડોલી તરીકે પંકાતા નખત્રાણાની પ્રવર્તમાન સ્થિતિ અંગે સમીક્ષા પ્રસ્તુત છે. કચ્છ જિલ્લાના મહત્ત્વપૂર્ણ ગણાતા નખત્રાણા તાલુકાનો મુખ્ય વ્યવસાય ખેતી, પશુપાલન અને ટ્રાન્સપોર્ટ છે. તાલુકાનું લિંગ પ્રમાણ ૯૬૮ અને સાક્ષરતાનો દર ૭૧.૧૨ ટકા છે. તાલુકાની મુખ્ય વસ્તી પાટીદાર, મુસ્લિમ, દલિત, ક્ષત્રિય સમાજની છે. નખત્રાણા તાલુકામાં ૧૧૯ ગામોનો સમાવેશ થાય છે. તાજેતરમાં જ નખત્રાણા ગ્રામ પંચાયતને અપગ્રેડ કરી નગરપાલિકા બનાવવામાં આવી છે, પરંતુ હજુ સુધી નગરપાલિકાની ચૂંટણી થઈ નથી.

નખત્રાણાને અપગ્રેડ કરી શહેર બનાવી દેવાયું છે તેમ છતાં અહીં શહેર જેવી પ્રાથમિક માળખાકિય સુવિધાઓનો અભાવ છે. શહેરમાં એકપણ જાહેર શૌચાલય જ બનાવવામાં આવ્યું નથી. તાલુકાનું એક માત્ર પે એન્ડ યુઝ શૌચાલય માત્ર નખત્રાણા બસ સ્ટેશન ખાતે આવેલું છે. ટ્રાફિકથી સતત ધમધમતા નખત્રાણાથી સૌથી મોટી સમસ્યા ટ્રાફિક છે. નખત્રાણામાં પ્રાંત કચેરી, ડીવાયએસપી કચેરી આવેલી છે, પરંતુ છાશવારે સર્જાતા ટ્રાફિક જામથી છૂટકારો મળી શક્યો નથી. નખત્રાણા બાયપાસ રોડ માટે અનેક વખત વચન અપાયા, સર્વે થાય છે, પરંતુ અત્યાર સુધી નખત્રાણા બાયપાસ રોડ લોકો માટે સ્વપ્ન માત્ર બની રહ્યું છે. છેલ્લા બે દાયકામાં નખત્રાણા તાલુકામાં ઉચ્ચ શિક્ષણની ભૂખ ઉઘડી છે, પરંતુ ઉચ્ચ શિક્ષણ માટેની સ્થાનિકે વ્યવસ્થા અપૂરતી હોવાથી અહીંના છાત્રોને નાછૂટકે વતન બહારની વાટ પકડવી પડે છે. તેવી જ સ્થિતિ આરોગ્ય ક્ષેત્રે જોવા મળી રહી છે.

તાલુકાના કિસાનોએ બાગાયતી ક્ષેત્રે પ્રગતિ સાધી છે. અહીંના મહેનતકશ ખેડૂતો થકી જ નખત્રાણા પંથકને કચ્છના બારડોલી તરીકેની ઓળખ મળી છે. વિકાસ ક્ષેત્રે ખૂટતી કડીઓની પૂર્તતા થાય તેવી લોકલાગણી પ્રવર્તિ રહી છે.

નખત્રાણા તાલુકો વિકાસનું રોલમોડેલ : ભાજપ

દિલીપભાઈ નરસીંગાણી

ચંદનસિંહજી રાઠોડ

નખત્રાણા : શહેર અને તાલુકાના સર્વાત્રી વિકાસ થયો છે તેમ જણાવતા તાલુકા ભાજપ અને શહેર ભાજપ પ્રમુખ દિલીપભાઈ નરસીંગાણી તથા ચંદનસિંહજી રાઠોડ કહ્યું કે, દયાપર-નખત્રાણા તાલુકાના ખેડૂત માટે એપીએમસી બની, કોલેજ ગ્રાન્ટેબલ થઈ, નગરપાલિકાનો દરજ્જો મળ્યો, બાયપાસને મંજૂરી મળી, ટેન્ડર પ્રક્રિયા થઈ, ટાઉન હોલને મંજૂરી મળી, ગામડાને જોડતા પાકા ડામ રોડ બન્યા, શિક્ષણ આરોગ્ય અને ગ્રા.પં.ના નવા સંકુલો બન્યા, સરકારી કર્મચારી તલાટી, શિક્ષકોની ઘટ પુરાઈ, એસટી બસો નવી મળી આવા પ્રજાના સુવિધા માટે ધારાસભ્યો, સંસદ સભ્ય અને સમગ્ર ભાજપની ટીમ સતત તાલુકામાં વિકાસની વણથંભી વણઝાર ચાલુ રાખી છે. બાકીના પેન્ડિંગ વિકાસકામો છે તે પણ લોકસભા ચૂંટણી પછી હાથ ધરાશે અને નગરપાલિકાની ચૂંટણી સત્વરે થાય તે માટે પણ પ્રયાસો ચાલુ છે. નખત્રાણાનગર અને તાલુકાનો વિકાસ સર્વાંગી થયો છે. તમામ સમાજો વિકાસ યાત્રામાં જોડાયા છે અને સૌનો સાથ સૌનો વિકાસ મંત્રને નજર સમક્ષ રાખી અમો આપીએ છીએ તેમ તેમણે કચ્છ ઉદયને કહ્યું હતું.

નખત્રાણા તાલુકાનો વિકાસ એટલે કાગળ પરનું ચિત્ર - કોંગ્રેસ

રાજેશભાઈ આહિર

કેતનભાઈ પાંચાણી

નખત્રાણા : તાલુકાનો અને નગરનો વિકાસ એટલે કાગળ પરનું ગુલાબી ચીત્ર તેમ જણાવતા તાલુકા કોંગ્રેસના પ્રમુખ રાજેશભાઈ આહિર તથા શહેર કોંગ્રેસના પ્રમુખ કેતનભાઈ પાંચાણી કહ્યું હતું. તેમણે કહ્યું કે, નગરપાલિકા બની પણ સુવિધા ક્યાં ? સ્ટાફની ઘટ છે, નગરપાલિકા વિશ્વાસમાં લીધા વિના વિકાસ કામો કરે છે તે લોટપાણી લાકડા છાપ છે. નાગરિકો નગરપાલીકા રદ થાય તેવા પ્રયાસો અંદરો અંદર થાય છે અને તે માટે આંદોલન પણ થશે. ગામડાના રસ્તા બન્યા નથી, શિક્ષણ, આરોગ્યની સેવા ગામડામાં પડી ભાંગી છે, નર્મદાના પાણી મળતા નથી, ખેતીને પણ પ્રોત્સાહન મળતું નથી, રમ-ગમતનું મેદાન નથી, ટ્રાફિકની સમસ્યા, ગંદકી, રખડતા ઢોર જેવી અનેક સમસ્યા નગરજનોને સતાવે છે. દબાણ હટાવમાં કિનાખોરી દાખવવામાં આવી છે. પ્રજાને માળખાકીય સુવિધા પાણી, રસ્તા, શિક્ષણ, આરોગ્ય, એસટી જેવી આપવામાં સરકાર નિષ્ફળ ગઈ છે અને માત્ર વિકાસનું ગુલાબી ચિત્ર રજૂ કરી પ્રજાની આંખમાં ધુળ નખાય છે તેમ કચ્છ ઉદયને તેમણે જણાવ્યું હતું.

સીમા જાગરણ મંચ દ્વારા સીએએ હેઠળ કેમ્પ યોજી ભારતીયતાનું ગૌરવ પ્રાપ્ત કરાવ્યું

૨૦૧૪ પહેલા ભારત માતાના ખોળે આવેલ અને હાલ કચ્છમાં વસતા લોકો માટે ફોર્મ ભરી ભારતીયતાનું ગૌરવ પ્રાપ્ત કરાવવા મેગા કેમ્પનું આયોજન કરાયું

ભુજ : અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશના પ્રતાડિત અને માઈનોરીટી હિન્દુ લોકોને નાગરિકતા સંશોધન કાનુન એટલે કે, ભારતીય નાગરિકતા આપવવાના કાયદા હેઠળ સીમા જાગરણ મંચ દ્વારા ૨૦૧૪ પહેલા ભારત માતાના ખોળે આવેલ અને હાલ કચ્છમાં વસતા લોકો માટે ફોર્મ ભરી ભારતીયતાનું ગૌરવ પ્રાપ્ત કરાવવા મેગા કેમ્પનું આયોજન સીમા જાગરણ મંચ દ્વારા કરાયું હતું. પ્રાંત કાર્યાલય સીમા જાગરણ મંચ - સેવા સાધના સંચાલિત કુમાર છાત્રાલયે યોજાયેલ હતો. કાર્યક્રમમાં લાભાથી લોકોને આશીર્વચન આપવા માટે સંચાલક હરિ તપોવન ગુરૂકુળ રામપર વેકરા અને સ્વામીનારાય મંદિર ભુજના ટ્રસ્ટી શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી, પીથોરાપીરના મહંત પૂ. મહેન્દ્રસિંહ ડાડા લાભાથીઓને આશીર્વાદ સાથે આવકાર્યા હતા. કાર્યક્રમમાં સીમા જાગરણ મંચ સંયોજક સૌરાષ્ટ્ર પ્રાંત અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ કચ્છ વિભાગમાં સંઘચાલકજી હિંમતસિંહ વસણ, સીમા જાગરણ મંચ પશ્ચિમ કચ્છ જિલ્લા અધ્યક્ષ ખાનજી જાડેજા, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સૌરાષ્ટ્ર પ્રાંત સેવા પ્રમુખ અને સેવા સાધના ટ્રસ્ટના ટ્રસ્ટી નારણભાઈ વેલાણી, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ કચ્છ વિભાગ કાર્યવાહ રવજીભાઈ ખેતાણી ઉપસ્થિત રહ્યા હતા. શરૂઆત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ કહ્યું હતું કે ભારત સરકારે આ પ્રકારે લોકોને પીડામાંથી બહાર કાઢવા માટે મોટો નિર્ણય લીધો અને તમે અનેક કષ્ટો સહન કરીને પણ સનાતન સંસ્કૃતિને જાળવી રાખી છે તે અભિનંદનને પાત્ર છે, આગળની પેઢીઓને આપણો સનાતન અને કુળ પરંપરાનો વારસો આવી જ રીતે આપતા રહેવા અપીલ કરી હતી. સ્વામીએ જણાવ્યુ કે આ પ્રકારના કામોમાં ભુજ સ્વામિનારાયણ મંદિર દરેક પ્રકારની મદદ માટે હમેશા તૈયાર રહેશે. નારણભાઈ વેલાણીએ જણાવ્યું કે, કાયદામાં આવરિત દેશોમાં માઈનોરીટી સમાજ ઉપર કેટલા અત્યાચારો થાય છે અને કેટલો દુઃખી છે, આવી પ્રતાડનાઓ સહન કરી આવેલા લોકો માટે વર્તમાન સરકારે સીએએ કાયદો લાવી જેમાં કચ્છમાં ૧૦૭ અને દેશભરનાં ૧૮,૦૦,૦૦૦ લોકો લાભાર્થી બનીને ભારતનું નાગરિકત્વ મેળવશે. વધુમાં આગળ તેઓ આ કાયદો કેટલો સરળ છે અને ક્યા-ક્યા લાભો મળશે તેની વિગતવાર માહિતી આપી હતી અને અંતે આગ્રહથી બધા લાભાર્થીઓને વહેલી તકે ફોર્મ ભરવાનું કાર્ય પૂર્ણ કરવા જણાવ્યું હતું.

સીમા જાગરણ મંચના સંયોજક હિંમતસિંહ વસણે જણાવ્યું કે આપણા ઈતિહાસમાંથી શીખી અને આગળ વધવાની જરૂર છે. અખંડ ભારતએ આપણો પરિવાર હતું, દેશના ભાગલા થયા પછી દેશના નેતાઓ બંધારણમાં જોગવાઈ કરી અખંડ ભારતના લોકોને જયારે પણ ભારતની ભૂમિ ઉપર આવવું હશે ત્યારે તેમને ભારતમાતાના ખોળે આવકારવામાં અને સ્વીકારવામાં આવશે. તેના ભાગરૂપે વર્તમાન સરકાર આપણા માટે આવો કાયદો લાવ્યા, તો આપણે રાષ્ટ્રના મુલ્યોને સમજીને રાષ્ટ્ર પ્રથમ અને હિન્દુ ધર્મ પ્રથમ રાખી નાગરિકતા મેળવી આ દેશની સેવા કરતા રહીએ. અંતે આ કાયદા હેઠળ લાભાથીઓ માટે મોરબી, રાજકોટ અને રાધનપુરમાં કેમ્પ થયા તેની માહિતી આપી હતી. કબીર મંદિરના મહંત પુ. સંત કિશોરદાસજી આ કેમ્પની મુલાકાત લીધી હતી. આ કેમ્પમાં પ્રથમ દિવસે જ સ્વયંસેવકો દ્વારા ભુજ, માંડવી, અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકાના ૫૪ લાભાર્થીઓના અરજી, દસ્તાવેજી પુરાવાઓ સહીત માહિતી અપલોડ કરવામાં આવી હતી. અરજી માટે આવેલ લાભાર્થી પરિવારો માટે ચા અને બપોરના ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવેલ હતી.

કેન્દ્રને લગતી કોઈપણ પ્રકારની માહિતી કે સહાયતાની આવશ્યકતા હોય તો મહેશદાન ગઢવી મો. નં. ૯૯૭૮૪ ૦૭૫૭૪ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે.

બીકેટી દ્વારા હબાય ખાતે અભ્યાસ ખંડોનું લોકાર્પણ

ભુજ : બાલકિષ્ના ઈન્ડસ્ટ્રીઝ લિ. તરફથી સામાજિક જવાબદારી વર્ષ અંતર્ગત હબાય ગામે આવેલ સરકારી માધ્યમિક શાળામાં રૂ. ૧૧,૬૦,૦૦૦ના ખર્ચે બીકેટી તરફથી સીએસઆર ફંડમાંથી ફાળવીને અભ્યાસ ખંડો બનાવવામાં આવેલ છે.

આ કાર્યક્રમની શરૂઆતમાં શાળાના વિદ્યાર્થીઓ વડે ઉત્સાહભેર ડ્રમ્સ વગાડીને ઉમળકાભેર બીકેટી અધિકારીઓનું સ્વાગત કર્યું હતું તેમજ સૌ અગ્રણીઓએ હાથ મિલાવી આવકાર્યા હતા. સૌ પ્રથમ ઉપસ્થિત મહેમાનો અને આગેવાનો વડે દીપ પ્રાગટ્યથી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સૌ વિદ્યાર્થીઓએ સમૂહ પ્રાર્થના કરી હતી.

અગ્રણીઓના હસ્તે બીકેટીના અધિકારીઓની ટીમનું મોમેન્ટો અને શાલથી સન્માન કરવામાં આવ્યું હતું. બીકેટીના અધિકારીઓ શ્રી ઝાલા અને શ્રી રાણાએ રિબીન કાપી અને બંને અભ્યાસ ખંડોને ખૂલ્લા મૂકી લોકાર્પણ કર્યું હતું. આ બંને રૂમ કોમ્પુટર વર્ગ તેમજ અભ્યાસ માટે ખૂબજ ઉપયોગી નીવડશે એવી લાગણી શાળા પરિવાર અને ગામના લોકો દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી. શ્રી ઝાલાએ જણાવ્યું હતું કે, બીકેટી સતત આવી કામગીરી કરતું આવ્યું છે અને આ વખતે હબાય ગામની શાળાને લાભ મળ્યો એ માટે કંપનીનો આભાર માન્યો હતો અને ગામના સરપંચ ત્રિકમભાઈનો અથાગ પ્રયત્ન એની પાછળ કારણભૂત છે એવું જણાવ્યું હતું. જયારે શ્રી રાણાએ શાળાના પરિસરને અને તેની લેવાતી માવજતને બિરદાવી હતી.

આ લોકાર્પણ કાર્યક્રમમાં ગામના અગ્રણીઓ ત્રિકમભાઈ કેરાસિયા, હરિભાઈ કેરાસિયા, હરિભાઈ કોવાડિયા, શિવજીભાઈ શામજીભાઈ કેરાસિયા, માવજીભાઈ શામજીભાઈ કેરાસિયા, નરસિંહભાઈ લક્ષ્મણભાઈ કેરાસિયા, નારાણપુરી રામપુરી ગૂસાઈ, રાણાભાઈ રવાભાઈ કેરાસિયા, સુમારભાઈ હુસેનભાઈ ત્રાયા અને આમધ જુમા મધરિયા ઉપસ્થિત રહ્યા હતા. બીકેટી તરફથી સીએસઆર અને લાયઝનના એજીએમ ડી.બી. ઝાલા, ડી.ડી. રાણા, નટુભા પરમાર અને પ્રત્યંચ અંજારીયા હાજર રહ્યા હતા.

શારીરિક આરોગ્યની જેમ માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે પણ જાગૃતિ જરૂરી

અદાણી મેડિકલ કોલેજ અને જી. કે. જનરલ હોસ્પિટલ દ્વારા માનસિક સ્વાસ્થ્ય માસની ઉજવણી કરાશે

ભુજ : અદાણી મેડિકલ કોલેજ અને જી.કે.જનરલ અદાણી હોસ્પિટલમાં મે ૨૦૨૪ માનસિક આરોગ્ય માસની ઉજવણીનો દીપ પ્રગટાવીને પ્રારંભ કરાવતા અદાણી હેલ્થ કેર ગ્રુપના હેડ ડો.પંકજ દોશીએ શારીરિક આરોગ્યની જેમ માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે પણ જાગૃત થવા અનુરોધ કર્યો હતો.

અદાણી મેડિકલ કોલેજ ખાતે લેક્ચર હોલમાં આયોજિત આ કાર્યક્રમમા લોકો માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે સજાગતા કેળવે તેવા હેતુસર ડો.દોશીએ કહ્યું કે, લોકો સામાન્ય રીતે માનસિક રોગની સારવાર લેવાને બદલે છુપાવવાનો પ્રયત્ન કરે છે,પરંતુ જિંદગી ખુબજ કિંમતી છે. રોગ છુપાવવાનો બદલે કુટુંબને વાત કરવી અને તબીબની સલાહ લેવી જરૂરી બને છે. તેમણે તબીબોને પણ આ દિશામાં જાગૃતિ ફેલાવવા હાકલ કરી હતી.

મેડિકલ ડાયરેક્ટર ડૉ. બાલાજી પિલ્લાઈએ કહ્યું કે, માનસિક રોગની બાબતમાં કોઈ શું કહેશે એવી નકારાત્મક સોચને બદલે યોગ્ય સારવાર લેવા ઉપર ભર મૂક્યો હતો.આ પ્રસંગે ડીન ડો. એ.એન.ઘોષ,ચીફ મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડો.નરેન્દ્ર હિરાણી, સિવિલ સર્જન ડો.કશ્યપ બૂચ સહિત જુદા જુદા વિભાગના હેડ, મનોચિકિત્સક વિદ્યાભ્યાસના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રારંભમાં મનોચિકિત્સક વિભાગના હેડ મહેશ ટીલવાણીએ શાબ્દિક આવકાર આપ્યો હતો.મનોચિકિત્સક ડો. રિદ્ધિ ઠક્કરે સ્વાગત કર્યું હતું અને ડો.કંગના દેસાઈએ સંચાલન કર્યું હતું. આ વિભાગના ડો.બંસિતા પટેલ અને હેતલબેન ગોહિલ સહિત સ્ટાફ ઉજવણીને સફળ બનાવવા જહેમત લઈ રહ્યા છે. આ પ્રસંગે અનેક કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

આરટીઈ હેઠળ બીજા રાઉન્ડ માટે શાળા પુનઃ પસંદગી માટે પ્રક્રિયાનો પ્રારંભ

ભુજ : જેમણે ફોર્મ ભરેલ છે અને પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ નથી મળ્યો તેમના માટે ૮ તારીખ સુધી શાળા પસંદગીમાં વાલી ઈચ્છશે તો ફેરફાર કરી શકશે.

જિલ્લા પ્રા. શિક્ષણાધકારી ભૂપેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, કચ્છમાં ૩૭૯૭ જેટલા ફોર્મ ભરાયાં હતાં, તે પૈકી ૨૩૪૦ માન્ય અરજી પૈકી પ્રથમ રાઉન્ડમાં ૧૧૨૩વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. તે રાઉન્ડમાં પ્રવેશ ન લીધેલ તથા અન્ય ખાલી રહેલ જગ્યાઓ પર બીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવેલ છે.

વાલીએ ૮મી મે સુધી પોર્ટલ પર ઓનલાઈન અરજી મેનુમાં તેમના બાળકના એપ્લિકેશન નંબર અને જન્મ તારીખથી લોગીન થવાથી જે શાળામાં સીટો ખાલી રહેલ છે તે શાળાઓમાં પસંદગી કરી શકશે. બીજા રાઉન્ડમાં પસંદગી ફેરફારે જ વાલી કરી શકશે.

જેઓને પ્રથમ રાઉન્ડમાં પ્રવેશથી વંચિત રહી ગયા છે. વધુ મુશ્કેલી હોય તો જિલ્લા કચેરી કે હેલ્પ લાઈન નંબર ૯૪૨૬૧ ૨૭૬૮૨ પર સંપર્ક કરવા નોડલ ઓફિસર નિલેશ ગોરની યાદીમાં જણાવ્યું છે.

અંજાર તાલુકાના ચંદિયા-માધવનગર ખાતે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરાયું

ભાગવત સપ્તાહના મુખ્ય યજમાન સમાજરત્ન વિનોદ સોલંકીએ લાભ લીધો

અંજાર : ભાગવત કથા એટલે સર્વ શાસ્ત્રોના નિચોડ આમાં સમાયેલો છે. ભગવાન શ્રીષ્ણનું વાડમય સ્વરૂપ એટલે ભાગવત કથા. આ કથામાં માત્ર ભક્તિનો રસ છે. ચંદિયા-માધવનગર, ખેડોઈ રોડ ઉપર આવેલ જખ ટેકરી આશ્રમ પર આશ્રમના વિકાસ અર્થે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે.

કથાના મુખ્ય વક્તા, સંત કિશોરદાસજી મહારાજના વ્યાસાને યોજાયેલી કથાના પ્રથમ દિવસે દિપ પ્રાગટય ભરતકાકા (ભારાપર જાગીર) ના હસ્તે કરાયું હતું. કથાના મુખ્ય યજમાન તરીકે સમાજરત્ન વિનોદભાઈ પુરૂષોતમ સોલંકી માધાપરવાળા રહ્યા હતા.

આ વેળાએ સંત મનીષદાસજી મહારાજ (જખ ટેકરી આશ્રમ માધાવનગર), મહંત કિષ્ણાનંદજી બાપુ (વાકડસર), કિશોરદાસજી સાહેબ (કબીર મંદિર ભુજ) એ આશીર્વાદ આપ્યા હતા. કથાનું આયોજન માધવનગર-ખેડોઈની આજુબાજુમાં વસતા ગામના લોકોએ સાથે મળીને કર્યું હતું.

કથાની વ્યવસ્થામાં લોહારિયા, પાંતિયા, થરાવડા, ચંદિયા, ખેડોઈ મોટી, ખેડોઈ નાની, માધવનગર ના ગ્રામજનો સંભાળી રહ્યા છે. કથાનો સમય સવારે ૯ થી ૧નો રખાયો છે. કથા સાંભળવા માટે પધારેલા ભાવીકો માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા સમિતિ દ્વારા રખાઈ છે.

લોડાઈ આહિર સમાજની બેઠકમાં ખર્ચાળ રિવાજોને જાકારો આપ્યો

રાયધણપર : ભુજ તાલુકાના લોડાઈ ગામે આહિર સમાજની બેઠક મળી હતી. આ બેઠકમાં જુની રૂઢી તથા બિનજરૂરી રિવાજો અને પ્રસંગોમાં થતા ધન અંગે બેઠકમાં ચર્ચા-વિચારણા કરી તેને તિલાંજલિ આપવા અપીલ કરવામાં આવી હતી. આ વેળાએ યદુનંદન એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના ઉપપ્રમુખ અનિલભાઈ આહિરે સમાજના બંધારણનું વાંચન કર્યું હતું. સાથે સુધારેલા નવા નિયમોનું તેના પર ભાર મૂક્યો હતો અને સોનાના ઘરેણા પ્રસંગોપાત પહેરાતા હોય તેના પર અંકુશ લાવવો, કરિયાવર વધુ ન આપવું, ખોટો દેખાડો ન કરવો વગેરે પર પ્રતિબંધ જેવા નિયમો અપનાવવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પૂર્વે ઝિંકડી ગામના આહિર સમાજે આવા નિયમો બનાવવામાં આવ્યા હતા. તેનો બહોળો પ્રતિસાદ મળ્યો હતો. બેઠકમાં ગામ સમિતિના પ્રમુખ વાલાભાઈ પટેલ, રણછોડભાઈ પટેલ, માવજીભાઈ પટેલ, લોડાઈ વિભાગના આહિર સમાજના ઉપપ્રમુખ વાલાભાઈ બતા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. આ વેળાએ મોટી સંખ્યામાં મહિલાઓ હાજર રહી ચર્ચામાં ભાગ લીધો હતો. આભારવિધિ રમેશભાઈ ડાંગરે કરી હતી.

બજારભાવ

ભુજ માર્કેટ યાર્ડ ૧૦૦ કિલોના ભાવ	
ગોવાર	૪૯૦૦-૫૧૪૦
વરિયાળી	૫૮૬૦-૬૭૦૦
ભુજ માર્કેટ યાર્ડ ૪૦ કિલોના ભાવ	
એરંડા	૨૧૪૪-૨૧૭૫
ઈશબગુલ	૫૦૧૩-૫૩૪૯
ભુજ માર્કેટ યાર્ડ (૧ કે.જી.ના જથ્થાબંધ ભાવ)	
ડુંગળી	૧૩-૧૭
બટેટા	૨૦-૨૫
ટમેટા	૫-૨૦
લીલી ડુંગળી	૫-૨૦
મરચા	૮-૩૦
મરચી	૨૦-૫૦
રીંગણા કાળા	૫-૨૦
રીંગણા બાજરીયા	૫-૨૫
કોબી દેશી	૫-૧૫
કોબી	૫-૧૨
ફુલાવર	૨૦-૩૦
ફુલાવર દેશી	૧૦-૩૦
વટાણા	૯૦-૧૦૦
ધાણા	૧૫-૨૫
ભીંડા	૩૦-૪૫
કાકડી કાળી	૧૦-૨૦
કાકડી સફેદ	૫-૧૫
કાકડી ખીરા	૧૫-૩૫
પાલક	૨૫-૩૫
લસણ સુકું	૧૪૦-૧૬૦
લીંબુ	૩૦-૯૦
પીત્તાઈ ગાજર કેશરી	૧૦-૨૫
દુધી	૨-૧૨
આદુ	૧૦૦-૧૫૦
કારેલા	૧૫-૩૦
શક્કરિયા	૨૦-૩૫
ચોળા ડોલર	૨૦-૪૫
ચોળી	૩૦-૭૦
ગીલોડા	૨૦-૩૫
મરચા સીમલા	૨૦-૪૫
ગોવાર દેશી	૨૦-૭૦
ગોવાર	૧૫-૫૦
ગીસોડા	૪-૧૫
પરવળ	૫૦-૬૦
સરગવો	૧૫-૩૦
ગેલકા	૪-૧૫
કોળુ	૭-૧૨
બીટ	૧૦-૨૦
ભુજ ફ્રુટ બજાર	
કેળા કાચા	૧૦-૨૦
કેળા પાકા	૩૦-૩૫
પપૈયા કાચા	૫-૧૫
પપૈયા પાકા	૧૦-૨૦
જામફળ	૨૦-૪૦
ચીકુ	૧૫-૨૫
શક્કરટેટી	૧૦-૩૦
કાચી કેરી	૧૦-૩૦
પાકી કેરી	૩૦-૬૦
કેસર કેરી	૧૦૦-૧૫૦
ફણસી	૬૦-૮૦
દાડમ	૨૦-૬૦
કલીંગર	૧૦-૧૬



ગુજરાત રાજયના સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના ડાયરેકટર જનરલ શ્રી આર એસ નિનામાની અધ્યક્ષતામાં રગબી અને જુડો સંગઠનના હોદેદારો સાથે બેઠક યોજાઈ હતી. રાજયમાં જુડો અને રગ્બીની આંતરરાષ્ટ્રીય-રાષ્ટ્રીય કક્ષાઓની સ્પર્ધા યોજવાની સંભાવનાઓના વિષય પર ચર્ચા કરવામાં આવી હતી જે ઉપરોકત તસવીરમાં દ્રશ્યમાન થાય છે.

રાપરમાં પોલીસ અને સીઆઇએસએફ દ્વારા ફુટ પેટ્રોલીંગ

રાપર : લોકસભાની ચુંટણીને અનુલક્ષીને પોલીસ અને સીઆઈએસએફના જવાનો દ્વારા ફુટ પેટ્રોલીંગ કરવામાં આવ્યું હતું, જે પોલીસ મથકેથી દેના બેંક ચોક, એસટી રોડ, સલારી નાકા, ભુતિયા કોઠા રોડ, માંડવી ચોક, આથમણા નાકા, કન્યા છાત્રાલય રોડ, કોર્ટ રોડ સહિતના વિવિધ વિસ્તારોમાંથી હથિયારો સાથે જવાનોએ ફુટ પેટ્રોલીંગ યોજાયું હતું. જેમાં એસપી સાગર બાગમાર, રાપર પીઆઈ જે.બી. બુબડીયા, રાપર સીપીઆઈ વી.કે. ગઢવી, પીએસઆઈ ડી.આર. ગઢવી, આર.આર. આમલીયાર, વી.એસ. સોલંકી સહિતના પોલીસ સ્ટાફ, મહિલા કર્મચારીઓ, સીઆઈએસએફના જવાનો જોડાયા હતા.

એસપી સાગર બાગમારે જણાવ્યું હતું કે આગામી લોકસભાની ચૂંટણી માટે મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે રાપર વિધાનસભાના તમામ બુથ પર જડબેસલાક બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. તદુપરાંત સંવેદનશીલ બુથો પર વિશેષ બંદોબસ્ત ગોઠવવામાં આવશે એમ જણાવ્યું હતું.

જૈશ-એ-મોહમ્મદનું જૈશ સાથે કનેક્શન !

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : જમ્મુ અનેકાશ્મીરના પુંછ જિલ્લામાં ગઈકાલે એટલે કે શનિવારે ૫ મેના રોજ આતંકવાદીઓએ ભારતીય વાયુસેના ના કાફલા પર હુમલો કર્યો. આ હુમલામાં એરફોર્સના એક બાહોશ જવાન શહીદ થયા જ્યારે અન્ય ચાર ઘાયલ થયા હતા. પુંછમાં થયેલા હુમલામાં પીપલ્સ એન્ટી ફાસીસ્ટ ફ્રન્ટનું નામ સામે આવી રહ્યું છે. આ આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલું છે. PAFFએ ગયા વર્ષે પણ આવો જ હુમલો કર્યો હતો.મહત્વનું છે કે, આતંકવાદીઓ દ્વારા આ હુમલો એવા સમયે કરવામાં આવ્યો છે જ્યારે અનંતનાગ-રાજૌરી લોકસભા ક્ષેત્રમાં ત્રણ અઠવાડિયામાં મતદાન થવાનું છે. રવિવાર (૫ મે) સવારથી જ પુંછના જંગલોમાં આતંકવાદીઓને શોધવા માટે સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

ચીને ફરીથી તાઇવાનની જળ અને હવાઈ સીમાનો ભંગ કર્યો

નવીદિલ્હી : ચીન અને તાઈવાન વચ્ચે ઘણા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. લાંબા સમયથી ચાલી રહેલા વિવાદને કારણે ચીન અને તાઈવાન વચ્ચે તણાવ છે. છેલ્લા એક વર્ષમાં બંને દેશો વચ્ચે તણાવ વધુ વધ્યો છે.અનેક પ્રસંગોએ, ચીને તાઈવાન સરહદની નજીક સૈન્ય કવાયત હાથ ધરી છે અને તાઈવાનની હવાઈ ક્ષેત્ર તેમજ દરિયાઈ ક્ષેત્ર (પાણી)માં પણ ઘૂસણખોરી કરી છે. તાઈવાનને યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા તરફથી પણ ચીન વિરુદ્ધ સમર્થન મળે છે. જેનાથી ચીન ખુશ નથી. હાલમાં જ ચીને ફરી એક એવું કામ કર્યું છે જેનાથી તેની અને તાઈવાન વચ્ચે તણાવ વધી જશે.

ઈત્તિહાદુલ મુસ્લેમીન-એ-હિન્દ ટ્રસ્ટ દ્વારા નરેડી, તા.અબડાસા મધ્યે સીવણ ક્લાસનો નિશુલ્ક સ્વનિર્ભર તાલીમ કેન્દ્ર શરૂ કરાયું

અંજાર : ઈત્તિહાદુલ મુસ્લેમીન-એ હિન્દ ટ્રસ્ટ સંચાલિત સ્વનિર્ભર તાલીમ કેન્દ્રો કચ્છ ભરમાં ચાલી રહ્યા છે. જેમાં અબડાસા તાલુકાના નરેડી ગામ મધ્યે સીવણ કામ માટેનો નિશુલ્ક તાલીમ કેન્દ્ર શરુ કરવામાં આવ્યું જેનું ઉદ્ઘાટન સૈયદ ઈમામશા બાવા નરેડીવાળા તેમજ નરેડી ગામના સરપંચ જુસબભાઈ રાયમાં દ્વારા કરવામાં આવ્યું હતું. આ વર્ગમાં ૧૫ જેટલી તાલીમાર્થી બહેનો ભાગ લેશે. તેમજ ટ્રેનર તરીકે મીયાજી ઇરમબાનું સેવાઓ આપશે.

સંસ્થા દ્વારા કચ્છ ભરમાં ૫૭ જેટલા તાલીમ વર્ગો શરુ કરી ૧૨૮૦ જેટલી તાલીમાર્થી બહેનો તથા ભાઈઓ ને તાલીમ પૂર્ણ કરી પ્રમાણપત્રો એનાયત કરાયા છે. હાલે સંસ્થા દ્વારા કચ્છ ભરમાં ૧૩ જેટલા સ્વનિર્ભર તાલીમ કેન્દ્રો ચાલી રહ્યા છે. સંસ્થાના પ્રમુખ હાજી મોહંમદભાઈ આગરીયા એ તમામ તાલીમાર્થી બહેનો તથા ટ્રેનર બહેનો ને ટેલીફોનીક શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે વર્તમાન સમય માં હુન્નર શીખવા માટે જરૂરી હોવાનું જણાવી હુન્નર થી લોકો પોતાની હલાલ રોજગારી ની સાથે સાથે સમય નો સદુપયોગ કરી પોતાના પરિવાર માટે આવક નો સ્ત્રોત ઉભો કરી શકે. સંસ્થાના પ્રમુખે આગળ જણાવ્યું હતું કે સંસ્થાનો મુખ્ય હેતુ દરેક ધર્મ, દરેક સમાજ ના લોકોને આવા તાલીમ વર્ગો દ્વારા સાચા અર્થમાં સ્વનિર્ભર બની પોતાના પરિવાર સમાજ અને દેશના હિતમાં પોતાનો ફાળો અર્પે. જેથી તાલીમ મેળવનાર

દરેક તાલીમાર્થીઓને સંપૂર્ણ નિપુણતા મેળવવા આહવાન કર્યું હતું તથા તમામ તાલીમાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી તથા આવનારા સમયમાં પણ સંસ્થા આ પ્રકાર ના તાલીમ કેન્દ્રો શરુ કરી રોજગાર લક્ષી તાલીમ આપતી રહેશે એવું જણાવ્યું હતું. આ ઉદ્ઘાટન સમારોહમાં સંસ્થાના કચ્છ જીલ્લા મહિલા વિભાગના મહામંત્રી જમીલાબેન વજીર તેમજ દાઉદભાઈ રાયમાં, શોકતભાઈ મીયાજી તેમજ ગામના આગેવાનો ઉપસ્થિત રહી તાલીમાર્થી બહેનો ને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ સમસ્ત કાર્યક્રમ નું આયોજન તથા સંચાલન સંસ્થા ના અબડાસા તાલુકાના ઉપપ્રમુખ સીદ્દીકભાઈ મીયાજી દ્વારા કરાયું હતું. સંસ્થાના ટ્રસ્ટીઓ તેમજ સંસ્થા પરિવારે તાલીમ કેન્દ્ર અને તાલીમાર્થીઓની સફળતા માટે શુભકામનાઓ પાઠવી હતી. એવું સંસ્થા ના પ્રવક્તા જલાલશા સૈયદ ની યાદીમાં જણાવ્યું હતું.

મુંદરામાં મતદાર જાગૃતિ અભિયાન

મુંદરામાં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત પત્રિકાનું વિતરણ કરી મહંતમ મતદાન થાય તેવો પ્રયાસ કરાયો છે. આ કામગીરીમાં તાલુકા સંયોજક પુનશી ગઢવી, સહ સંયોજક નિલેશ વાઘેલા, પ્રાંત મંત્રી મૂળજીભાઈ ગઢવી સહિતના જોડાયા હતા.

આયૂષે બે ટાઇટલ જીત્યા : ફિલઝાહ વિમેન્સ ફાઇનલમાં કિત્વિકા સામે ટકરાશે

ગાંધીધામ : માઈક્રોસાઈન પ્રથમ ગુજરાત સ્ટેટ રેઈંગ ટેબલ ટેનિસ ટુર્નમેન્ટ ૨૦૨૪માં શનિવારે સુરતના આયૂષ તન્નાએ બેવડી સિદ્ધિ હાંસલ કરીને બે ટાઈટલ જીત્યા હતા. આ ટુર્નામેન્ટ ભાવનગરમાં બીજીથી પાંચમી મે દરમિયાન એસએજી સ્પોર્ટ્સ કોમ્પલેક્સ, સિસદર ખઆતે યોજાયેલી છે.સિઝનની સૌપ્રથમ ટુર્નામેન્ટ ભાવનગર જિલ્લા ટેબલ ટેનિસ એસોસિયેશનના ઉપક્રમે અને ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિયેશનના નેજા હેઠળ યોજાઈ રહી છે જેના સ્પોન્સર માઈક્રોસાઈન છે અને ટુર્નામેન્ટને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત (એસએજી)નો સહકાર સાંપડ્યો છે.બીજા ક્રમના આયૂષ તન્નાએ પાંચમા ક્રમના જન્મેજય પટેલ (અરવલ્લી)ને ૪-૧થી હરાવીને અંડર-૧૯ બોયઝ ટાઈટલ જીત્યું હતું જ્યારે મોખરાના ક્રમના અરમાનો શેખ ત્રીજા ક્રમે રહ્યો હતો જેણે ત્રીજા ક્રમના હિમાંશ દહિયા સામે ૩-૦થી વિજય હાંસલ કર્યો હતો.બોયઝ અંડર-૧૭ની ફાઈનલમાં બીજા ક્રમના આયૂષે મોખરાના ક્રમના જન્મેજયને દિવસમાં બીજી વાર હરાવ્યો હતો અને તેનું પરિણામ પણ અગાઉની ફાઈનલની માફક રહ્યું હતું.૧૭ વર્ષના સુરતી ખેલાડીએ અરવલ્લીના ખેલાડીને ૩-૧થી હરાવીને ટ્રોફી જીતી હતી. ચોથા ક્રમના હિમાંશ દહિયાએ ત્રીજા ક્રમના અભિલાક્ષ પટેલને ૩-૧થી હરાવીને ત્રીજું સ્થાન હાંસલ કર્યું હતું.વિમેન્સ ફાઈનલમાં સુરતની બિનક્રમાંકિત કિત્વિકા સિહા રોય સુરતની જ દસમા ક્રમની ફિલઝાહ કાદરી સામે રમશે. સેમિફાઈનલમાં ભારતની ભૂતપૂર્વ ખેલાડી કિત્વિકાએ આઠમા ક્રમની અર્ની પરમારને ૪-૦થી હરાવી હતી જ્યારે ૨૦ વર્ષીય ફિલઝાહે અપસેટ સર્જીને ત્રીજા ક્રમની ઓઈશિકી જોઆરદાર (અમદાવાદ)ને હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.પોતાની વિજયકૂચ આગળ ધપાવતાં વડોદરાના ૧૪મા ક્રમના પ્રથમ માદલાણીએ બીજા ક્રમના સોહમ ભટ્ટાચાર્ય (અમદાવાદ)ને ૪-૧થી હરાવીને મેન્સ ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો જે હવે અમદાવાદના ચોથા ક્રમના ચિત્રાક્ષ ભટ્ટ સામે ફાઈનલમાં રમશે. ચિત્રાક્ષે અક્ષિત સાવલાને ૪-૩થી રોમાંચક ઢબે હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

ગાંધીધામ વિકાસ સત્તા મંડળના પૂર્વ ચેરમેનની પુણ્યતીથી નિમિતે સેવાકાર્યો કરાયા

અંજારઃ અંજારના જૂની પેઢી ના વડીલ અને શહેરના અગ્રણી અને ગાંધીધામ સત્તા મંડળના પૂર્વ ચેરમેન તેમજ "કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી" ના સૂત્રના આધારે સમગ્ર જીવન જીવનાર સ્વ. જવાહરલાલ ભાઈલાલ મહેતાની ચોથી પુણ્યતિથી નિમિતે અંજલિ પાઠવતા અંજારના સુપ્રસિદ્ધ શ્રી માધવરાય મંદીરના ટ્રસ્ટી મુકેશભાઈ હર્ષે જણાવેલ કે સદગત જવાહરલાલ ભાઈનું જીવન હમેંશા સાદગીમય રહેલું હતું, પરંતુ તેમના ઉચ્ચ વિચારો તેમજ લોકપયોગી થવાની ભાવના હમેશા લોકો માટે પ્રેરણા રૂપ બની રહેશે. તેમજ અંજાર ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ના પ્રમુખ રશ્મિનભાઈ પંડ્યાએ અંજલિ આપતા જણાવેલ કે સ્વ. જવાહરભાઈએ તેમના જીવનમાં ખૂબ સંઘર્ષ વેઠ્યું હતું, અને અથાક મહેનત અને સખત પરિશ્રમ સાથે પ્રગતિ કરેલ હતી, તેઓ હમેંશા ખેડૂતો ના પ્રશ્નો- સમસ્યાઓ માટે તેમજ શહેરના વિકાસ માટે ખૂબ પરિશ્રમ કરેલ હતું.તેઓ એ અંજાર ના સવાસર નાકા મધ્યે શાકભાજી માર્કેટના નિર્માણ તેમજ પ્રભુકૃપા સોસાયટીના નિર્માણ કાર્યમાં મુખ્ય ભૂમિકા ભજવેલ હતી. તેમજ શહેર માં થતા શિક્ષણ કાર્યો અને ધાર્મીક કાર્યોમાં હમેંશા પોતાનું સહયોગ આપતા. તેમના દ્વારા

જરૂરિયાતમંદ લોકોને નિયમિત રીતે અનાજ સહાય તેમજ મેડિકલ સહાય આપવામાં આવતી હતી. સ્વ. જવાહરભાઈનું જીવન હમેંશા પરોપકારથી મહેકતું રહ્યું છે.

સદગતની ચોથીપુણ્ય તિથિ નિમિતે તેમના પરિવારના મહેન્દ્રભાઈ મહેતા, દેવેન્દ્રભાઈ મહેતા, જય મહેતા, કનૈયા મહેતા, તેમજ જય મહેતા દ્વારા અંજાર ના જેસલતોરલ અન્નક્ષેત્ર, શ્રી રામસખી મંદિર ના અન્નક્ષેત્ર, ઈન્ટરનેશનલ લોહાણા સમિતિ દ્વારા ચાલતી ટિફિન સેવા, ભારત વિકાસ પરિષદ દ્વારા ચાલતી ટિફિન સેવામાં આર્થિક સહયોગ પાઠવી લોકપયોગી અને પરોપકારની પ્રવૃત્તિમાં સહભાગી થઇ સ્વ. જવાહરલાલ ભાઈલાલ મહેતા ની પુણ્યતિથી ને દીપાવ્યું હતું, આ કાર્યમાં દિનેશભાઈ જોષી, તેમજ રામભાઈ હર્ષ જોડાઈ અંજલી પાઠવી હતી.

બિદડા બેંક ઓફ બરોડના બેંકમિત્ર અને સીએસસી સંચાલકનું શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માન કરાયું

માંડવી : તાલુકાના બિદડા ગામે સરકારના હસ્તકના બિદડા કોમન સર્વિસ સેન્ટર ખાતે બેંક ઓફ બરોડના બેંક ગ્રાહક સેવા કેન્દ્ર મધ્યે બેંકના ગ્રાહકોને વર્ષ ૨૦૧૮થી રૂપિયાની લેવડ - દેવડ, બેંક ખાતા ખોલવા, પ્રધાનમંત્રી જનધન યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના માટે નોંધણી, ફિક્સ અને રીકરીંગ ડિપોઝીટ ખાતા, અટલ પેન્શન યોજના માટે નોંધણી, લોન માટે અરજી, આધારકાર્ડને ખાતા સાથે લીંક કરવાની કાર્યવાહી, એટીએમ અને ચેકબુક માટે અરજી વગેરે જેવી બેંકિંગની સેવાઓ પ્રદાન કરવામાં આવે છે. આ સાથે બેંક મિત્ર દ્વારા બિદડા ગામ તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં જરૂરિયાત મંદ લોકો જેવાકે, વૃદ્ધો, અશક્ત લોકો, દર્દીઓ, દિવ્યાંગ લોકો, ગર્ભવતી મહિલાઓ જે બેંક સુધી ધપહોંચવા માટે સક્ષમ નથી તેમને ઘરે જઈને બેંકની સુવિધાઓ પ્રદાન કરવામાં આવે છે. દર વર્ષે બેંકિંગ વિભાગ તથા સીએચસસી દ્વારા બેંક મિત્રના ઉમદા કાર્ય માટે સન્માનિત કરવામાં આવે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં બેંક ઓફ બરોડાની પ્રાદેશિક કચેરી ભુજના પ્રાદેશિક અધિકારી લલિતકુમારના હસ્તે બિદડા બેંક ઓફ બરોડના બેંક મિત્ર ભરતભાઈ વિનોદભાઈ

સંઘારને ઉત્તમ પ્રદર્શન અને શ્રેષ્ઠ કામગીરી બદલ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સાથે ભુજ બેંક ઓફ બરોડા પ્રાદેશિક કચેરીના ડીઆરએમ સંજય પ્રતાપ, આરબીડીએમ ઈકબાલ રાઠી, એફઆઈ ઓફિસર રાજ શેખર, બીસી સુપરવાઈઝર કિરણ બારોટ ઉપસ્થિત રહ્યા હતા.

પહેલા પાનાથી...

ગુજરાતમાં મતદાનના

મળી રહે તે માટે સેકટર ઓફિસર સાથે "મેડીકલ ટીમ" રહેશે, જેની પાસે પ્રાથમિક સારવાર માટે જરૂરી મેડિકલ કીટ્સ ઉપલબ્ધ રહેશે. સાથે જ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી મેડિકલ કોલેજ સહિતના તમામ સરકારી આરોગ્ય કેન્દ્રો અને એમ્બ્યુલન્સ સેવાઓને સ્ટેન્ડ બાય રાખવામાં આવશે.

મતદાનના દિવસે ગરમી અને Heat Wave ની સ્થિતીને પહોંચી વળવા National Disaster Management Authority દ્વારા બહાર પાડવામાં આવેલ સૂચનાઓનું પાલન કરવા મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ તમામ મતદારોને અપીલ કરી છે. જેમ કે, મતદારે સાથે પાણી રાખવું અને પૂરતાં પ્રમાણમાં પાણી પીવું, હળવા અને આછા રંગના સુતરાઉ કપડાં પહેરવા, ORS/લીંબુ શરબત/ છાસ વગેરેનો ઉપયોગ કરવો. જો બની શકે તો સવારે વહેલા મતદાન કરવા જવું.

લિંબાયતમાં સી.આર.

બાદ હર્ષ સંઘવીએ પોતાનો રથ આગળ ધપાવ્યો હતો. માહિતી મુજબ, ગૃહરાજય મંત્રીની રેલીને લઈને ટ્રાફિક પોલીસ દ્વારા રસ્તો બંધ કરવામાં આવ્યો હતો.

શાંતિપૂર્ણ મતદાન

ચૂંટણીના પગલે ૧૦૩ વોન્ટેડ આરોપી અને ૪૨ હજાર જેટલા શખ્સો વિરૂદ્ધ અટકાયતી પગલાં લેવાયા છે. ગાંધીનગર- અમદાવાદ પૂર્વ-પશ્ચિમ અને ખેડા બેઠક માટે અમદાવાદ પોલીસ કમિશ્નર જી.એસ.મલિકે ખાસ એક્શન પ્લાન તૈયાર કર્યો છે.હાલમા ૪ બેઠકના કુલ મતદાન બૂથ ૪૧૩૨ અને ૧૧૬૮ બિલ્ડિંગ છે. ૯૩૧ બૂથ ક્રિટિકલ છે. અમદાવાદમાં પોસ્ટલ બેલેટ ૧૨૫૬૧ છે, જેમાંથી ૧૦૨૬૬ પોસ્ટલ બેલેટથી મતદાન થઈ ચુક્યું છે. કાયદા-વ્યવસ્થાની સ્થિતિ જાળવવા પોલીસે નોન બેલેબલ વોરંટ બજાવ્યા છે. ચૂંટણીમાં પોલીસ બંદોબસ્ત સિવાય ચૂંટણીમાં ૫૭ ફ્લાઈંગ સ્કવોર્ડ, ૮૬ સ્ટ્રેટેજીકલ ટીમ બનાવવામાં આવી છે.

ગાંધીનગર ખાતે મતદાન

રન ફોર વોટ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રન ફોર વોટ રેલીમાં ૨૫૦૦ જેટલા નાગરિકો સહભાગી થઈ મતદાન માટે પ્રેરણારૂપ બન્યા હતા. આ પ્રસંગે રાજયના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી.ભારતીએ લીલી ઝંડી દર્શાવી રેલીને પ્રસ્થાન કરાવતા જણાવ્યું હતું કે, લોકશાહી દેશમાં મતદારો આધાર સ્તંભ છે. લોકશાહીના આ અવસરે મહિલા મતદારોમાં મતદાન અંગેની જાગૃત્તિ અર્થે અનેક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે મહિલા સહિત સર્વે મતદારોને લોકસભા સામાન્ય ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન કરીને લોકશાહીના અવસરમાં સહભાગી થવાની પણ અપીલ કરી હતી. રાજયના પાટનગર ગાંધીનગર ખાતે સ્વર્ણિમ પાર્ક ખાતે રન ફોર વોટ રેલીનું આયોજન સવારના ૬.૩૦ કલાકે કરવામાં આવ્યું હતું. મતદાર જાગૃત્તિના આ અવસરમાં નગરજનો અને કર્મયોગીઓ મોટી સંખ્યામાં સવારથી આવવા લાગ્યા હતા. આ રેલીમાં રાજયના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતી, અધિક મુખ્ય નિર્વાચન અધિકારી ડૉ. કુલદીપ આર્ય, જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર મેહુલ દવે, જિલ્લા વિકાસ અધિકારી સંજય મોદી, ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર જે.એન. વાઘેલા, સહિત તમામ નોડલ અધિકારી અને કર્મયોગીઓ અને વિશાળ સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. રન ફોર વોટ રેલીને રાજયના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતી અને અધિકારીઓએ લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવતાની સાથે જ આ રેલીનો સ્વર્ણિમ પાર્કની સરદાર પટેલની પ્રતિમાથી આરંભ થયો હતો. આ રેલી ૬-૪ થઈ મહાત્મા મંદિર પહોંચી હતી. ત્યાં રેલીનું સમાપન થયું હતું. આ રેલીમાં સર્વે નાગરિકો અને કર્મયોગીઓએ આગામી તા.૦૭મી મે, ૨૦૨૪ના રોજ અવશ્ય મતદાન કરવાના સંકલ્પ સાથે સૌને અપીલ કરી હતી.

ચૂંટણી પ્રચારના

મત વિસ્તારમાં જે વિસ્તારોમાં લોક સંપર્ક બાકી રહી ગયો હોય તેવા વિસ્તારોમાં ખાસ કરીને રોડ શો કરીને લોકોને મતદાન કરવા માટે અપીલ કરતા જોવા મળ્યા હતા. આજે સાંજે ચૂંટણી પ્રચાર પડઘમ શાંત થઈ ગયા બાદ ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો પોતપોતાના મત વિસ્તારના તમામ બુથો ઉપર મતદાનના દિવસે વધુમાં વધુ મતદાન થાય અને મતદારો મતદાન મથક સુધી પહોંચે તે માટે માઈક્રો લેવલનું બુથ મેનેજમેન્ટ ગોઠવવા માટે રણનીતિ ઘડવાના કામે લાગી જશે. ઉમેદવારોએ પોતાના ચૂંટણી પ્રચાર દરમિયાન પોતાના મતવિસ્તારમાં કયા કયા વિસ્તારોમાં નથી પહોંચી શકાયું અથવા તો કયા વિસ્તારમાં સ્થિતિ નબળી છે તે અંગેનો ક્યાસ કાઢીને એ વિસ્તારોના બૂથ ઉપર વધુમાં વધુ મતદારોને કઈ રીતે બહાર લાવીને મતદાન મથક સુધી પહોંચાડી શકાય તે અંગેની પણ વ્યૂહરચના ઘડવામાં ઉમેદવારો વ્યસ્ત બનશે. ભાજપ અને કોંગ્રેસ ના ઉમેદવારોએ ચૂંટણી પ્રચારમાં એડી ચોટીનું જોર લગાવ્યું છે ત્યારે હવે ૭ મી મે એ યોજાનાર ચૂંટણીમાં કેટલું મતદાન થાય છે અને શું ચૂંટણી પરિણામો આવશે તેના પર સૌ કોઈની મીટ મંડાયેલી છે.

વડાપ્રધાનના સ્વાગતને

રહ્યા છે.મોદી આજે ૫ મેના રોજ ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડના પ્રવાસે જશે. જ્યાં પહેલા તેઓ બપોરે ૨.૪૫ કલાકે ઈટાવામાં રેલીને સંબોધિત કરશે. જેબાદ તે ઉત્તરાખંડ પહોંચશે. જ્યાં દેહરાદૂનમાં સાંજે ૪.૪૫ કલાકે ભવ્ય રેલી યોજાશે. આ પછી પીએમનો કાફલો અયોધ્યા પહોંચશે અને સાંજે લગભગ ૭ વાગે તેઓ રામ મંદિરમાં રામ લાલાના દર્શન અને પૂજા કરશે અને ત્યારબાદ રોડ શો કરશે. તમને જણાવી દઈએ કે, અયોધ્યામાં ૨૦ મેના રોજ ચૂંટણી થવાની છે.

ચૂંટણી કાર્ડ સિવાય

ઉપક્રમો તેમજ જાહેર લીમીટેડ કંપનીઓએ કર્મચારીઓને ઇસ્યુ કરેલા ફોટોગ્રાફ સાથેના સર્વિસ ઓળખપત્રો, સંસદ સભ્યો, ધારાસભ્યો, વિધાન પરિષદના સભ્યોને ઇસ્યુ કરેલા સરકારી ઓળખપત્રો, , સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકાર દ્વારા આપવામાં આવતા Unique Disability ID Card વગેરે વૈકલ્પિક ૧૨ દસ્તાવેજો પૈકી કોઈ એક સાથે રાખીને મતદાન કરી શકશે.

ઉપરાંત દરેક વિધાનસભા મતદાર વિભાગમાં ૦૭-સખી મતદાન મથકો રાખવામાં આવેલ છે. જેમાં તમામ મતદાન સ્ટાફ તરીકે મહિલાઓ ફરજ બજાવશે. ૦૧-પી.ડબલ્યુ.ડી સંચાલિત મતદાન મથક ખાતે દિવ્યાંગ કર્મચારીઓ ફરજ બજાવશે તથા ૦૧- યુવા મતદાન મથક રાખેલ છે જેમાં યુવા કર્મચારીઓ ફરજ બજાવશે અને લોકશાહીના પર્વમાં ભાગીદાર બનશે.રજા મંજૂર કરવા માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું

ઉલ્લેખનીય ૭મેના રોજ ચૂંટણીના દિવસે મતદાન કરવા સરકારી કચેરીઓમાં રજા જાહેર થયેલ છે, તથા દુકાનો, સંસ્થાઓ અને કારખાનાઓમાં મત આપવાનો અધિકાર ધરાવતી દરેક વ્યક્તિઓની રજા મંજુર કરવા જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે. આ સિવાય મતદાનના દિવસે ગરમીને અનુલક્ષી ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં મતદાન મથકો ખાતે તડકો ન લાગે તે માટે મંડપ, પંખા, કુલર, પ્રતિક્ષા સમય દરમિયાન બેસવા માટે ખુરશીઓની વ્યવસ્થા ઉભી કરાશે. તથા ગરમીના કારણે મતદાન કરવા આવનાર મતદાતાઓ માટે મતદાન મથક ખાતે આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ઓ.આર.એસ. તથા પ્રાથમિક સારવારની વ્યવસ્થા કરવામાં આવનાર છે. આ ઉપરાંત જરૂરીયાત મુજબના મતદાન મથકો ખાતે પીવાનું પાણી, લીંબુ પાણી કે છાશની પણ સગવડ કરવાની સાથે ભીડ ન થાય તથા ઝડપી મતદાન પૂર્ણ થાય તે મુજબનું આયોજન કરવામાં આવનાર છે.મતદારોને ચૂંટણી સયય દરમિયાન કોઈ પણ તકલીફ કે પ્રશ્નો ઉભા થાયતો તેના માટે મતદાર સહાયતા કેન્દ્રની સુવિધા પણ ઉભી કરવામાં આવેલ છે.

ખનિજ્યોરીમાં ઝડપાયેલો જાટાવાડાનો શખ્સ પાસા તળે સુરત જેલમાં ધકેલાયો

ગાંધીધામ : લોકસભા ચૂંટણી અનુસંધાને પૂર્વ કચ્છમાં માથાભારે ઈસમોને પાસા તળે મોકલવામાં આવી રહ્યા છે, ત્યારે બાલાસર પોલીસમાં આરોપી જાટાવાડાના અરવિંદ ભવાન ઉર્ફે ભવાનભાઈ ચૌહાણ સામે બાલાસર પોલીસમાં ગેરકાયદે રીતે ખનિજ ઉત્પન્ન, મારામારી, સરકારી કર્મચારી પર હુમલા સહિતના ગુના દાખલ થયા હોઈ પાસાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. જે કલેકટરે મંજૂર કરતાં આરોપીની અટકાયત કરીને પાસા તળે સુરતની લાજપોર જેલમાં મોકલી દેવામાં આવ્યો છે.

લાયન્સ ક્લબ ઓફ ગાંધીધામ દ્વારા રજી મેના રોજ સાંઈબાબા મંદિર, રામવાડી., આદિપુર ખાતે હંગર પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 500 લાભાર્થીઓએ લાભ લીધો હતો. સૌજન્યઃ સુરોજિત ચક્રવર્તી, શોભના ચક્રવર્તી દ્વારા આયોજન કરવામાં આવેલ અને હાજર રહ્યા હતા. તેમજ સંજીવ ભાર્ગવ પ્રમુખ, બિંદુ ભાર્ગવ, આરતી છતલાણી મંત્રી, રાજુ છતલાણી, હેમંત ભટ્ટ, રવિ પમવાણી, મનોજ અજવાણી હાજર રહ્યા હતા.

વિશ્વ યજ્ઞ દિવસે કર્તવ્ય ટીમ ગાંધીધામ દ્વારા

સામૂહિક વૈદિક મંત્રોચ્ચાર અને આહુતિ સાથે યજ્ઞ કરવામાં આવ્યો

ગાંધીધામ :વિશ્વ યજ્ઞ દિવસે કર્તવ્ય ટીમ ગાંધીધામ દ્વારા સામૂહિક વૈદિક મંત્રોચ્ચાર અને આહુતિ સાથે યજ્ઞ કરવામાં આવ્યો હતો.વૈદિક મંત્રોચ્ચાર સાથે કરવામાં આવતો યજ્ઞ સનાતન હિન્દુ સંસ્કૃતિ ની એક આગવી ઓળખ છે.યજ્ઞના વૈદિક મંત્રોચ્ચાર,ગૌમાતા ના ઘી, ગોબર છાણાં ની અપાતી આહુતિ દ્વારા નીકળતી અગ્ન જવાળાઓ અને ધુમાડો સમગ્ર વાતાવરણ ને શુદ્ધ કરે છે. વાહનો અને કારખાનાઓ દ્વારા ફેલાતું માનવ સર્જીત પ્રદુષણ આજે સમગ્ર વિશ્વના માનવ જીવન ના આરોગ્ય માટે ખૂબ મોટી સમસ્યા છે અને તેના થી બચવા એક માત્ર ઉપાય છે પ્રત્યેક ઘરમાં સવારે યજ્ઞ કરી આહુતિ આપી આજુબાજુના વાતાવરણ ને શુદ્ધ કરી શકાય, પ્રદુષણના કારણે છેલ્લા ૪-૫

લુડવા અમૃત મહોત્સવમાં આર્ય સમાજના વિદ્વાન શાસ્ત્રી ડો. કમલેશકુમારનું કરાયું વિશિષ્ટ સન્માન

યજમાન પરિવાર દ્વારા સમિતિના હસ્તે શાસ્ત્રીને અપાયો વિદ્વાન પુરસ્કાર અર્પણ કરાયો : સમિતિના પદાધિકારીઓ અને દાતા પરિવારો જોડાયા : વિવિધ દાતા પરિવારોનું પણ સમિતિ દ્વારા કરાયું સન્માન

ગઢશીશા : માંડવી તાલુકામાં આવેલા લુડવા ગામની સ્થાપનાને પંચોતેર વર્ષ પૂર્ણ થતાં આર્ય સમાજ લુડવા અને ગ્રામજનો દ્વારા અમૃત મહોત્સ ઉજવાઈ રહ્યો છે, જેમાં સમાપનમાં ત્રિ-દિવસીય કાર્યક્રમો યોજાયા છે, જેમાં ગઈકાલે ધ્વજસ્થંભ સ્થાપના અને ભવ્ય શોભાયાત્રાથી કરાયો હતો, જેમાં દેશ ભક્તિ અને રાષ્ટ્ર ભક્તિના અદ્દભૂત દર્શન થયા હતા. સમિતિ સાથે કદમતાલ મિલાવી રહેલા સ્વયંસેવકોની શિસ્તબદ્ધ સેવા સરાહનીય રહી છે. લુડવા ગામે યોજાયેલા અમૃત મહોત્સવના ત્રિ-દિવસીય કાર્યક્રમમાં બીજા દિવસે પ્રથમ સત્રનો પ્રાંત રાસ - પ્રાર્થનાથી કરાયો સવારે ૮ કલાકે જયપુર રાજસ્થાનના સ્વામી સચ્ચિદાનંદજી મહારાજ અને ભજનોપદેશિકા કરનાલ હરિયાણાના અંજલિબેન આર્યા અને શીતલબેન દ્વારા વેદામૃતનું રસપાન કરાવાયું હતું. આજના પ્રસંગે વિવિધ મહાનુભાવો, સામાજિક અગ્રણીઓ, કિસાન સંઘના પદાધિકારીઓ સહિતનાઓએ હાજરી આપી હતી. સમિતિ દ્વારા શાલ ઓઢાળી સન્માન કરાયા હતા. દાતા પરિવારોના પ્રતિનિધિઓનું પણ શાલ ઓઢાળી સ્મૃતિભેટ આપી સન્માન કરાયા હતા.

આ પ્રસંગે અમદાવાદ ગુજરાત યુનિવર્સિટીના સંસ્કૃતિના પ્રોફેસર અને આર્ય સમાજના વિદ્વાન ડો. કમલેશકુમાર શાસ્ત્રીજીએ ખાસ હાજરી આપી આશિર્વાદ પાઠવી આયોજનને બિરદાવ્યું હતું. જેઓનું માતૃશ્રી મણિબેન લધાભાઈ પટેલ વિદ્વાન પુરસ્કારથી વનિતાબેન બિપિનભાઈ પટેલ દ્વારા વિદ્વાન પુરસ્કાર એનાયત કરાયો હતો. સમિતિના પ્રમુખ જયંતિભાઈ પોકાર, ઉપપ્રમુખ અમૃતભાઈ રામાણી, મંત્રી રમેશભાઈ વેલાણી, ખજાનચી સુભાષભાઈ પોકાર, આર્ય સમાજ લુડવા મહિલા પાંખના પ્રમુખ વનિતાબેન વેલાણી સહિતના સદસ્યો જોડાયા હતા. આજે રાત્રે ૯ કલાકે સભા મંડપ મધ્યે જાણિતા લોક સાહિત્યકાર સાઈરામ દવેનો સાંસ્કૃતિક ડાયરો યોજવામાં આવેલ છે. આયોજનને સફળ બનાવવા આર્ય સમાજ ઘાટકોપર, આર્ય સમાજ ભુજ, આર્ય સમાજ વડોદરા, આર્ય સમાજ કાંદીવલી સહિત વિવિધ દાતા પરિવાર જહેમત ઉઠાવી રહ્યો છે.

મહતમ મતદાનની જાગૃતિ ફેલાવવા ભુજ અને ગાંધીધામમાં યોજાઈ મેરેથોન

જિલ્લા તંત્ર દ્વારા સૌને મંગળવારે મતદાન માટે ૧૦ મીનીટ ફાળવવા અનુરોધ કરાયો

ભુજ : મંગળવારે ૭મી મેના ગુજરાતમાં ત્રીજા તબક્કાના મતદાન થવાનું છે ત્યારે લોકોમાં જાગૃતિ લાવવા માટે જિલ્લા વહીવટી તંત્રએ આજે સવારે ભુજ અને ગાંધીધામમાં રન ફોર વોટ રેલીનું આયોજન કર્યું હતું. જયુબીલી સર્કલ, જીઈબી સર્કલ, હોસ્પિટલ રોડ, લાલ ટેકરી, બસ સ્ટેન્ડ, હમીરસર તળાવ થઈને કલેકટર કચેરીએ પહોંચી હતી.

લોકોમાં મતદાન અંગે જાગૃતિ આવે અને અવશ્ય મતદાન કરીએ તે માટે છેલ્લા લાંબા સમયથી વહીવટી તંત્ર, સ્વૈચ્છિક સંસ્થાઓ, સોશિયલ મીડીયાના માધ્યમથી પ્રચાર કરાઈ રહ્યો છે ત્યારે આજે ભુજમાં રન ફોર વોટની રેલી યોજાઈ હતી જેમાં કલેક્ટર અમીત અરોરા, ડીઆઈજી મહેન્દ્ર બગડીયા, ડીડીઓ પ્રજાપતિ, સ્વીપના નોડલ અધિકારી પ્રજાપતિ, જિલ્લા આરોગ્ય અધિકારી રવિન્દ્ર ફુલમાલી સહિતનાઓ દ્વારા રેલીને પ્રસ્થાન કરાવાયું હતું. આ રેલીનો ઉદેશ એ હતો કે આજનો યુવા મતદાર જેઓ આવતીકાલના ભવિષ્યના નિર્માણ કરે છે. યુવાનોમાં જાગૃતિ લાવવા છેલ્લા દોઢ મહીનાથી જિલ્લાની વહીવટી તંત્રની ટીમ સક્રિયપણે કામ કરતી હતી. અને ખાસ મહિલાઓમાં વોટીંગનું પ્રમાણ વધે કચ્છમાં મતદાનનું લેવલ ઉંચું આવે, આ હેતુથી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લાયન્સ ક્લબ, વિવિધ સંસ્થાઓ, એન.જી.ઓ., યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, મેડીકલ સ્ટાફના વિદ્યાર્થી, સીએચસી, પીએચસી, શિક્ષકો સહિતના કર્મીઓ બહોળી સંખ્યામાં જોડાયા હતા. જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ભુપેન્દ્ર વાઘેલાએ જણાવ્યું હતું કે રાષ્ટ્રના જાગૃત પ્રહરી તરીકે , લોકશાહીના ચાહક તરીકે અચુક લોકો મતદાન કરવા જાય અને મંગળવારે પોતાની ૧૦ મીનીટ કાઢી વોટીંગ કરે અને કરાવે તે માટે અપીલ કરી હતી. આ તરફ ગાંધીધામમાં પણ એસપી સાગર બાગમારની ઉપસ્થિતિમાં રન ફોર વોટ યોજાઈ હતી. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દેસાઈ, આચારસંહિતાના અધિકારી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક નિકુંજ પરીખ સહિતના ભુજની રેલીમાં જોડાયા હતા.

મતદાન મથક દિવ્યાંગ મતદારો અને વરિષ્ઠ નાગરિકોને પ્રાથમિકતા અપાશે

ભુજ : મંગળવારે મતદાનના દિવસે મતદાન મથક પર એક કતારમાં મતદારોને ઉભા રહેવાનું છે. વારાફરતી મત આપવા માટે બૂથમાં જશે. એક પુરૂષ મતદાર પછી બે સ્ત્રી મતદાર મત આપવા મતદાન મથકમાં જશે. જેમાં દિવ્યાંગ મતદાર અને વરિષ્ઠ નાગરિકો સિનિયર સિટીજનને પ્રાથમિકતા આપવાની રહેશે. મત આપ્યા પછી તરત જ મતદાન મથકનો વિસ્તાર છોડી દેવાનો રહેશે. આ ઉપરાંત મતદાન મથક પર કોઈ પણ અનઅધિકૃત વ્યક્તિ પ્રવેશ ન કરે તે માટે તકેદારી રાખવા જણાવાયું છે. મતદાન મથકમાં મતદાર, મતદાન અધિકારી, ઉમેદવાર, ચૂંટણી એજન્ટ, એક સમય ઉમેદવારના એક જ એજન્ટ, ચૂંટણીપંચ દ્વારા અધિકૃત કરાયેલી વ્યક્તિ, જાહેર સેવક, મતદાનના હાથમાં રહેલા બાળક, અંધ - અશક્ત મતદાર સાથેના મદદગાર, પ્રિસાઈડીંગ ઓફિસરને મદદ કરવાના હેતુસર પરવાનગી આપે તેવા વ્યક્તિ તેમજ સુરક્ષા કર્મી પ્રવેશ કરી શકશે. આ માટે જિલ્લા કલેકટર દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે.

ગાંધીધામમાં મતદાન સ્લીપનું વિતરણ

ગાંધીધામના બુથ નંબર ૨૪૮ અને ૨૪૯માં પુર્વ ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી, પ્રમુખ અંબાલાલ પટેલ, પુનીતભાઈ દુધરેજીયા, મોહીત ઠક્કર, રાજુભાઈ ધારક, બબીતાબેન અગ્રવાલ, નરેન્દ્રભાઈ મહેતા, નવીનભાઈ પટેલ, નારાણભાઈ આહિર સહિતનાએ ડોર ટુ ડોર સંપર્ક કરી મતદાન સ્લીપનું વિતરણ કર્યું હતું. ભાજપ ઉમેદવારને જીતાડવા માટે અપીલ કરી હતી.

કચ્છમાં શાંતિપૂર્ણ નીટની પરીક્ષા લેવાઈ

જિલ્લા મથક ભુજના પરીક્ષા કેન્દ્રો પર ૯૦૦ જેટલા છાત્રોએ નેશનલ એલિજીબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટમાં લીધો ભાગ

ભુજ : નેશનલ એલિજીબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ એટલે કે, નીટની પરીક્ષાનો આજે કચ્છ સહિત રાજ્યભરમાં શાંતિપૂર્ણ પ્રારંભ થયો છે. નેશનલ ટેસ્ટીંગ એજન્સી (એનટીએ) દ્વારા નિયુક્ત પરીક્ષા કેન્દ્રો પર નીટ અંડર ગ્રેજ્યુએટ ૨૦૨૪ની પરીક્ષા લેવાઈ હતી. જિલ્લા મથક ભુજમાં ૯૦૦ છાત્રોએ પરીક્ષા આપી હતી. નીટની પરીક્ષામાં ૧૮૦ બહુવિધ (એમસીક્યુ)નો સમાવેશ કરવામાં આવ્યો છે. ૭૨૦ ગુણની પરીક્ષામાં વિદ્યાર્થીઓને ૩ કલાક ૨૦ મીનીટનો સમય અપાયો હતો. વિદ્યાર્થીને દરેક સાચા ગુણ માટે ૪ માર્કસ જયારે દરેક ખોટા જવાબ માટે એક નેગેટીવ માર્ક અપાશે. નીટ પ્રશ્નપત્ર વિભાગ બીમાં વિદ્યાર્થીઓને ૧૫માંથી ૧૦ પ્રશ્નોના જવાબ આપવાનો વિકલ્પ અપાયો હતો. જિલ્લા મથક ભુજમાં શાંતિપૂર્ણ પરીક્ષા લેવાઈ હતી. પરીક્ષા કેન્દ્ર પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો. છાત્રોએ શાંતિચિતે પરીક્ષામાં ભાગ લીધો હતો.

કંડલામાં દેશના તમામ પોર્ટના અધ્યક્ષોની મીટીંગ મળી

ગાંધીધામ : કંડલા પોર્ટ ખાતે દેશભરના તમામ પોર્ટના અધ્યક્ષોની મીટીંગ મળી હતી. આઈપીએ બોર્ડની ૨૦૪મી બેઠક મુંબઈ પોર્ટના અધ્યક્ષ રાજીવ જાલોટાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી. જેમાં ખાસ કરીને ૨૦૨૫થી ૨૦૨૮ સુધી કંડલા પોર્ટની અવ્વલ લઈ જવા પ્રયાસો સાથે બોર્ડના નિર્ણયોની ચર્ચા કરી આગામી સમયમાં થનારા કાર્યોની ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં ચેન્નઈ પોર્ટના સુનિલ પાલીવાલ, પારાદ્રીપ પોર્ટના પીએલ હરાનઢ, તેમજ એન. વિનોદકુમાર, બી કાશીવિશ્વનાથન, રતેન્દ્ર રમન, સુશાંતકુમાર પુરોહીત, એમ.અંગામુઠુ, એસ. વિશ્વનાથન, નીર્લભરા દાસગુપ્તા, સમરતરાહી, કે.જી.નાથ, નંદીસ શુકલા, એસ.શાંન્થી સહિતના જોડાયા હતા.

સંત લાલાબાપાની ૮૩મી પુણ્યતિથિ ઉજવાઈ

મોચી સમાજના પ.પૂ. સંત લાલાબાપાની ૮૩મી પુણ્યતિથિની ઉજવણી કરવામાં આવી હતી. બારોઈ રોડ ખાતે પાતાળિયા હનુમાન મધ્યે ઉજવણી કરાઈ હતી. સમાજના નવનિયુક્ત પ્રમુખ મનોજભાઈ પરમારના હસ્તે દિપ પ્રાગટય કરી સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. માજી પ્રમુખ રાજુભાઈ ચૌહાણે સમાજના સંગઠન, એકતા, શિક્ષણ ઉપર પ્રવચન આપેલ હતું. પરિવારજનોએ પૂ. લાલાબાપાનું પૂજન, તિલક કરીને અર્ચના કરેલ હતી. પરિવારમાંથી કાર્યક્રમોએ પોતાના મંતવ્યો આપવામાં આવ્યા હતા. સમાજના ૨૦ જેટલા બાળકોને શૈક્ષણિક કીટ ભેટ આપવામાં આવી છે. પૂ. લાલાબાપાની પ્રતિમાને આરતી ઉતારી હતી. કાર્યક્રમમાં ધ્રુવ ચૌહાણ, કનૈયાલાલ ગોહિલ, હેત વાઘેલા, આશાબેને મહનેત કરી હતી. સંચાલન નિલેશભાઈ વાઘેલાએ કરેલ છે.

કલાવૃંદ ક્લબના ઉપક્રમે રામનવમીની ઉજવણી ભજનના ગીતથી કરાઈ

ભુજ : અહીંની કલાવૃંદ ક્લબના ઉપક્રમે રામ નવમીની ઉજવણી કરવામાં આવી હતી. દીપ પ્રાગટ્ય પ્રેમબહાદુર હમાલ, વીણાબેન માંડલિયા, કાંતિબેન ધોળકિયા, હેમાલીબેન માંડલિયા, યોગેશભાઈ ભટ્ટ, ઉમેશભાઈ બારૈયા, ટીઆના માંડલિયાએ કર્યુ હતું. પ્રાર્થના ગીત બાદ કાંતિબેન ધોળકિયા, હેમાલીબેન માંડલિયા, પ્રેમ બહાદુર હમાલ, વિણાબેન માંડલિયા, ઉમેશભાઈ બારૈયા, ટીઆના માંડલિયા, યોગેશભાઈ ભટ્ટ, આશિષભાઈ વૈધ, જયાબેન તેજવાણી, જયંત શાહ, જગદીશ તેજવાણી તથા અશોકભાઈ માંડલિયાએ રામના ભજન રજૂ કર્યા હતા. સંચાલન અશોકભાઈ માંડલિયાએ જયારે આભારવિધિ હેમાલીબેન માંડલિયાએ કરી હતી.

ડીપીએ-કંડલામાં આઈપીએની બેઠક યોજાઈ

ગાંધીધામ : મહા બંદર ગોદીના કંડલા પોર્ટ ખાતે ૧૨ મહાબંદર ગોદીના અધ્યક્ષો-ઉપાઅધ્યક્ષો અને આઈપીએના અધિકારીઓએ બેઠક મળી હતી. આ બેઠકની અધ્યક્ષતા મુંબઈ પોર્ટના ચેરમેન રાજીવ જલોટા આઈએએસએ કરી હતી. બેઠકમાં મહત્વના મુદ્દાઓમાં કંડલા પોર્ટનો આવનાર ત્રણ વર્ષ વિકાસ માટે મહત્વનો છે અને ૨૦૨૫ થી ૨૦૨૮ સુધી એશીયામાં કંડલા પોર્ટ અવ્વલ નંબર પર રહેશે. આવા સબદો મુંબઈના ચેરમેન પોતાના વક્તવ્યમાં કર્યા હતા. તા. ૩-૫-૨૪ના રોજ સાંજે ૭.૩૦ વાગે ગાંધીધામ પોર્ટ કચેરી ખાતે બે ચેરમેનો જેમાં રાજીવ જલોટા આઈએએસ અને પ્રદિપ પોર્ટના ચેરમેન ડીએસ. હરાનાથ આઈઆરટીએસનું કેપીકેએસ યુનીયન વતી સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારે યુનીયને વેજબોર્ડના નિર્ણાયક મિટિંગો જુલાઈ-ઓગસ્ટ ૨૦૨૪ના રોજ થશે. એવું અધ્યક્ષ મહોદયે જણાવેલ અને સારો વેજબોર્ડનું સમાધાન થશે એવી પણ આશા બંધાયેલ એવું ભરત કોટિયા, મોહન આસવાણીએ જણાવ્યું હતું.

હાજીપીરમાં મુબારકપીર દાદાના મેળાનો પ્રારંભ

ભુજ : કચ્છની કોમી એકતાના પ્રતીક એવા હાજીપીર બાબાના ભાઈ એવા મુબારક પીર દાદાનો મેળો જે તા.૫ અને ૬ ના બે દિવસથી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળો હાજીપીર બાબાનો ઉર્સ મેળા પછી એક અઠવાડિયાના વિરામ બાદ આ મેળો યોજાય છે. ખાસ કરીને આ મેળામાં ગામઠી પ્રજા લખપત, અબડાસા, નખત્રાણા વગેરે વિસ્તારમાંથી ગામઠી પ્રજા પોતાના વાહનો સાથે બે દિવસીય પડાવ નાખે છે અને ગામઠીથી પ્રજા આ મેળાની મોજ માણે છે. મેળામાં ખાવાનું ઠંડુ પીણા, મીઠાઈ, રમકડા અને કટલેરી અને બંગડીના છૂટક વેપારીઓ મેળામાં સ્ટોલ ઉભા કરવામાં આવે છે. નાના ધંધાર્થીઓઓ પોતાની રોજરોટી આ મેળા થકી લોકો મેળવે છે. આજે સાંજે હાજીપીર ખાતે ગામઠી પ્રજા આ મેળામાં ઉમટી પડશે. ખાસ કરીને ફકીરાની જતની કોમ લખપત - અબડાસાના લોકો આ મેળામાં વધારે દેખાય છે.

અંજાર લોહાણા મહાજનની ચૂંટણી આડેનું ગ્રહણ હટયું

અંજાર : લોહાણા મહાજનની ચૂંટણી સંદર્ભે જોઈન્ટ ચેરીટી કમિશ્નર દ્વારા અપાયો હતો. જે બાબતે મીનાબેન તુષારભાઈ જોબનપુત્રા દ્વારા ભુજના ડિસ્ટ્રીક્ટ જજ સમક્ષ ચુંટણી અધિકારીઓ બદલવા તથા ચુંટાયેલા સદસ્યો ચૂંટણીમાં ભાગ ન લે તેવા પ્રકારની દાદ સાથે અરજી દાખલકરી હતી. ડિસ્ટ્રીક્ટ જજ દ્વારા હકુમતના અભાવે અરજી કાઢી નાખવાનો હુકમ કરતા હવે અંજાર તાલુકા મહાજનની ચૂંટણીની કાર્યવાહી પ્રક્રિયા હાથ ધરી શકાશે. આ કેસમાં ચૂંટણી અધિકારીના વકીલ તરીકે એડોકેટ એ.જે. ઠક્કર, એસ. એસ. ચાકી તથા પ્રમુખ તથા કારોબારી સભ્યવતી એડવોકેટ સંજય દાવડા દ્વારા રજુઆત કરી હતી.

છેલ્લા પાનાનું ચાલુ

માંડવી પાતાળેશ્વર

કોઈ પણ સુધારા - વધારા માટેની અરજી સબંધીત કોર્ટમાં રજુ કરી શકાશે નહીં અને પૂર્વ મંજૂરી વગર કોઈપણ પ્રકારનું સમાધાન રજુ કરી શકાશે નહીં તેવી શરતોને આધીન હુકમ કરાયો છે.

કચ્છમાં અથાણાની

મંદી સાંપડી હોય તેવું જોવા મળી રહ્યું છે. ગત વર્ષે કેરી પ્રતિ કિલો રૂા. ૫૦ થી ૬૦ ના ભાવે વેચાઈ રહી હતી જે ચાલુ સાલે વધીને ૭૦ થી ૮૦ રૂપિયે પ્રતિ કિલો વેચાઈ રહી છે. દેશી કેરીના ભાવમાં પણ એકંદરે ૧૦ ટકાનો વધારો નોંધાયો છે. કેરી ઉપરાંત ગુંદાના ભાવ પણ ગત વર્ષે ૫૦ થી ૬૦ રૂપિયે કિલો હતા જે વધીને ૬૦ થી ૮૦ રૂપિયે કિલો થઈ ગયા છે. અથાણા બનાવવા માટે કાચી કેરી, ગુંદા ઉપરાંત મસાલા, ગોળ, તેલ સહિતની સામગ્રીનો ઉપયોગ થાય છે. આ સરસામાનની કિંમતમાં વધારાથી અથાણા બનાવવા મોંઘા બન્યા છે. તૈયાર અથાણાના ભાવમાં પણ ૨૦ થી ૨૫ ટકાનો વધારો નોંધાયો છે.

કચ્છમાં સોલાર પેનલ

વધારો થતો જઈ રહ્યો છે.

શહેરોની સાથોસાથ ગ્રામીણ વિસ્તારોમાં પણ હવે ઘરોની છત પર સોલાર પેનલ દ્રશ્યમાન થવી સામાન્ય બનતી જઈ રહી છે. જો કે, સોલાર પેનલનો ઉપયોગ કેટલીક સમસ્યા પણ નોતરી રહ્યું હોઈ સવારે સોલાર પેનલનું વીજ ઉત્પાદન વધતા ઘરમાં હાઈ વોલ્ટેજની સમસ્યા ઊભી થાય છે, જયારે રાત્રે પાવરની ડિમાન્ડ વધતા પીજીવીસીએલના ફીડર બેસી જવાની ઘટનાઓ બને છે. આ બંને પ્રશ્નોને કારણે સોલાર પેનલ ધરાવતા નાગરિકોના ઘરમાં અને તેની આજુ - બાજુના ઘરમાં પણ દિવસના સમયે ઈલેક્ટ્રીક સાધનો ઊડી જવાની કે બગડવાની સમસ્યા ઊભી થઈ રહી છે જયારે રાત્રે વોલ્ટેજ ઘટતા કે ફીડર ખોટકાતા સાધનો ચાલુ ન થવાની કે લો વોલ્ટેજની સમસ્યા ઊભી થાય છે. ઉનાળા દરમિયાન આ સમસ્યા વધતી હોય છે. સોલાર પેનલનો પાવર ગ્રીડમાં જતો હોય છે એક્સેસ પ ાવર જનરેટ થતા વોલ્ટેજ ૨૪૦ થી વધીને ૨૭૦ થાય છે ત્યારે હાઈ વોલ્ટેજની સમસ્યા ઊભી થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉનાળાની સિઝનમાં ખાસ કરીને બપોરે ૧૨ થી ૪ માં સોલાર પેનલમાં પાવર વધારે જનરેટ થતા એકદમ વોલ્ટેજ વધે છે. જેમ કે શરીરમાં હાઈ બીપી હોય તેવી જ રીતે હાઈ વોલ્ટેજ ઉપકરણોને અંદરથી ખોખલા કરે એક ટીવીની આવરદા ૧૦ વર્ષ હોય તો તે પાંચ વર્ષમાં પણ બગડી શકે. વારંવાર સંસાધનો ને રીપેર કરાવવા પડે કે ઉડી પણ જાય તેવી અનેકવિધ સમસ્યાઓ સર્જાઈ રહી છે. આ સમસ્યાના નિવારણ માટે કચ્છમાં અનેક લોકોને પોતાના ઘરોમાં પુનઃ સ્ટેબીલાઈઝર વસાવવાની ફરજ પડી રહી છે. ન માત્ર સોલાર પેનલ ધરાવતા ઘરો પરંતુ સોલાર પેનલ વિનાના ઘરોમાં પણ વોલ્ટેજની સમસ્યા સતાવી રહી હોઈ હાલે ગ્રાહકો પરેશાની ભોગવી રહ્યા છે.

સરકારી યોજનાઓમાં

ફેમિલી કાર્ડ પ્રોજેક્ટની પ્રગતિ પર પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. વ્યક્તિગત લાભાર્થીઓની વિગત અને કુટુંબની વિગતોને મર્ચ કરી ફરીથી જૂથબદ્ધ કરવામાં આવશે. ફેમિલી કાર્ડ પ્રોજેક્ટથી સરકાર અને લાભાર્થી પરિવાર બન્નેને લાભ થશે. નાગરિકોને રાશન, મફત અથવા સબસીડીવાળા આવાસ, વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ, આરોગ્ય સેવાનો લાભ મળશે જ્યારે સરકારને તમામ યોજનાઓ અંતર્ગત લાભાન્વિત થતા પરિવારોનો ડેટા એક જ જગ્યાએ મળી રહેશે. લોકસભા ચૂંટણી પૂર્ણ થયા બાદ રાજ્યમાં ફેમિલી કાર્ડ પ્રોજેક્ટ અમલી થાય તેવી પ્રબળ સંભાવના છે.

જાહેર અપીલ

આગામી લોકસભા ચૂંટણી તારીખ ૦૭-૦૫-૨૦૨૪, મંગળવારના યોજાવાની છે ત્યારે રાષ્ટ્રહિતને ધ્યાને રાખીને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના હાથ મજબુત કરવા માટે ભારતીય જનતા પાર્ટીને મતદાન કરવા માટે રબારી સમાજને અપીલ. આપ સૌ જ્ઞાતિબંધુ જાણો છો કે વર્તમાન સમયમાં સનાતન ધર્મને ઉજાગર કરવાની વાત હોય કે આપણા સૌના ઈષ્ટદેવ ભગવાન શ્રી રામનું અયોધ્યામાં ભવ્ય મંદિર જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં નિર્માણ થયું છે ત્યારે સરકાર દ્વારા અનેક યોજનાઓના માધ્યમથી પશુપાલકોના ઉત્થાન માટે જ્યારે સરકારે ખુબ સારા કામો કર્યા છે ત્યારે સૌ જ્ઞાતિબંધુઓને ભારતીય જનતા પાર્ટીની તરફેણમાં મતદાન કરવા માટે આહવાન કરૂં છું.

લિ. કરણાભાઈ મેરાભાઈ રબારી
પ્રમુખ, કચ્છ ઢેબર રબારી સમાજ, અંજાર (કચ્છ)

॥ શ્રી રામ ॥



અમૃત મહોત્સવ
આર્ય સમાજ લુડવા
સાંસ્કૃતિક ડાયરો
શ્રી સાંઈરામ દવે
જાહેર નિમંત્રણ
રવિવાર, તા. ૫/૫/૨૦૨૪
રાત્રે ૯.૦૦ કલાકે

આર્ય સંસ્કૃતિને વરેલા લુડવા ગામને ૭૫ વર્ષ પૂર્ણ થતા આર્ય સમાજ લુડવા અને ગ્રામજનો દ્વારા અમૃત મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. અમૃત મહોત્સવની ઉપલક્ષીમાં યોજાયેલા ત્રિદિવસીય મહોત્સવમાં વિવિધ આયોજનો કરવામાં આવેલ છે જેમાં આજરોજ રાત્રે જાણીતા લોક સાહિત્યકાર સાંઈરામ દવેનો સાંસ્કૃતિક ડાયરો ધર્મપ્રેમી - રાષ્ટ્રપ્રેમી જાહેર જનતાને તેનો લાભ લેવા જાહેર નિમંત્રણ છે.

-:: નિમંત્રક ::-
આર્ય સમાજ લુડવા અમૃત મહોત્સવ સમિતિ
બૃહદ લુડવા આર્ય સમાજ એવમ્ સમસ્ત ગ્રામજનો
ગામ : લુડવા, તા.માંડવી (કચ્છ)

ગાંધીધામ ચેમ્બરની મહિલા પાંખ દ્વારા દિશા ફાઉન્ડેશનના સહકારથી ‘‘મારા એક મતની શક્તિ’ વિષય પર વક્તૃત્વ સ્પર્ધાનું કરાયું આયોજન

‘‘મારો મત- મારો અવાજ’’ એવા ગર્વ સાથે લોકશાહીના પર્વની ઉજવણી કરવા ગાંધીધામ ચેમ્બરનું આહવાન

ગાંધીધામ : મજબૂત લોકતંત્ર અને લોકશાહીના પર્વ સમાન આ ‘‘મતદાન’ માં પ્રત્યેક મતનું મૂલ્ય હોય છે અને ખાસ કરીને પ્રથમ વખત મતદાન કરતા યુવાનો દેશના લોકતંત્રને જાણે, સમજે અને જવાબદારીપૂર્વક તેના મૂલ્યવાન મતનો ઉપયોગ કરે, તે જરૂરી છે ત્યારે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સની મહિલા પાંખ ધ્વારા દિશા ફાઉન્ડેશનને સાથે રાખી, ચેમ્બર ભવન ખાતે ‘‘મારા એક મતની શક્તિ’ જેવા વિષય પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન હાથ ધરાયું હતું.

આ અંગે ગાંધીધામ ચેમ્બર પ્રમુખ મહેશ પુજના જણાવ્યા અનુસાર લોકશાહીનો આ અવસર આવી રહયો છે અને સહુએ તે સાથે મળીને ઉજવવાનો છે, લોકતંત્રમાં મતદારથી મોટું કોઇ નથી અને મજબૂત લોકતંત્રના પાયામાં, એક-એક મત મહત્વનો છે ત્યારે પ્રત્યેક મતદાર તેના મતનો ઉપયોગ અવશ્ય કરે સાથે-સાથે તેનું યથાયોગ્ય સ્વમૂલ્યાંન કરી શકે તેવા શુભ ઉદ્દેશ્યથી લોકશાહીના અવસરને ઉજવવા અને સમજવા આ વિષય પર વક્તૃત્વ સ્પર્ધા ચેમ્બરની મહિલા પાંખે યોજી છે. તેમાં ભાગ લેતા સંકુલના યુવાઓએ અનેરો ઉત્સાહ બતાવતાં પ્રશંસા સાથે વધુમાં વધુ મતદાન થકી આ મહત્વપૂર્ણ કર્તવ્ય બજાવવા અપીલ કરી હતી.

ચેમ્બરના માનદ મંત્રી મહેશ તિર્થાણીએ જણાવ્યું હતું કે, આ સ્પર્ધા માટે ચેમ્બરનો હેતુ યુવાનોમાં લોક્જાગૃતિ અને સામાજિક જવાબદારીની ભાવનાઓને પ્રોત્સાહન આપવાનો છે. વધુમાં તેમના વક્તવ્યમાં મતદાનનું મહત્વ, સક્રિય નાગરિક બનવા અને સમાજને મજબુતાઈ આપવા માટે વ્યક્તિગત રીતે સુદ્દઢ ભવિષ્ય ધરાવતી ક્ષમતા સાથે સકારાત્મક વિચાર અને પ્રોત્સાહિત કરવાનો એક ઉત્તમ માર્ગ બની રહેરો, તેમ જણાવી જેમ દેશની સરહદી સુરક્ષાઓ માટે જવાનો ફરજ બજાવી રહેલ છે, તેવી જ રીતે લોકશાહીને મજબુત કરવા અને વિશ્વભરમાં દેશની આંતરિક સુરક્ષાને મજબુત કરવા ‘‘સર્વે દાન પૈકીના શ્રેષ્ઠ મતદાન’’ ને ગણાવી અન્ય તહેવારોની ઉજવણીની જેમ જ ઉત્સાહપૂર્વક આ મહા પર્વમાં જોડાવવા તથા યુવાઓથી જ દેશનું ભાવિ ઉજ્વળ છે, તેમ ઉમેરી જે ભારતમાં વધુ વસ્તી એ અભિશાપ હેવાતો એ જ આજે મજબુત લોકશાહીનોવિશ્વભરમાં અવાજ બની રહેલ છે, ત્યારે નૈતિક જવાબદારી સમજી યુવાઓને આગળ આવવા આહવાન કરેલ.

સમગ્ર કાર્યક્રમ માટે ગાંધીધામ ચેમ્બરની મહિલા વીંગના ક્વીનર રાખી નાહટા, સહ ક્વીનર્સ મમતા આહુજા અને સુરભી આહિરની રાહબરી હેઠળ દિશા ફાઉન્ડેશનના સંસ્થાપક કવિતા કેસરીયા અને દીપા મોટવાણી ધ્વારા આયોજન હાથ ધરાયું હતું.

તેઓ તરફથી એક સંયુક્ત નિવેદનમાં યુવાનો આ સ્પર્ધામાં ભાગ લઇ તેમના વિચારો અને મંતવ્યો શેર કરી એક સજાગ અને સાક્ત સમાજ બનાવવામાં અગ્રેસર થાય, તેવા આશાવાદ સાથે વધુને વધુ સંખ્યામાં લોકો આ લોકશાહીના પર્વની ઉજવણીમાં જોડાય, તે માટે શુભેચ્છા વ્યક્ત કરેલ.

‘‘મારો મત - મારો અવાજ’’ એવા ગર્વ સાથે પ્રથમ વાર મતદાન કરવા માટે ગાંધીધામ ચેમ્બરના પ્લેટફોર્મ પરથી તેમના અવાજ માટે ઉત્સાહિત ગાંધીધામ-આદિપુર સંકુલના ૨૬ જેટલા પ્રતિસ્પર્ધીઓએ અંગ્રેજી, હિન્દી અને ગુજરાતી ભાષામાં તેમના વિચારો રજુ કરી ઉપસ્થિત શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ સ્પર્ધામાં અનુક્રમે કુ. દ્રષ્ટિ કરી પ્રથમ, હરિ રામાનંદી દ્વિતીય અને ૩. ખુરાલી જાડેજા તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા. જેમને ચેમ્બર ધ્વારા ઇનામો આપી સાથે ભાગ લેનાર તમામને ચેમ્બરની મહિલા પાંખ ધ્વારા પ્રમાણપ ત્ર એનાયત કરી પ્રોત્સાહિત કરાયા હતા. સ્પર્ધાનું સંચાલન ચેમ્બરના માનદ મંત્રી મહેશ તિર્થાણી તથા મહિલા પાંખના કો-કન્વીનર મમતા આહુજાએ સંભાળેલ તેમજ નિર્ણાયક તરીકે એસ. આર.કે. ઇન્સ્ટીટયુટના પ્રિન્સીપાલ નિર્દેશ બુચ અને માઉન્ટ કાર્મેલ સ્કુલના નિવૃત શિક્ષિકા નિરૂપમા આશરે સેવા આપેલ. આ સ્પર્ધામાં ગાંધીધામ ચેમ્બરના પ્રમુખ મહેશભાઈ પુજ, ઉપપ્રમુખ દિપકભાઈ પારેખ, માનદ મંત્રી મહેશભાઈ તિર્થાણી, પૂર્વ પ્રમુખ તેજાભાઈ કાનગડ, કારોબારી સમિતિના સભ્યો સર્વ જગદીશભાઈ નાહટા, અનિમેષભાઈ મોઠી, શરદભાઈ શેઠી, વુમેન્સ વીંગના ન્વીનર રાખી નાહટા, કો-કન્વીનર્સ મમતા આહુજા અને સુરભી આહિર તથા દિશા ફાઉન્ડેશનના કવિતા કેસરીયા અને દિપા મોટવાણી તથા સંકુલની સ્કુલોના શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ વાલીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો, તેવું એક અખબારી યાદીમાં માનદ મંત્રી મહેશભાઈ તિર્થાણીએ જણાવ્યું છે.

અંજારમાં શ્રી મામૈદેવ બગથડા દાદાનો યાત્રા મહોત્સવની કરાશે ઉજવણી

ગાંધીધામ : મહેશપંથી મહેશ્વરી સંપ્રદાયના ઈષ્ટદેવ પરમ પુજ્ય દેવશ્રી મામૈદેવ બગથડા દાદાનો યાત્રા મહોત્સવ ગત વર્ષની જેમ હાલમાં ચૈત્ર વદ અમાસ તા. ૦૮/૦૫/૨૦૨૪ ને બુધવારના રોજ ધાર્મિક રીતે ઉજવવામાં આવશે. યાત્રા મહોત્સવ ઉજવણીની તૈયારી જેસલ-તોરલ સમાધીની બાજુમાં શ્રી મામૈદેવ બગથડા મંદિર સ્થાનકે જોરશોરથી ચાલી રહી છે. આ યાત્રા મહોત્સવ મહેશપંથી સંપ્રદાયના પીર સાહેબશ્રી નારાયણદેવ લાલણ સાહેબની આગેવાનીમાં અને યાત્રાધામના પુજારી ખીમજીદાદા માતંગના સાનિધ્યમાં ઉજવવામાં આવશે. શ્રી મામૈદેવ બગથડા મંદિરે યાત્રા મહોત્સવમાં ધર્મગુરુશ્રીઓ, સામાજીક અગ્રણીશ્રીઓ, મહેમાનોનું સન્માન તેમજ ધર્મગુરૂશ્રીઓ ધ્વારા જ્ઞાનશાસ્ત્ર, ધ્વજારોહણ તેમજ પંચામૃત સ્નાન, મહાયુપ, તેમજ દાદાની મહાઆરતી તથા દાદાની ધુન પર રાસ વિગેરે કાર્યક્રમ સંપૂર્ણ શાસ્ત્રોકતવિધિથી કરવામાં આવશે, તા. ૦૮/૦૫/૨૦૨૪, બુધવારના વહેલી સવારના ધ્વજા ચડાવવામાં આવશે તથા દાદાને ભેટુ ચડાવવામાં આવશે તથા સવારના ૧૦:૧૫ વાગ્યે યાત્રાધામના પ્રમુખ ખીમજીભાઈ પાલુભાઈ સિંધવ અને વીમળાબેન ખીમજીભાઈ સિંધવ દંપતિના વરદહસ્તે મામૈદેવ મંદિર સ્થાનકે પવિત્ર બારમતીપંથ કરવામાં આવશે. આ યાત્રા મહોત્સવ સવારના ૦૫:૦૦ કલાકેથી સાંજના ૦૭:૦૦ વાગ્યા સુધી ઉજવવામાં આવશે, જેમાં સમગ્ર કચ્છ, હાલાર તેમજ ગુજરાત રાજયમાંથી પાંત્રીસથી ચાલીસ હજાર ભાવીકો ઉપસ્થિત રહી યાત્રા મહોત્સવનો લાભ લેશે. યાત્રા મહોત્સવને સફળ બનાવવા મંદિરના પુજારી ખીમજીદાદા ધનજીદાદા માતંગ, ધર્મગુરુ શંભુભાઈ આત્મારામ મારાજ તેમજ અંજાર નગરપાલિકા અને સમાજના પુર્વ પ્રમુખશ્રી સામજીભાઈ પાલુભાઈ સિંધવ, સમાજના માજી પ્રમુખ લાલજીભાઈ કે. મહેશ્વરી, સમાજના અગ્રણી રામજીભાઈ કે. ઘેડા, શ્રી અંજાર મહેશ્વરી સમાજ ના યુવા અગ્રણી અને અંજાર નગર પાલિકાના સામાજક ન્યાય સમિતિના ચેરમેન મયુરભાઈ ખીમજીભાઈ સિંધવ, સમાજ અને યાત્રાધામના પ્રમુખ ખીમજી પાલુભાઈ સિંધવ તથા હોદેદારો ખમુભાઈ ખીમરાજભાઈ માતંગ, હીરજીભાઈ દેશરભાઈ નોરીયા, ડાયાલાલભાઈ કેશવજીભાઈ બળગા, હિરજીભાઈ દેવજીભાઈ નોરીયા, લાલજીભાઈ વેલજીભાઈ બળગા, મંગલજીભાઈ દેવરાજભાઈ ઢેરા, ગોપાલભાઈ પચાણભાઈ કોચરા, સુરેશ વી. ગંઝક તથા શ્રી મામૈદેવ યુવા ગ્રુપ, શ્રી વિજયનગર યુવા ગ્રુપ, શ્રી મતિયાનગર યુવા ગ્રુપ, શ્રી લુણંગનગર યુવા ગ્રુપ, તેમજ સર્વે સ્વયંસેવકો વિગેરે જહેમત ઉઠાવી રહયા છે. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા અંજાર નગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ અને કર્મચારીગણ, પોલીસ સ્ટાફના અધિકારીશ્રીઓ અને કર્મચારીગણ તેમજ પી.જી.વી.સી.એલ. સ્ટાફના અધિકારીશ્રીઓ અને કર્મચારીગણ પુરતી સેવા તેમજ સહકાર આપી રહયા છે તેવું યાત્રાધામના મહામંત્રી હીરજીભાઈ ડી. નોરીયાની યાદી જણાવે છે.

સુડોકુ

				3				9
4	3							7
	9	8			5			1
		6	4			3	7	
			6		9			
	7	2			8	6		
3			9			4	5	
2							8	3
7				2				

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

ગઈકાલનો ઉકેલ

2	5	9	8	7	6	4	3	1
8	1	6	2	3	4	5	9	7
7	4	3	9	1	5	6	8	2
6	2	8	3	5	1	7	4	9
5	9	1	7	4	2	3	6	8
3	7	4	6	9	8	2	1	5
1	6	7	5	8	3	9	2	4
9	8	2	4	6	7	1	5	3
4	3	5	1	2	9	8	7	6

અવસાન નોંધ

ગાંધીધામ : મૂળ ગામ માખેલ રંભાબેન ઠાકરશીભાઇ ચંદે (ઉ.વ. ૯૩) તે સ્વ. ઠાકરશીભાઈ કેવલરામભાઈ ચંદેના પત્ની, સ્વ. કેવલરામ ભીમજીભાઈ ચંદેના પુત્રવધૂ, સ્વ. ટોકરશીભાઈ પાનાચંદભાઈ પુજારા (મોડાવાળા)ના પુત્રી, સ્વ. કાનજીભાઈ, કેશુરામભાઈ પ્રભુરામભાઇ પુજારા, મોંઘીબેન લખમશીભાઈ તન્નાના બહેન, રસિકભાઈ, જયંતીભાઈ, મહેશભાઈ, કમલાબેન બચુલાલના માતા, શારદાબેન, દક્ષાબેન, મીનાબેન, બચુલાલ ચત્રભુજના સાસુ, જયાબેન ઈશ્વરલાલ ચંદેના કાકીજી સાસુ, ઈશ્વરલાલ, મંજુલાબેન, દક્ષાબેન, પ્રભાબેન, અનિલભાઈના કાકી, સંજય, ભાવેશ, સાવન, સુનીલ, પ્રતીક, અલ્પા, આશા, મનિષા, કિરણ, પૂજા, જિનલ અને ખુશીના દાદી, નયનાબેન સંજયભાઈ, વૈશાલીબેન સુનીલભાઈના દાદીજી તા. ૩-પના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૬-પના સવારે ૧૦થી ૧૧ સુધી નૂતન લોહાણા મહાજનવાડી ભારતનગર ગાંધીધામ ખાતે.

ગાંધીધામ : મૂળ મોટી ખાખરના સામાબેન સંજોટ (ઉ.વ. ૭૨) તે સ્વ. રામકુમાર સંજોટના પત્ની, પૂનમબેન જાટ (પૂર્વ સાંસદ), કિશોરભાઈ, સુશીલભાઈ, સંગીતા સંજોટના માતા, વેલજીભાઈ જાટના સાસુ, દિવ્યેશ, રિશીકેશ, વેદિકાના નાની, ધૈર્ય, દિવ્યાંશુ, ધાનેશ, ઉર્વીશના દાદી તા. ૩-પના અવસાન પામ્યા છે. આગરી તા. ૫-પના તથા ઘડાઢોળ (પાણીવિધિ) તા. ૬-પના મકાન નં. ૨૦, નીલકંઠ હોમ્સ, ગળપાદર એરપોર્ટ સામે. પ્રાર્થનાસભા તા. ૬-પના સાંજે ૫:૩૦થી ૬:૩૦ અંબાજી મંદિર હોલ, ઓસ્લો ખાતે.

રવ મોટી (તા. રાપર) : અંતરબા લાલુભા જાડેજા (ઉ.વ. ૮૫) તે મનુભાના ભાભી, ગુલાબસિંહ, ખીમુભા, અનિરૂદ્ધસિંહ, લીલાબાના માતા, બાલુભા, દિલુભાના મોટીમા, મહાવીરસિંહ, અક્ષયરાજસિંહ, જિગરસિંહના દાદી તા. ૨૭-૪ના અવસાન પામ્યા છે. ઉત્તરક્રિયા તા. ૬-પના સોમવારે નિવાસસ્થાને.

ભુજ : ગં.સ્વ. સુશીલાબેન (રેવાબેન) શંભુલાલ ગણાત્રા (ઉ.વ. ૯૨) તે સ્વ. શંભુલાલ વાલજીભાઇ ગણાત્રા (મુંદરા)ના પત્ની (ઠા. છગનલાલ ધરમશી ગાંધી પરિવાર), સ્વ. લાલજીભાઇ તુલસીદાસભાઈ થોભરાણી (ભુજ)ના પુત્રી, કીર્તિ ગણાત્રા (જિ.પં.), ચંદ્રિકાબેન (અંજાર)ના માતા, મીનાબેન (કોર્ટ - ભુજ), શાંતિલાલ મજેઠિયા (અંજાર)ના સાસુ, પ્રતીક, કશ્યપના દાદી, પાનેરી ગણાત્રાના દાદીસાસુ, પ્રાંશીના પરદાદી, જિજ્ઞા (અંજાર), ચાર્મી (મુંદરા)ના નાની, સ્વ. રામદાસભાઈ, સ્વ. ધનજીભાઇ, ચૂનીલાલભાઇ, સ્વ. બચુબેન, ગં.સ્વ. જયાબેન, ગં.સ્વ. પ્રભાબેન, સ્વ. કિશોરભાઇ, શશિભાઈ, પુષ્પાબેન (ભુજ)ના બહેન, સ્વ. દ્વારકાદાસભાઇ, સ્વ. વિરજીભાઇ, સ્વ. ચંદુલાલભાઇ (મુંદરા), સ્વ. મણિબેન (માંડવી), સ્વ. શાન્તાબેન (ગાંધીધામ)ના ભાઇના પત્ની બરોડા ખાતે અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૫-પના રવિવારે સાંજે પથી ૬ નાનજી સુંદરજી સેજપાલ ભીવંડીવાલા લોહાણા મહાજનવાડી, પ્રથમ માળે. રૂખાણા હોલ, ભુજ ખાતે. લૌકિક વ્યવહાર બંધ છે.

માધાપર (તા. ભુજ) : લોઢિયા રઝાક અલીમામદ (ઉ.વ. ૪૫) તે અલીમામદ આમદના પુત્ર, મ. અબ્દુલ, મહેબૂબના ભાઈ, મુસ્કાન, અબ્દુલના પિતા, હાસમ, નૂરમામદ, રજબલી, અમીર હુસેન, કાસમ, જુશબના ભત્રીજા, મ. હાજી સુમાર (ખેડોઈવાળા - હાલે ભુજ)ના ભાણેજ, ફારૂક, ફૈઝલ, સાહિલ (ભાણેજ), પરવેઝ, શીરીન, ફરઝાના, ફહીમબાનુ, મોહંમદ અરમાન, રેહાનના મામા, માહિરાના મોટાબાપા, તાલબ દાઉદ (મોટી વિરાણી), ફિરોઝ ફકિરમામદ (ગેલડા), આરીફ દાઉદ (ભુજ)ના સાળા, ફરદીન ફિરોઝ (ભુજ)ના સસરા અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૬-પના સોમવારે સવારે ૧૦થી ૧૧ વાગ્યા સુધી માધાપર મુસ્લિમ જમાતખાના મધ્યે.

માધાપર (તા. ભુજ) : જયાબેન કાનજીભાઈ રાઠોડ (ઉ.વ. ૮૫) તે રમેશભાઇ, પ્રદીપભાઇ, કિશોરભાઇ, હર્ષિદાબેનના માતા, કોકીલાબેન, જોસનાબેનના સાસુ, મિત્તલ, ભરત, પરેશના દાદી, નેહાબેન ભરતભાઇ રાઠોડ, જિજ્ઞાબેન પરેશભાઇ રાઠોડના દાદી સાસુ, પરી, ક્રિષ્ના, હીર, ભાગ્યરાજના પરદાદી અવસાન પામ્યા છે. બેસણું તા. ૬-પના સોમવારે સાંજે ૫:૩૦થી ૬:૩૦ મિસ્ત્રી સમાજવાડી, બસ સ્ટેશન પાસે, માધાપર જૂનાવાસ ખાતે.

મોટા કાંડાગરા (તા. મુંદરા) : જાડેજા નાનાબા સાહેબજી (ઉ.વ. ૯૦) તે સ્વ. જીલુભા, દિલુભા, સ્વ. દશરથસિંહના માતા, પ્રફુલ્લસિંહ, યુવરાજસિંહ, યોગરાજસિંહ, રાહુલસિંહ, મિતરાજસિંહના દાદી અવસાન પામ્યા છે. બેસણું મોટા કાંડાગરા રાજપૂત ક્ષત્રિય સમાજવાડી ખાતે. ઉત્તરક્રિયા તા. ૭-પના મંગળવારે.

કચ્છ ઉદય

કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.

અવસાન નોંધ માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.

સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેકટર-૧/એ, ગાંધીધામ

અંજાર નગરપાલિકામાં કાયમી કર્મચારી તરીકે ફરજ બજાવતા મહેકમ ક્લાર્કનું વિદાય સમારંભ યોજાયો

અંજાર : અંજાર નગરપાલિકામાં કાયમી કર્મચારી તરીકે ફરજ બજાવતા મહેકમ ક્લાર્ક પરેશભાઈ નાનાલાલભાઈ શાહ વય મર્યાદાના કારણે નિવૃત થતા તેમને વિદાય આપવા એક વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે તેઓ શ્રી ને ચીફ ઓફિસર પારસકુમાર મકવાણા સાહેબે સાલ ઓઢાડી પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કર્યું હતું.

પોતાના વક્તવ્યમાં ચીફ ઓફિસર પારસકુમાર મકવાણા એ જણાવ્યું હતું કે, પરેશભાઈ શાહએ એક નિષ્ઠાવાન કર્મચારી તરીકે ૩૮ વર્ષ સુધી સંસ્થાની સેવા કરી છે. તેમના મિલન સાર સ્વભાવના કારણે દરેક કર્મચારીઓ સાથે તેમનો સંબંધ આત્મીયતા સભર રહ્યે છે. તેમનું નિવૃત્તિમાં જીવન પરિવાર સાથે ખુશાલી સાથે ગાળે તેવી શુભેચ્છાઓ પાઠવું છું.

ઓફિસ સુપ્રિટેન્ડન ખીમજીભાઇ પાલુભાઈ સિંધવ અનિવાર્ય સંજોગોને કારણે આ પ્રસંગે ઉપસ્થિત રહી શક્યા ન હતા પરંતુ તેમણે પણ શુભેચ્છા સંદેશ પાઠવેલો.સાથી કર્મચારીઓએ પુષ્પ ગુચ્છ દ્વારા શુભેચ્છાઓ પાઠવી હતી.આ પ્રસંગે નિવૃત્ત થતા કર્મચારી પરેશભાઈ શાહે જણાવ્યું હતું કે, આ સંસ્થામાં જાણે એક પરિવાર સાથે હું કામ કરી રહ્યો છું તે હું મને લાગી રહ્યું હતું. હંમેશા સર્વે પદાધિકારીઓ, અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા મને સહયોગ મળેલો છે. તે બદલ હું સૌનો આભારી છું. આ સંસ્થા સાથેના મારા સંસ્મરણો ચીરસ્થાઈ રહેશે. સંસ્થાને ક્યારે પણ મારી સેવાની જરૂર હશે તો તે સેવા આપવા, હું હંમેશા તૈયાર છુ.કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ ઈન્ટર્નલ ઓડિટર સંદીપભાઈ ચુડગરએ કર્યા હતા.આ પ્રસંગે ચીફ ઓફિસર પારસકુમાર મકવાણા, સંદીપ ભાઈ ચુડાગર, નરસિંહભાઈ દાવા, ભરતભાઈ ઠક્કર, અનસભાઈ ખત્રી, સાવન ભાઈ પંડ્યા, ગુંજનભાઈ પંડ્યા, તેજપાલભાઈ લોચાણી, અનિલભાઈ ત્રિપાઠી, જીતેન્દ્રભાઈ જોશી, નિશાંતભાઈ ગક્કર, વિનોદભાઈ શામળીયા, પૂર્વ કર્મચારીઓ સુરેશભાઈ છાયા, મગનભાઈ કન્નડ, ભારતીબેન બારોટ, ચૈતાલીબેન રાઠોડ, કિંજલબેન શાહ, ટવીંકલ બેન વેગડ, મીરલબેન વેગડ, દાનવી બેન સોરઠીયા, જ્યોતિબેન સોરઠીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ભચાઉમાં દેશી દારૂના અડ્ડાઓ બેફામ ધમધમતા હોવાની રાવ

ભચાઉ : શહેરમાં દેશીદારૂનાં અડ્ડાઓ બેફામ ધમધમી રહ્યા છે. ખાસ ભચાઉ હાઈવેની હોટલો પર પણ બે નંબરનો વેપલો ચાલુ હોય તે પણ સમાચાર મળી રહ્યા છે. ભચાઉના ખાડા વિસ્તારમાં દેશી દારૂનો પોઈન્ટ બેફામ ધમધમી રહ્યો છે. નાની ઉંમરનાં યુવાઓ પણ દેશીદારૂનાં રવાડે ચઢી ગયા છે.

કાયદો વ્યવસ્થાને નેવે મૂકીને દેશી દારૂનું વેચાણ ખુલ્લેઆમ થઈ રહ્યું હોય તે રાવ ભચાઉના જાગૃત નાગરિકોએ જણાવ્યું હતું. અને આગામી સમયમાં આ દારૂના હાટડા પર જનતા રેડ કરવામાં આવેશ તે પણ જણાવ્યું હતું. વિસ્તારમાં દારૂડિયાઓનો ત્રાસ પણ છે. સાંજના સમય મહિલાઓને પણ બહાર જવામાં મુશ્કેલી પડતી હોય છે. અગાઉ પણ એક દારૂડિયો વિડિયો સોશીયલ મીડિયામાં વાયરલ થયો હતો પણ તંત્રની રહેમ નજરનાં કારણે આ હાટડા બેફામ ધંધો કરી રહ્યા છે. તંત્ર આ મુદ્દાને ગંભીરતાથી લઈ અને સ્થાનિકોના પ્રશ્નનું નિરાકરણ લઈ આવે નહિતર દેશીદારૂની હાટડીઓ પર સોશ્યલ મીડિયાના માધ્યમથી લાઈવ કરી અને જનતા રેડ કરવામાં આવશે. જનતા રેડ દરમિયાન સ્થાનિકો પર કોઈ પણ અનિચ્છનીય બનાવ બનશે તો તેની સમગ્ર જવાબદારી અધિકારીની રહશે તે જાગૃત નાગરિકો કે જણાવ્યું હતું.

ભચાઉ નવા બસ સ્ટેશનમાં લાગેલા સીસીટીવી કેમેરા બંધ ?

ભચાઉ : શહેરમાં આમ તો અનેક જગ્યાએ સીસીટીવી કેમેરા બંધ છે તે સામાન્ય બાબત છે પણ ભચાઉના પ્રવેશદ્વાર અને હજારો લોકોની અવર જવર રહે છે. ગુજરાતમાં ત્રીસ વર્ષ થયા ભાજપની સરકાર હોવા છતાં ચૂંટણી આવે ત્યારે મોટા વચનો આપવામાં આવે છે. અને ઉદઘાટનનો ચૂંટણી આવે ત્યારે થતાં હોય છે. જે કામ થયા હોય તેની દરકાર (સાળ સંભળા) ક્યારે લેવામા આવતી નથી, જેના કારણે વાગડના વિકાસ રૂધાય છે. છાસવારે ભચાઉ બસ સ્ટેશન જતાં નેતાઓને ક્યારે ? એસટીનાં જવાબદાર અધિકારીઓને પૂછ્યું કે ડેપોમાં કઈ કમી છે. અને છેલ્લા છ મહિનાથી સીસીટીવી કેમેરા બંધ છે જેના કારણે ભચાઉ વિસ્તારમાંથી કોઈ પણ ગુનો કરી અને નીકળી જવું હોય તો એસટી મોકળુ મેદાન હોય તેવું લાગે છે. શું આ વિસ્તારના ચૂંટાયેલ નેતાઓ ચૂંટણી આવે ત્યારે ખાલી આવશે તે પ્રજાના પ્રશ્નનો માટે સમય મળશે ? તો જવાબદાર અધિકારી અને જવાબદાર નેતાઓ ભચાઉ પ્રવેશ દ્વારા એસટી ડેપોમાં સીસીટીવી કેમેરા ચાલુ કરવા માંગ ઉઠી છે.

કંપની સમાચાર

રિલાયન્સ રિટેલની ટીરા બ્યૂટી પ્રસ્તુત કરે છે નવી પ્રાઈવેટ લેબલ બ્રાન્ડઃ ‘નેઈલ્સ અવર વે’

મુંબઈ : રિલાયન્સ રિટેલ્સની ટીરા બ્યૂટી ઘોષણા કરે છે તેની લેટેસ્ટ પ્રાઈવેટ લેબલ બ્રાન્ડ, ‘નેઈલ્સ અવર વે’ના લોન્ચિંગની, જે તેની બ્યૂટી ઓફરિંગ્સમાં એક મોટા વિસ્તરણને પ્રસ્થાપિત કરે છે. આ નવી ફેશન લાઈનમાં સામેલ છે પ્રિમિયમ નેઈલ કલર એન્ડ કેર પ્રોડક્ટ્સની વિશાળ રેન્જ, જેની ડિઝાઈન ખાસ ઉપભોક્તાઓને તેમની પોતાની અનોખી સ્ટાઈલને અભિવ્યક્ત કરવાની સાથે વ્યક્તિગત સર્જનાત્મકતાને હાંસલ કરવા સક્ષમ બનાવે છે.‘નેઈલ્સ અવર વે’ નવીનતમ પ્રોડક્ટ લાઈનની સાથે નખની કાળજી રાખવાની પ્રક્રિયામાં એક નવતર અભિગમ પ્રસ્તુત કરે છે જેમાં જેલ વેલ, સ્વીફ્ટ ડ્રાય, બ્રીધ અવે અને ટ્રીટ કોટ નેઈલ ઈનેમલ કલેક્શન્સનો સમાવેશ થાય છે. આ કલેક્શન રંગોના વૈવિધ્યસભર વિકલ્પો પૂરા પાડે છે, જે સુનિશ્ચિત કરે છે કે તમે દરેક પ્રસંગ અને દરેક મૂડ સાથે સર્વોત્તમ સુમેળ સાધી શકો. વાઈબ્રન્ટ ઈનેમલ્સની સાથે, આ લાઈન નો બમ્પ બેઝ, ક્યુટી કેર અને ટફન અપ સોલ્યુશન્સ સહિતની અનોખી નેઈલ કેર પ્રોડક્ટ્સની સંપૂર્ણ લાઈન પ્રસ્તુત કરે છે જેથી તમારા નખને રક્ષણની સાથે મજબૂતાઈ મળે અને નિખરી ઉઠે. આ રેન્જ અંતર્ગત ૨ ટોન્ડ વેનિશર અને એસેટોન-ફ્રી સ્ક્વીકી ક્લીન જેવી નવતર ઉપરાંત મુલાયમ છતાં અસરકારક નેઈલ ઈનેમલ રિમૂવર્સની પ્રસ્તુતિ કરાઈ છે. સંપૂર્ણ મેનિક્યોર ઉપાય ઝંખી રહેલા ઉપભોક્તાઓ માટે ફ્રેન્ચ ‘એમ અપ એન્ડ નેઈલ્ડ ઈટ જેવી કન્વિનિયન્ટ કીટ પણ ઉપલબ્ધ છે, જે ઘરે બેઠા એક પ્રોફેશનલ જેવી ક્વોલિટી ફિનિશ માટે જરૂરી તમામ ટૂલ્સ પૂરા પાડે છે. Tirabeauty.com પર સંપૂર્ણ ‘નેઈલ્સ અવર વે’ કલેક્શનને એક્સપ્લોર કરો. નેઈલ્સ અવર વેની દુનિયામાં સરી પડો અને તમે પસંદ કરેલા દરેક રંગ અને ફિનિશની સાથે તમારી અંદરની ખરી ચમકને બહાર આવવા દો.

આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડનો ઇક્વિટી શેર્સનો આઈપીઓ ૮ મે, ૨૦૨૪ના રોજ ખૂલશે

અમદાવાદ, : આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (‘‘કંપની’’) બુધવાર, ૮ મે, ૨૦૨૪ના રોજ તેના ઇક્વિટી શેર્સના આઈપીઓ ખોલવાની દરખાસ્ત કરે છે (‘‘ઓફર’’).આઈપીઓમાં રૂ. ૧૦,૦૦૦ મિલિયન (‘‘ફ્રેશ ઇશ્યૂ’’)ના મૂલ્યના ઇક્વિટી શેર્સના ફ્રેશ ઇશ્યૂ અને બીસીપી ટોપ્કો ૭ પીટીઈ લિમિટેડ (‘‘પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર’’) દ્વારા રૂ. ૨૦,૦૦૦ મિલિયન સુધીના મૂલ્યના ઇક્વિટી શેર્સના જેટલી સંખ્યા સુધીના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે (‘‘ઓફર ફોર સેલ’’ અને ફ્રેશ ઇશ્યૂની સાથે મળીને, ‘‘ઓફર’’). કંપની ફ્રેશ ઇશ્યૂમાંથી મળનારી કુલ રકમનો ઉપયોગ (૧) ઓનવર્ડ લેન્ડિંગ માટે ભાવિ મૂડી જરૂરિયાતોને પહોંચ

નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સાકાર થશે વિકસિત ભારતનું સ્વપન

ભુજમાં ભાજપ દ્વારા આયોજીત ભવ્ય રોડ શોમાં અમરાવતીના સાંસદ નવનીતકૌર રાણાએ ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડાની તરફેણમાં મતદાન કરવા કચ્છવાસીઓને કરી અપીલ

રોડશોની સફળતા ભુજવાસીઓના પ્રેમનું દ્રષ્ટાંત : વિનોદભાઈ ચાવડા

કચ્છમાં દરેક બૂથ પર ખીલશે કમળ

ભુજના ટાઉનહોલ ખાતે ભાજપના કાર્યકર્તા સંમેલનમાં વ્યક્ત કરાયો વિશ્વાસ : ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડા, જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ સહિતના અગ્રણીઓએ કાર્યકર્તાઓને આપ્યું માર્ગદર્શન

ભુજ : લોકસભા ચૂંટણીમાં મતદાનને આડે હવે ગણતરીના જ કલાકો બાકી રહ્યા છે, ત્યારે ચૂંટણી પ્રચારના અંતિમ તબક્કામાં ભાજપાએ કચ્છ બેઠકના દરેક બૂથ પર ભાજપનું કમળ ખીલશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ભાજપના સ્ટાર પ્રચારક અને અમરાવતી (મહારાષ્ટ્ર)ના સાંસદ નવનીતકૌર રાણાના ભવ્ય રોડ શો પૂર્વે ભુજના ટાઉનહોલ ખાતે ભાજપ સંગઠનની બેઠક મળી હતી, જેમાં ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડા, જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, ધારાસભ્ય કેશુભાઈ પટેલ સહિતના આગેવાનોએ કાર્યકર્તાઓને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

કચ્છ લોકસભા બેઠક પર સાતમી મેના મતદાન થવાનું છે, ત્યારે કચ્છના તમામ બૂથ પર ભાજપની તરફેણમાં સંપૂર્ણ મતદાન થાય તે માટે સક્રિય રહેવા કાર્યકર્તાઓને અનુરોધ કરાયો હતો. કચ્છના તમામ બૂથ પર ભાજપને લીડ મળે અને એક પણ મતદાર મતદાન કરવાથી વંચિત ન રહે તે સુનિશ્ચિત કરવા અનુરોધ કરાયો હતો. દેશના વડાપ્રધાન પદે નરેન્દ્રભાઈ મોદી અને કચ્છના સાંસદ તરીકે વિનોદભાઈ ચાવડાની હેટ્રીક નિશ્ચિત હોવાનો વિશ્વાસ વ્યક્ત કરાયો હતો. આ બેઠકમાં જિલ્લા ભાજપ સંગઠનના હોદ્દેદારો, વિવિધ મોરચાના પદાધિકારીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ભુજ : ભારતના સંવિધાનની જ એ આગવી ઓળખ છે કે, એક ચા વેચનાર દેશનું સુકાન સંભાળી રહ્યા છે. કોંગ્રેસના પ્રિયંકા વાડરા વડાપ્રધાન મોદીને શહેનશાહ કહે છે. તેમને દેશના સંવિધાનની તાકાતનું જ્ઞાન નથી તેવું ભુજમાં ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાના પ્રચારાર્થે રોડ-શો માટે પહોંચેલા અમરાવતીના સાંસદ નવનીતકૌર રાણાએ જણાવ્યું હતું.

લોકસભા ચૂંટણી પ્રચારના અંતિમ તબક્કે ગઈકાલે ભુજમાં ભાજપ દ્વારા ભવ્ય રોડ શોરનું આયોજન કરવામાં આવ્યું. હતું. આ રોડ શોમાં ભાજપના સ્ટાર પ્રચારક નવનીતકૌર રાણાએ અભૂતપુર્વ જનમેદનીની અભિવાદન કર્યું હતું. ભુજ શહેરના જયુબિલી ગ્રાઉન્ડ સમીપે હોટલ વિરામ પાસેથી રોડ શોનો પ્રારંભ થયો હતો. શહેરના હોસ્પિટલ રોડ, લાલ ટેકરી, અનમરીંગ રોડ, બસ પોર્ટ, હમીરસર તળાવ સહિતના મુખ્ય માર્ગો પર રોડશોએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. આ રોડશોમાં રોડની બંને તરફે ખુબ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. ભાજપના કાર્યકર્તાઓએ મોરબીથી ખાવડા વિનોદભાઈ ચાવડા અને અબ કી બાર ૪૦૦ પારના ગગનભેદી નારા લગાવ્યા હતા. રોડ શોની પૂર્ણાહુતિ બાદ હમીરસરના કાંઠે અમરાવતીના સાંસદ સભ્ય નવનીતકૌર રાણાએ જનમેદનીને રાષ્ટ્રભાષામાં જોશીલું ઉદ્બોધન કર્યું હતું. તેમણે ગત બે ટર્મમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થયેલા વિકાસની ગાથાનું વર્ણન કર્યું હતું. પોતાના ઉદ્બોધનમાં તેમણે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા.

ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાએ રોડશોની અભૂતપૂર્વ સફળતાને ભુજવાસીઓ દ્વારા મળી રહેલા પ્રેમનો પર્યાય ગણાવી હતી. ભુજ શહેરના પ્રબુદ્ધ નાગરિકો, વેપારીઓ, શ્રમજીવીઓ સહિત તમામ વર્ગના લોકોએ રોડશોમાં હાજર રહી ઉત્સાહવર્ધન કર્યું છે તેવું શ્રી ચાવડાએ વધુમાં ઉમેર્યું હતું. તેમણે આગામી પાંચ વર્ષ પણ કચ્છવાસીઓની સેવામાં કોઈ કચાસ નહીં રાખે તેવી ખાતરી પણ ઉચ્ચારી હતી.

ભુજ શહેરના વિવિધ વિસ્તારોમાં ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડા અને અન્ય આગેવાનોનું સન્માન કરાયું હતું. રોડ શો દરમ્યાન ભાજપના કાર્યકર્તાઓ, મહિલા મોરચાની સદસ્યાઓએ રાસ ગરબાથી આકર્ષણ જમાવ્યું હતું. ભાજપના જિલ્લા પ્રમુખ દેવજીભાઈ વરચંદે સફળ રોડ શોના આયોજન બદલ સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કાર્યકર્તાઓને કચ્છ બેઠક પર દરેક બુથ પર લીડ સાથે જીતવા આહવાન કર્યું હતું. ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલે ભુજ વિધાનસભા વિસ્તાર લીડમાં મોખરે રહેશે તેવી લાગણી વ્યક્ત કરી હતી. તેમણે રોડ શોને સફળ બનાવવા બદલ ભુજવાસીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

આ વેળાએ ભાજપના મહામંત્રી દિલીપ શાહ, ધવલભાઈ આચાર્ય, નરેન્દ્રભાઈ પ્રજાપતિ, ઉપપ્રમુખ જયંતભાઈ માધાપરિયા, રાહુલભાઈ ગોર, શીતલ શાહ, તાલુકા ભાજપ પ્રમુખ ભીમજીભાઈ જોધાણી, જિ.પં. પ્રમુખ જનકસિંહ જાડેજા, તા.પં. પ્રમુખ વિનોદભાઈ વરસાણી, ભુજ સુધરાઈના અધ્યક્ષા રશ્મિબેન સોલંકી, શહેર ભાજપ પ્રમુખ બાલકૃષ્ણ મોતા, ગોદાવરીબેન ઠક્કર, અશોકભાઈ હાથી, મહિદિપસિંહ જાડેજા, કમલ ગઢવી, દિવ્યરાજસિંહ જાડેજા, સંજય ઠક્કર, ધર્મેશ ગોર, કશ્યપ ગોર, બિંદિયાબેન ઠક્કર, સંજય ઠક્કર, અનવર નોડે, રસીલાબેન પંડ્યા, જયદીપસિંહ જાડેજા, ભૌમિક વચ્છરાની, તાપસ શાહ, હિતેશ પટેલ, નરેન્દ્રસિંહ જાડેજા, સાત્વિકદાન ગઢવી, ચેતન કતિરા વગેરે ઉપરાંત ભાજપના હોદ્દેદારો - કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

લોકસભા ચૂંટણીમાં ક્ષત્રિય સમાજ ઉદારતાનું દ્રષ્ટાંત પુરૂં પાડશે

ભુજમાં ભાજપ પ્રેરીત ક્ષત્રિય કાર્યકર્તા સંમેલન યોજાયું : રાષ્ટ્ર પ્રથમના મિશનમાં જોડાઈ મતદાન કરશે તેવો ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાએ વ્યક્ત કર્યો વિશ્વાસ

ભુજ : ભાજપ પ્રેરિત રાજપુત ક્ષત્રિય કાર્યકર્તા સંમેલન યોજાયું હતું. ગુજરાત પ્રદેશ ભાજપના વરિષ્ઠ અગ્રણી અને પૂર્વ કેબિનેટ મંત્રી આઈ.કે. જાડેજાની વિશેષ ઉપસ્થિતિમાં કચ્છ જીલ્લા ભારતીય જનતા પાર્ટી પ્રેરિત ક્ષત્રિય કાર્યકર્તા સંમેલન યોજાયું હતું. ભુજ ખાતે પ્રદેશ ભાજપ મહામંત્રી અને સાંસદ વિનોદભાઈ ચાવડા, જીલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ, જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા, ધારાસભ્યો વિરેન્દ્રસિંહ જાડેજા, પ્રદ્યુમનસિંહ જાડેજા, પૂર્વ જીલ્લા પંચાયત પ્રમુખ લક્ષ્મણસિંહ સોઢા સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રવાદી વિચારધારા ધરાવતા ક્ષત્રિય આગેવાનો, ક્ષત્રિય સમાજના વિવિધ ગામના સરપંચો અને ચૂંટાયેલા જનપ્રતિનિધિઓએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને આજના સંમેલનને ભારે સફળતા અપાવી હતી.

સંમેલનને સંબોધતા પૂર્વ પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ આઈ. કે. જાડેજાએ જણાવ્યું હતું કે, આ ચુંટણી એ ભારતના આગામી ૧૦૦ વર્ષનું ભવિષ્ય નક્કી કરતી ચુંટણી છે. કોંગ્રેસ સહિત દેશના અન્ય વિપક્ષો માત્ર આ ચૂંટણીલક્ષી આયોજનો કરવામાં વ્યસ્ત છે ત્યારે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ આજની તારીખમાં ૨૪ કલાક સતતપણે અથાક પરિશ્રમ અને સૂક્ષ્મ આયોજનના સહારે ૨૦૪૭ના પૂર્ણ વિકસિત ભારતના સુદ્રઢ લક્ષ્યાંક લઈને આગળ વધી રહ્યા છે. ક્ષત્રિય સમાજે શિસ્તબદ્ધ સમાજ છે જે અન્ય સમાજોને પણ પરાપૂર્વથી રાહ ચિંધતો આવ્યો છે. પ્રવર્તમાન પરિસ્થિતિ પ્રમાણે દેશ જે રીતે મોદીના વિઝન સાથે આગળ વધી રહ્યો છે, એમાં રાજપૂત ક્ષત્રિય સમાજ પણ મોદીના નેતૃત્વ સાથે રહીને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા પહેલ કરે એવો સૌને સાદર અનુરોધ છે. વધુમાં શ્રી જાડેજા એ જણાવ્યું હતું કે આવા અનેક કારણોસર ક્ષત્રિય સમાજ કોઈ એક વ્યક્તિ વિશેષ તરફ જોવાને બદલે શ્રી મોદીના હાથ મજબૂત કરવા માટે ભારતીય જનતા પાર્ટીની તરફેણમાં જંગી મતદાન કરીને અહીંના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાને ઐતિહાસિક બહુમતીથી વિજયી બનાવવા અગ્રેસર ભૂમિકા ભજવે.

સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે ક્ષત્રિય સમાજ હંમેશાં ભાજપ સાથે જોડાયેલો રહ્યો છે અને આ ચુંટણીમાં પણ રાજપૂત સમાજ એમની ઉદારતા બતાવીને મોદીજીના રાષ્ટ્ર પ્રથમના મિશનમાં સાથે જોડાઈને મને ભારી બહુમતીથી વિજયી બનાવવામાં તેમનું યોગદાન પ્રદાન કરશે એવી મને પૂર્ણ શ્રદ્ધા છે. જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદે જણાવ્યું હતું કે લોકસભાની ચુંટણીમાં હંમેશા સ્થાનિક મુદ્દાઓ કરતા રાષ્ટ્રીય મુદ્દાઓ પર વધુ લક્ષ્ય અપાતું હોય છે ત્યારે દેશના સર્વાંગી હિત અને ભવિષ્યને નજર સમક્ષ રાખીને ક્ષત્રિય સમાજના ભાઈઓ બહેનો ઉમેદવાર વિનોદભાઈ ચાવડાને વિજયી બનાવવામાં અગ્રેસર ભૂમિકા ભજવે તેવો અનુરોધ કર્યો હતો. જિલ્લા પંચાયત અધ્યક્ષ જનકસિંહ જાડેજાએ તેમના ઉદબોધનમાં જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી અને રાજપૂત સમાજ સદાકાળ પરસ્પર પૂરક બનીને રહ્યા છે ત્યારે સમાજના સર્વે અગ્રણીઓ અને યુવાનો રાષ્ટ્રહિતને ઉપલક્ષમાં રાખીને ભાજપ સાથેનો જુનો નાતો જાળવી રાખેએ માટે અપીલ કરી હતી.

અબડાસા વિસ્તારના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે હાલમાં ભારત જ્યારે વિશ્વફલક પર ગૌરવભેર આગળ ધપી રહ્યો છે ત્યારે શ્રી મોદીના સબળ નેતૃત્વ સામે જોઈને આપણે સૌએ મોટું મન રાખીને ભાજપની કેન્દ્ર સરકારના વિઝન અને રાષ્ટ્રહિત માટે આપણે મતદાન કરીને પાર્ટી સાથે રહેવું એ સાંપ્રત સમયમાં દેશની ઉન્નતિ અને વિકાસ માટે અનિવાર્ય છે.

બેઠકમાં જિલ્લા ભાજપ મહામંત્રી ધવલભાઈ આચાર્ય, સમાજના અગ્રણીઓ પ્રવિણસિંહ વાઢેર, નિવૃત્ત પોલીસ અધિકારી પી.કે. જાડેજા, સરપંચ સંગઠનના પ્રમુખ શક્તિસિંહ જાડેજા, વિક્રમસિંહ જાડેજા, હઠુભા જાડેજા (લોરિયા), સુજાનસિંહ જાડેજા, રાજેન્દ્રસિંહ હકુમતસિંહ જાડેજા, મયુરસિંહ જાડેજા (સાંયરા), વિભાજી જાડેજા, નરેન્દ્રસિંહ જાડેજા (કુંભારડી), નરેન્દ્રસિંહ જાડેજા (ભાનાડા), પ્રફુલસિંહ જાડેજા (મંજલ), સહદેવસિંહ જાડેજા, મુન્દ્રા તાલુકા પંચાયત પ્રમુખ મહીદીપસિંહ જાડેજા, અબડાસા તાલુકા પંચાયત પ્રમુખ મહાવીરસિંહ જાડેજા, ભગીરથસિંહ જાડેજા, મહદિપસિંહ જાડેજા સહિત મોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા તેમજ સંચાલન મનુભા જાડેજાએ કરેલ હોવાનું કચ્છ જીલ્લા ભાજપ મિડિયા ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવીની યાદીમાં જણાવાયું હતું.

પૂર્વ કચ્છના વિવિધ પોલીસ મથકોમાં શાંતિ સમિતિની બેઠક સાથે મતદાન કરવા અને કરાવવા અપીલ કરાઈ

રાપર : મંગળવારે યોજનારા મતદાનને લઈને પૂર્વ કચ્છ પોલીસ દ્વારા વિવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે તે અંતર્ગત બોર્ડર રેન્જ આઈજી ચિરાગ કોરડીયા અને પૂર્વ કચ્છ પોલીસવડા સાગર બાગમારની સુચનાથી અંજાર, ગાંધીધામ એ, ગાંધીધામ બી, દુધઈ, આદિપુર, ભચાઉ, રાપર, આડેસર, સામખીયાળી, લાકડીયા, બાલાસર, ખડીર, ગાગોદર પોલીસ મથકે શાંતિ સમિતિની બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં મતદાન મથકો પર કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા મતદારોને કોઈ કનડગત ન કરવા તેમજ મતદારો સાથે માનવીય અભિગમ અપનાવવા અપીલ કરી હતી. ડીવાયએસપી મુકેશ ચૌધરી, સાગર સાંબડા, એ.વી. રાજગોર, ડી.આર.ભાટીયા, ગાંધીધામ એ ડીવીઝન પીઆઈ એમ.એન. દવે, બી ડિવિઝનના પીઆઈ એમ.ડી. ચૌધરી, અંજાર પીઆઈ એસ.ડી. સિસોદીયા, રાપર પીઆઈ જે.બી. બુબડીયા, ભચાઉ પીઆઈ એસ.વી. ગોજીયા, લાકડીયા પી.આઈ આર.આર. વસાવા, આડેસર પીએસઆઈ બી.જી. રાવલ, સામખીયાળી પીએસઆઈ વી.આર. પટેલ, ગાગોદર પીએસઆઈ વી.પી. ડાંગર, ખડીર પીએસઆઈ ડી.જી. પટેલ, બાલાસર પીએસઆઈ વી.એ. ઝા, દુધઈ પીએસઆઈ એમ.એમ. ઝાલા, આદીપુર પીએસઆઈ ડાંગર વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સ્મૃતિવન મ્યૂઝિયમ અને મેમોરિયલ જાહેરજનતા માટે મતદાનના દિવસે બંધ રહેશે

ભુજ : લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત ૭ મે મંગળવારના મતદાન પ્રક્રિયા યોજાનારી છે. જે અનુસંધાને ભુજનું સ્મૃતિવન મેમોરિયલ અને મ્યૂઝિયમ મતદાનના દિવસે બંધ રહેશે. તા. ૬ના સોમવારે સ્મૃતિવન મેમોરિયલ જાહેરજનતા માટે સવારના ૫ કલાકથી રાત્રિના ૧૦ કલાક સુધી તેમજ અર્થક્વેક મ્યૂઝિયમ સવારના ૧૦ કલાકથી સાંજના ૬ કલાક સુધી ખુલ્લું રહેશે તેમ જણાવાયું છે.

મુંદરામાં પોલીસની ફુટમાર્ચ

લોકસભા ચૂંટણી અનુસંધાને આજે સાંજથી પ્રચાર પડઘમ શાંત થઈ જશે ત્યારે મુંદરા પોલીસ દ્વારા એસટીથી બારોઈ રોડ અને શહેરના આંતરિક માર્ગો પર કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તેમજ મતદાન મથકોની આસપાસ સુરક્ષા રહે તે માટે ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ સાથે કરાયેલી ફુટમાર્ચમાં પીઆઈ જે.વી. ધોળાની આગેવાનીમાં સ્ટાફ જોડાયો હતો.

Aadhar Housing Finance Ltd
GHAR BANEGA, TOH DESH BANEGA.
www.aadharhousing.com

We are India's largest^ low-income housing finance company, present in **533** districts across **20** states and UTs*, focusing on providing housing finance to low-income groups and economically weaker sections.

Promoted by BCP Topco (which is managed and/or advised by affiliates of Blackstone Group Inc., one of the world's leading investment firms).

As of December 31, 2023, we had **255,683**** live accounts (including assigned and co-lent loans) and we had the highest number of live accounts among analysed peers in FY 2023, according to CRISIL.

We had the highest **AUM**^ and **Net Worth**^ among analysed peers for the Fiscal 2021, Fiscal 2022, Fiscal 2023, and nine months ended December 31, 2023^, according to CRISIL.

We actively participate in various affordable housing initiatives of the Government of India, such as the **PMAY** scheme.

We are Aadhar Housing Finance.

(*As of December 31, 2023). ^ Gross AUM of Aadhar Housing Finance Limited (Rs. Million): 133,271.0; 147,777.9; 172,228.3; 198,651.6 and Net Worth (Rs. Million): 26,927.6; 31,466.3; 36,976.0; 42,491.0 as on Fiscal 2021, Fiscal 2022, Fiscal 2023, and nine month ended December 31, 2023 respectively. As per CRISIL Report, Aadhar Housing Finance Limited has the highest AUM and net worth amongst select peers in India analysed, as on Fiscal 2021, Fiscal 2022, Fiscal 2023, and nine month ended December 31, 2022 and December 31, 2023. (** LIVE ACCOUNTS: (including assigned and co-lent accounts) 182,471; 204,135, 233,228; 255,683 as of March 31, 2021, 2022, 2023 and December 31, 2023, respectively). # The number of branches does not include regional and corporate offices.

Top 5 Risk Factors; 1.Our Erstwhile Promoters are subject to ongoing regulatory investigations by enforcement agencies including the Enforcement Directorate and the outcome of such investigations may adversely impact us and the Equity Shares held by our Promoter, BCP Topco and the market price of the Equity Shares of our Company. 2. We are party to certain legal proceedings and any adverse outcome in these or other proceedings may adversely affect our business. 3.We depend on the accuracy and completeness of information provided by our potential borrowers and third-party service providers. Our reliance on any misleading information given by potential borrowers may affect our judgment of credit worthiness of potential borrowers, and the value of and title to the collateral, which may affect our business, results of operations, cash flows and financial condition. 4 We have had negative net cash flows in the past and may continue to have negative cash flows in the future. 5.Any increase in the levels of non-performing assets in our AUM would adversely affect our business, results of operations, cash flows and financial condition.

Aadhar Housing Finance Limited is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, an initial public offering of its equity shares (**"Equity Shares"**) and has filed the red herring prospectus dated April 30, 2024 (the **"RHP"**) with the RoC. The RHP is available on the website of SEBI at www.sebi.gov.in, website of stock exchanges i.e. NSE at www.nseindia.com and on the website of the Company at https://aadharhousing.com/ and on the websites of the BRLMs, i.e. ICICI Securities Limited, Citigroup Global Markets India Private Limited, Kotak Mahindra Capital Company Limited, Nomura Financial Advisory and Securities (India) Private Limited and SBI Capital Markets Limited at www.icicisecurities.com, www.online.citibank.co.in/rhtm/citigroupglobalscreen1.htm, https://investmentbank.kotak.com, www.nomuraholdings.com/company/group/asia/india/index.html and www.sbicaps.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk. For details, potential investors should refer to the RHP including the section titled *"Risk Factors"* beginning on page 24 of the RHP. Potential investors should not rely on the DRHP for making any investment decision. Specific attention of the investors is invited to *"Risk Factors"* on page 24 of the RHP.

This announcement is not an offer of securities for sale in the United States or elsewhere. This announcement has been prepared for publication in India only and is not for publication or distribution, directly or indirectly, in or into the United States. The Equity Shares have not been, and will not be, registered under the United States Securities Act of 1933, as amended (the **"U.S. Securities Act"**) and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act. Accordingly, the Equity Shares are only being offered and sold (a) within the United States solely to persons who are reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act) in transactions exempt from or not subject to the registration requirements of the U.S. Securities Act, and (b) outside the United States in "offshore transactions" as defined in and in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur.

Adfactors 41

ઢળતીસાંજે-મોડી રાતે કચ્છમાં ખનીજચોરો મેદાનમાં ખાણખનિજ વિભાગ-પોલીસતંત્ર કેમ કુંભકર્ણિ નિંદ્રામાં...!

લખપત હોય કે, ભુજ, વાગડ હોય કે અબડાસા, ઠેર-ઠેર મોડી સાંજે-રાત્રીના સમયે નિયમ વિરૂદ્ધ ગેરકાયદેસર મશીનો લગાવીને થઈ રહ્યુ છે બિનઅધિકૃત ખનન : કોના બાપની દિવાળી..? : મંજુરી ન હોય તેવા વિસ્તારોમાથી બેફામ ખનીજચોરી રાત્રીના સમયે જ પાર પડાતી હોવાની છે ચર્ચા : કેટલાક કિસ્સાઓમાં તંત્ર રાત્રીના સમયે આવી માઈન્સ પર ત્રાટકે પણ છે, પરંતુ લીઝ છે એમ પરવાનાઓ ચકાસીને પરત આવી જાય છે, તો હકીકતમાં અહી સરકારની નીતીનિયમો અનુસારની કાર્યવાહી થાય છે કે, પછી અમુક ભ્રષ્ટ તત્વો ખનીજચોરોને પોતાનું મોઢું દેખાડવા જ જાય છે અને ભાવબાધણું જ કરી લે છે?

ગાંધીધામ : રણ-દરીયો અને ડુંગરની ત્રિવિધ સુંદરતા ધરાવતા વિશાળ કચ્છ જિલ્લાના પેટાળમાં ખનીજનો અદભુત ખજાનો ધરબાયેલો પડયો છે. અહી આ ખનીજમાથી સરકારને જેટલા પ્રમાણમાં રોયલ્ટીની આવક થવી જોઈએ અને તેનાથી પ્રજાલક્ષી કામો થવા ઘટે તેના પ્રમાણમાં તો અનેકગણી લખલુંટ ખનીજચોરો કરી રહ્યા હોય તેમ અહીથી ખનીજચોરી પકડાતી હોવાના કિસ્સાઓ સમયાંતરે સામે આવવા પામતા જ રહે છે.

પૂર્વ કચ્છમાં વર્તમાન સમયે ભુસ્તરશાસ્ત્રી શ્રી પટેલના આગમન બાદ તેઓ એક પછી એક ધડાધડ ખનીજચોરોને શાનમાં સમજાવી રહ્યા છે અને ધાક બેસાડતી કાર્યવાહી કરી રહ્યા છે.

તો બીજીતરફ ભુજ ફલાઈંગ સ્કવોર્ડના મેહુલ શાહની ટીમો પણ આટલા વિશાળ જિલ્લાના છેવાડાના વિસ્તારો ખુંદી વળી અને ખનીજચોરોને નશ્યત કરવા કટીબદ્ધ હોય તેમ કાર્યવાહી કરવામા આવી રહી છે. આ બધાયની વચ્ચે પશ્ચીમ કચ્છ ખાણખનિજ વિભાગના ભુસત્રશાસ્ત્રી તથા તેમની ટીમની સસુસ્તા આંખે ઉડીને વળગવા પામી રહી છે.

દરમ્યાન જ જાણકારો અહી સવાલ કરતા કહી રહયા છે કે, ખનીજચોરી કરનારા ખનીજચોર તત્વો ઢળતી સાંજે અને મોડી રાતે જ હવે ખનીજચોરીને વિપુલ પ્રમાણમાં અંજામ આપતા હોવાની ચર્ચાઓ સામે આવવા પામી રહી છે. જો આમ થતુ હોય તો એ પણ નિયમ વિરૂદ્ધ જ કહી શકાય તેમ છે. સરકારી કામો, ખનીજના કામો રાત્રીના અંધારામાં કરવા પરવાનગી પાત્ર બનતા જ નથી. લખપત સહિતના પટ્ટામાં સુજલામ સુફલામ યોજના હેઠળના તળાવો ઉંડા કરવાના ખાડા અને કેટલાક કીસ્સાઓમાં ખનીજ નીકળતા તેનેઉપાડવા સહિતની કામગીરી પણ રાત્રીના અંધારામાં જ કેમ આદરવામાં આવી રહી છે? આવો સવાલ હવે સહેજે સહેજ સામે આવવા પમી રહ્યો છે? તાજેતરમાં જ લખપત પટ્ટામાં આ મુજબની ફરીયાદ સામે આવી હતી અને રાત્રીના સમયે ટીમો પણ રવાના કરાઈ હતી, પાસ પરવાનગી હોવાથી તેમને જવા દેવાયાની વાત તંત્ર કરે છે ત્યારે જાણકારો કહી રહ્યા છે કે, રાત્રીના સમયે જો સરકારી કામ પેટે ખનીજ ઉપાડાતુ હતુ તો એ કેવી રીતે નીતીનિયમનુ થઈ ગયુ? ભુજ-ભીમાસર રોડમા પણ હાલમાં જ અંદાજીત ૭૫ લાખનો મુદ્દામાલ પકડતી કાર્યવાહી કરાઈ છે તે પણ રાત્રીના અંધારામાં જ ખનીજ ઉસેડતા હોવાની સ્થિતી સામે આવવા પામી છે. ખરેખર ખનીજચોરો રાત્રીના સમયે ખનીજચોરીને વધારે યોગ્ય માની અને અંજામ આપી રહ્યા હોય તેમ દેખાય છે. જો આમ હોય તો પછી ખાણખનિજ વિભાગ અને ખાખીધારીઓ કેમ રાત્રીના સમયે ખાસ વોચમાં નથી રહેતા? શું રાત્રીના સમયે થતી આ ચોરીઓને એક યા બીજી રીતે મુકસમર્થન અપાયેલ છે કે કેમ?

કલેકટરશ્રી અરોરા કેમ ન કરાવે જાત તપાસ?

ભુજ – ભીમાસર રોડમાં કરોડોની ખનીજ ચોરી! તંત્ર કેમ સમ ખાવા પુરતી જ કરે છે કાર્યવાહી?

એકાદ વર્ષના ગાળામાં પશ્ચીમ કચ્છ ખનીજ વિભાગે ચુબડક-કુકમા સહિતના વિસ્તારમાં આ માર્ગ નિર્માણ વિસ્તારમાં ત્રણ-ત્રણ વખત પકડી છે ખનીજચોરી- ૩૨ લાખ, ૧૮ લાખના અપાઈ ચુકયા છે દંડ, તો જે નહી પકડાઈ હોઈ અથવા તો પકડાયા ઉપરાંતનુ ઉસેડાઈ ગયેલ ખનીજ કેટલુ?

ગાંધીધામ : ભુજ- ભીમાસર રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૧૦૦૦ કરોડથી વધુના ખર્ચે નિર્માણાધીન છે. ચોકાવનારી અને સવાલ સર્જતી વાત અહી એ જ બની રહી છે કે, આ માર્ગ નિર્માણમાં પાછલા એકાદ વર્ષમાં ત્રણથી વધુ વખત ખનીજચોરી રેકર્ડ પર પકડાઈ ચૂકી છે. હાલમાં ફરીથી અહી ૭૫ લાખનો મુદ્દામાલ પકડી પાડયો છે ત્યારે સવાલ એ થાય છે કે, આ બધી જ કાર્યવાહી તો થઈ છે તેનો આંક છે, પરંતુ જે ખનીજચોરી અહી પકડાતી નહી હોય, અથવા તો અત્યાર સુધીમાં પરવાનગી વિના ખનીજ ઉપાડી લેવાયુ હશે તે ખનીજચોરીનો આંક કયાં પહોચતો હશે? ત્રણથી વધુ વખત જયાથી લાખોની ખનીજચોરી પકડાઈ ચુકી છે તે માર્ગ નિર્માણનુ કામ રાખનાર કંપની જી આર ઈન્ફ્રાસ્ટ્રકચર અને તેના દ્વારા જેને પેટામાં ઠેકા અપાયેલા છે તેનો કેમ ઉધડો ન લે.

માંડવી પાતાળેશ્વર મહાદેવ જમીન પચાવી પાડવાના કેસમાં ૮૪ શખ્સો સામે સ્યુટ દાખલ કરવા હુકમ

ભુજ : કચ્છભરમાં ભારે ચકચારી બનેલા માંડવીના પાતાળેશ્વર મહાદેવ ટ્રસ્ટની જમીન પચાવી પાડવાના પ્રકરણમાં સંયુક્ત ચેરીટી કમિશ્નરની કચેરીએ ૮૪ શખ્સો સામે સ્યુટ દાખલ કરવાનો હુકમ કર્યો છે. ચેરીટી કમિશ્નરના આદેશમાં અરજદારોએ કરેલી અરજી મંજુર કરી પ્રતિવાદીઓ સામે ભુજની મુખ્ય સીવીલ અદાલતમાં અધિનિયમ કલમ ૫૦ અન્વયે ટ્રસ્ટ સ્યુટ દાખલ કરવાની પરવાનગી આપી છે. આ કેસની વિગતો મુજબ શહેરના સર્વે નંબર ૧૫૪ વાળી જમીન જેના પર ૧૯૫૪ માં પાતાળેશ્વર મહાદેવ મંદિરની સ્થાપના કરવામાં આવી હતી અને ત્યાર પછી પાતાળેશ્વર મહાદેવ સાર્વજનિક ટ્રસ્ટનું ગઠન કરવામાં આવ્યું હતું. ૧૯૫૬ માં ટ્રસ્ટના સ્થાપકનું નિધન અને ૧૯૫૭માં તેમના ધર્મ પત્નીની પણ હત્યા કરવામાં આવી હતી. આવા મિસ્ટ્રિકલ ધાર્મિક જમીનના પ્રકરણમાં વધુ એક વિવાદ છેડાયું છે. આ ટ્રસ્ટના પાવરદાર સ્વામી દિમાનંદજીના જણાવ્યા મુજબ ખોટા પાવરનામા અને વીલ બનાવી આ આરોપ માં જેલની સજા ભોગવનારા ઈસમો દ્વારા જમીનને પચાવી પાડવાનો કારસો રચાયો છે. ૮૪ જેટલા લોકોના દસ્તાવેજો પણ બનાવી દેવાયા છે. અધિનિયમ ૧૯૫૦ અન્વયે વર્ષ ૧૯૬૦ માં ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન થયેલું હતું અને આ જમીન ઉપર મંદિરની સાથે રહેવા માટે ધર્મશાળા, કુવા ૧૦૦ થી વધુ વૃક્ષ હયાત હતા. જેથી ચેરીટી કમિશનરમાં સિવિલ સીટ કરી નકલી દસ્તાવેજો બનાવી આપવામાં આવ્યા છે તે રદ્દ કરવા માટે પણ અપીલ કરાઈ છે. તમામ ૮૪ લોકોને પક્ષકાર બનાવી ચેરિટી કમિશનર દ્વારા કેસ ચલાવવામાં આવ્યો હતો. કોર્ટમાં દાવા અરજી ટ્રસ્ટ દ્વારા દાખલ કરાઈ છે. ધર્માદા અને પરમાત્માની આ જમીન ખાવાનું અધિકાર કોઈને નથી. કોઈપણ વ્યક્તિ આ જમીન ઉપર ખરીદ વેચાણ ન કરે તેવી પણ અપીલ તેમણે કરી હતી. જમીન પચાવી પાડવાના કારસામાં પાવરદાર સ્વામી દીપ્તાનંદ ગુરુ સ્વામી અનંતાનંદ મહારાજે ધાર્મિક જમીનમાં કોઈપણ જાતની દખલગીરી કે કબજો ન કરવા લોકોને અપીલ કરી હતી. માંડવી શહેરના માર્કેટ યાર્ડ પાછળ આવેલ પાતાળેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટની જમીન પચાવી પાડવાના કારસા સામે ૮૪ લોકો વિરુદ્ધ ચેરિટી કમિશનર દ્વારા સ્યુટ દાખલ કરવા હુકમ કરવામાં આવ્યુ છે. આ ટ્રસ્ટના પાવરદાર સ્વામી દિમાનંદે સંબધિતોને આ જમીન ઉપર કોઈ પણ જાતનો બાંધકામ કે દબાણ ન કરવા તેમજ લોકોને આ વિવાદિત જમીનમાં લેતી દેતી ન કરવા અપીલ કરી હતી. અને જો કોઈ પેશ કદમી કરશે તો તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

સંયુક્ત ચેરીટી કમિશ્નરની કચેરીએ કરવામાં આવેલી એનેક્ષર એ વાળી અરજીને મંજુર કરવામાં આવી છે. ભુજની અદાલતમાં ટ્રસ્ટ સ્યુટ દાખલ કરવાની મંજુરી સાથે અરજદારોએ મુંબઈ સાર્વજનીક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ મુજબ ચેરીટી કમિશ્નર ગુજરાત રાજ્યને પ્રતિવાદી તરીકે પક્ષકાર જોડવાનો હુકમ કર્યો છે. આ ઉપરાંત રાજકોટ ચેરીટી કમીશ્નરની કચેરીએથી પૂર્વ મંજુરી મેળવ્યા વગર દાવા અરજીમાં મુળ વિષય અને વસ્તુને અસરકર્તા થાય તેવા

અનુસંધાન પાના નં.૫ પર

નાની અરલમાં ખીચડીમાં એસીડ ભેળવીને વૃદ્ધાનો આપઘાત

ઝરૂના રેલવે ફાટક પાસે ટ્રેન તળે આવી જતાં આધેડનું મોત : ટપ્પરમાં દવા પી લેતાં યુવકનો જીવ ગયો

ભુજ : જિલ્લામાં આપઘાત - અપમૃત્યુની વધતી ઘટનાઓ વચ્ચે મોતનો કરૂણ કિસ્સો સામે આવ્યો છે. નખત્રાણા તાલુકાના નાની અરલમાં રહેતા વૃદ્ધાએ ખીચડીમાં એસીડ ભેળવીને આ ખીચડી પોતે ખાઈને મોતને વ્હાલુ કરી લીધું હોવાની ઘટના બનવા પામી છે. જયારે અંજાર તાલુકાના ઝરૂમાં ટ્રેન તળે આવી જવાના કારણે આધેડનું મોત થયું હતું, જયારે ટપ્પરમાં દવા પી લેતાં યુવકનો જીવ ગયો હતો.

આ અંગેની વિગતો મુજબ નખત્રાણા પોલીસે જણાવ્યું હતું કે, ગત ૨૩મી એપ્રિલના સવારે ૧૦:૩૦ના અરસામાં આ બનાવ બન્યો હતો. હતભાગી ૬૩ વર્ષિય ઉદય કુંવરબા વિજયસિંહ જાડેજાએ કોઈ અગમ્ય કારણોસર ખીચડીમાં એસીડ ભેળવી પી જતાં તેઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં ૪ મેના સારવાર દરમિયાન મોત થતાં એડી દાખલ કરવામાં આવી છે. આ બનાવને પગલે ગામમાં અરેરાટી ફેલાઈ જવા પામી હતી.

આ તરફ અંજાર પોલીસ સ્ટેશનેથી મળેલી માહિતી મુજબ તાલુકાના ઝરૂ ગામના રેલવે ફાટક પાસે પરોડે ચાર વાગ્યાના અરસામાં બનાવ પ્રકાશમાં આવ્યો હતો. ફાટકથી ૨૦૦ મીટર દૂર ટ્રેનમાં કચડાઈ જવાના કારણે સ્થળ પર મરણ ગયેલ હાલતમાં આધેડનો મૃતદેહ મળી આવ્યો હતો. દેહને પીએમ માટે સીએચસીમાં લઈ અંજાર પોલીસ દ્વારા મોતના કારણો જાણવા માટે તપાસ હાથ ધરવામાં આવી છે.

જયારે મુંદરા તાલુકાના ટપ્પર ગામે રહેતા ૪૫ વર્ષિય હિરજી ખમુભાઈ કોલીએ ગત ૨૩મી તારીખે કોઈ અગમ્ય કારણોસર ઝેરી જવા પી લેતાં સારવાર માટે જી.કે.માં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં તેઓનું સારવાર દરમિયાન મોત થતાં પ્રાગપર પોલીસે એડી દાખલ કરી છે.

વિષમ વાતાવરણથી કેરીના પાકને નુકશાની પહોંચતા

કચ્છમાં અથાણાની સીઝનને પણ મોંઘવારીની માર

ઉનાળાની સીઝનમાં ગૃહિણીઓ બનાવે છે વિવિધ જાતના અથાણા : કાચી કેરી, ગુંદા ઉપરાંત મસાલા, ગોળ, તેલ સહિતની સામગ્રીની કિંમતમાં વધારાથી અથાણા બનાવવા બન્યા મોંઘા : તૈયાર અથાણાના ભાવમાં પણ ૨૦ થી ૨૫ ટકાનો વધારો

ભુજ : રસોઈઘરમાં ભોજન ફીકું બન્યું હોય તો તેને સ્વાદિષ્ટ બનાવવા માટે ગૃહિણીઓ ઘરમાં અથાણા રાખતી હોય છે. ઘરના સભ્યોના સ્વાદ પ્રમાણે અથાણા રાખવામાં આવતા હોય છે. હાલે ઉનાળાની સીઝન ચાલી રહી છે ત્યારે ખાસ કરીને લોકો ઘરે જાત જાતના અથાણા બનાવતા હોય છે. કચ્છમાં ગૃહિણીઓ કેરી, ગુંદા ઉપરાંત બિજોરા, લીંબુના અથાણા બનાવતી હોય છે, જેમાં કેરીનું અથાણું મુખ્યત્વે હોય છે, પરંતુ આ વખતે ગૃહિણીઓને કેરીનું અથાણું રસોડાનું આર્થિક બજેટ ખોરવે તેવું છે. કચ્છમાં અથાણાની સીઝનને પણ મોંઘવારીનો માર લાગ્યો હોઈ ભાવમાં ૨૦ થી ૨૫ ટકા જેટલો વધારો નોંધાયો છે.

આ અંગેની વિગતો મુજબ ઉનાળામાં મહિલાઓ પુરા વર્ષના મરી - મસાલા લેતા હોય છે જેમાંનું એક અથાણું પણ છે. રસોઈમાં સ્વાદ પીરસવાનું કામ અથાણું કરે છે. જેના લીધે અલગ અલગ સ્વાદના અથાણા દરેક ઘરમાં જોવા મળતા હોય છે. હાલમાં કાચી કેરી, ગુંદા, બિજોરા, આંબળાના અથાણા મુખ્યત્વે હોય છે. ચાલુ સાલે વિષમ વાતાવરણને પગલે આંબે મોર મોડા આવવા અને ઝાકળવર્ષા બાધા બનતા કેરીનો પાક ઓછો ઉતર્યો છે. હજુ બજારમાં રાજાપુરી કેરી જ વેચાઈ રહી છે. જો કે તે પણ સિમિત પ્રમાણમાં આવી રહી હોઈ ભાવ સામાન્ય કરતા ઉંચા જોવા મળી રહ્યા છે. ઉનાળાની સીઝન આવે એટલે એક રીતે એમ કહેવાય કે અથાણાની સીઝન આવી પરંતુ આ વર્ષે અથાણાની સીઝનમાં પણ

અનુસંધાન પાના નં.૫ પર

રામ કી ચીડીયા... રામ કા ખેત... ખા લો ચીડીયા ભર ભર પેટ...

તંત્રની વ્યસ્તતાનો લાભ ઉઠાવતા ખનિજ માફિયાઓ : કચ્છમાં રાત્રીના ભાગે ધમધમતી બેફામ ખનિજચોરી

લોકસભા ચૂંટણીને પગલે અધિકારી - કર્મચારીઓ કામગીરીમાં જોતરાયેલા હોઈ ખનિજચોરોને મળ્યું મોકળું મેદાન : અબડાસા - લખપત, માંડવી ઉપરાંત નખત્રાણાના કેટલાક ગામોમાં રાત પડતા જ રાષ્ટ્રીય સંપતિ ચોરનારાઓ માટે જાણે ઉગે છે દિવસ : પોલીસ વિભાગના કેટલાક પલળેલા અધિકારી અને કર્મીઓની રહેમનજર તળે ચાલતી પ્રવૃતિક : તાજેતરમાં ગાંધીનગર ખાણ ખનીજ ટીમ અને કચ્છ ખાણ ખનીજ ફલાઈંગ સ્કોર્ડ અબડાસામાં કામગીરી કરવા જતા ખનીજ ચોરો સામે થયા હતા....

લાગુની અથવા આસપાસની સરકારી જમીનમાંથી ખનિજ ઉસેળી લીઝ વિસ્તારમાં કરાતો ઢગલો : રાત્રીના સમયે કોઈ ચેકીંગ ટીમ કે અજાણી વ્યક્તિની નજરથી બચવા ખુદના જાસુસ ગોઠવી દેવાયા

ભુજ : કચ્છ જિલ્લામાં કુદરતી અખૂટ ભંડારનો ખનીજ તત્વો આવેલા છે તેવા સંજોગોમાં કચ્છ જિલ્લાના પેટાળમાંથી ખાસ કરી કોલસો, રેતી, બોકસાઈડ, ચાઈનાકલે, બેન્ટોનાઈટ, જેવી અનેક કુદરતી ખનીજતત્વો મળી આવે છે. જિલ્લાની ખનિજ સંપદાઓ પર ખનિજ માફિયાઓએ મલીન ડોળો નાખ્યો હોઈ બેફામ ખનિજ ચોરી થઈ રહી છે. જુદા જુદા વિસ્તારોમાંથી દૈનિક સેંકડો ગાડીઓ દ્વારા ગેરકાયદે ખનિજોનું વિવિધ વિસ્તારોમાં ગેરકાયદે રીતે પરિવહન કરવામાં આવે છે. રામ કી ચીડીયા રામ કા ખેત... ખા લો ચીડીયા ભર ભર પેટ..ની ઉક્તિ ખનિજ માફિયાઓ માટે અક્ષરસઃ સાચી ઠરી રહી હોય તેમ આવા ખનિજ માફિયાઓ હાલે લાંબા સમયથી ચૂંટણી આચારસંહિતાનો પુરેપુરો ગેરલાભ ઉઠાવવા બેફામ બન્યા હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. સરકારી અધિકારી - કર્મચારીઓ ચૂંટણી કામગીરીમાં વ્યસ્ત બન્યા છે ત્યારે કેટલાક પલળેલા તત્વો સાથે હાથ મીલાવી ખનિજ ચોરો રાત્રીના અંધકારમાં તો કયાં - કયાં દિવસ દરમ્યાન પણ ખનિજ ચોરી કરી સરકારી તિજોરીને મસમોટું ધુંબો મારી રહ્યા છે, તેનો દાખલા રૂપે તાજેતરમાં ખાણ ખનીજનો જિલ્લાનો ફલાઈંગ સ્કોર્ડ અને ગાંધીનગરની ટીમે અબડાસાના નું ધાતડમાં ધામા નાખ્યા હતા, આ કામગીરી કરવા આવેલી ટીમને અમુક ખનીજ ચોરો સામે થયા હોવાની ઘટનાએ ભારે ગરમી પકડી હતી.

આ અંગેની વિગતો મુજબ ભૌગોલિક રીતે આગવી વિશેષતા ધરાવતા કચ્છ જિલ્લા પર કુદરતે અપાર સ્નેહ વરસાવ્યું છે. જિલ્લાના પેટાળમાં ખનિજોનો અંબાર ધરબાયેલો હોઈ ખાણ ખનિજ ઉદ્યોગ વર્ષોથી ફુલ્યો ફાલ્યો છે. જિલ્લાના ખનિજોની અન્ય જિલ્લા તેમજ રાજયોની સાથોસાથ વિદેશમાં પણ નિકાસ કરવામાં આવી રહી છે. ખનિજ ચોરો પર લગામ કસવા માટે ઉપલી કક્ષાએથી વછુટેલા આદેશો બાદ ખાણ ખનિજ તંત્ર સજ્ઞ બનતા જિલ્લામાં એક સમયે ખનિજ ચોરીની પ્રવૃતિ પણ સારા એવા પ્રમાણમાં લગામ કસાઈ હતી. જો કે, લોકભા ચૂંટણીને પગલે વિવિધ વિભાગના અધિકારી કર્મચારીઓને ચૂંટણીલક્ષી કામગીરીમાં જોતરી દેવાયા હોઈ આ તકનો પુરેપુરો ગેરલાભ વર્તમાને ખનિજ ચોરો ઉઠાવી રહ્યા છે. ખનિજ સંપદાથી સમૃદ્ધ એવા અબડાસા, લખપત, માંડવી તાલુકા ઉપરાંત નખત્રાણા તાલુકાના કેટલાક ગામોમાં રાત્રી થતાની સાથે જ ખનિજ ચોરો પોતાના લોડર, જેસીબી, હીટાચી સહિતના સાધનોની મદદથી રાષ્ટ્રીય સંપદાની ચોરી કરી રહ્યા છે. લીઝ વિસ્તારની બાજુમાં આવેલી લાગુની તેમજ અન્ય જમીનમાંથી ખનિજ ચોરી તેને લીઝ વિસ્તારની અંદર સંગ્રહી દેવામાં આવે છે. રાત્રીના સમયે સામાન્ય રીતે પોલીસ વિભાગના કર્મચારીઓ જ સક્રિય રહેતા હોઈ ખનિજ ચોરોએ જે તે વિસ્તારમાં પક્કડ ધરાવતા પોલીસ અધિકારી અને કર્મીઓને સાચવી લઈ ખનિજ ચોરીની ધીકતી પ્રવૃતિ કરી રહ્યા છે. તાજેતરમાં ખનિજ વિભાગની સ્કવોડ પર પણ વાહન ચડાવાયું હતું. જો કે તે પ્રકરણને પણ દબાવી દેવાના મોટા પ્રયાસ કરવામાં આવ્યો હતો, જેની ઉપલી કક્ષા સુધી પડઘા હતા. રાત્રીના સમયે સીમાડાઓ વાહનોના ઘોંઘાટથી ધમધમી ઉઠતા હોવા છતાં ખનિજ ચોરો પર કોઈ જ પ્રકારની કાર્યવાહી થઈ રહી નથી. ખાણ ખનિજ વિભાગ ખનિજ ચોરો સામે કડક હાથે કામ લઈ રહ્યું છે ત્યારે કોની મીઠી નજર તળે ખનિજ ચોરીની પ્રવૃતિ ધમધમી રહી છે તે પણ યક્ષસવાલ બની રહ્યો છે. તો બીજીતરફ રાત્રીના અંધારામાં ગેરકાયદે કારસ્તાનને અંજામ આપતા ખનિજ માફિયાઓ પોતાની સેફટીનું પણ પુરેપુરું ધ્યાન રાખી રહ્યા છે. રાત્રીના સમયે કોઈ ચેકીંગ ટીમ કે અજાણી વ્યક્તિની નજરથી બચવા ખુદના જાસુસ ગોઠવી દેવાયા હોઈ જો કોઈ સરકારી ગાડી અથવા અજાણી વ્યક્તિની શંકાસ્પદ હલચલ દેખાય તો આવા જાસુસો પોતાના આકાઓને જાણ કરી દેતા હોઈ વાહનો તેમજ માણસો ખનિજ ચોરીના સ્થળેથી ચોર રસ્તા મારફતે નવ દો ગ્યારાહ થઈ જાય છે.

ઈલેક્ટ્રિક સાધનો ઊડી જવાના કે બગડવાના બનાવો વધ્યા

કચ્છમાં સોલાર પેનલની સળગતી સમસ્યા : વોલ્ટેજમાં વધ-ઘટથી ગ્રાહકો પરેશાન

દિવસમાં વોલ્ટેજ વધે, રાત્રે ડિમાન્ડ વધતાં ફીડર બેસી જવાના લીધે વીજ વિક્ષેપના બનાવો વધ્યા : સોલાર પેનલનું વીજઉત્પાદન સીધું ગ્રીડમાં જવાને પગલે કેટલીક સમસ્યાની ફરિયાદ : સોલાર પેનલ ધરાવતા ઘરો ઉપરાંત અન્ય લોકોને સ્ટેબીલાઈઝર વસાવવાની પડી રહી છે ફરજ

ભુજ : છેલ્લા કેટલાક વર્ષોમાં દેશમાં સૌર ઉર્જા વપરાશની દ્રષ્ટિએ વિસ્તરણ થયું છે. ભારત સરકાર સમગ્ર દેશમાં સૌર ઉર્જાના ઉપયોગને પ્રોત્સાહન આપી રહી છે. જેના લીધે હવે સોલાર એનર્જીનો યુગ શરૂ થયો છે. લગભગ મોટાભાગના નાગરિકો પોતાના ઘરે સોલાર પેનલ લગાવી રહ્યા છે. જો કે દરેક વસ્તુના સારા અને નરસા પાસા હોય છે તેમ સોલાર પેનલ દ્વારા ઉત્પાદિત થતી વીજળીના પણ બે પાસા હોય તેમ આ વીજ ઉત્પાદન સીધું ગ્રીડમાં જવાને પગલે કેટલીક સમસ્યા ઊભી થઈ રહી છે. કચ્છમાં પણ સોલાર પેનલનું ચલણ વધી રહ્યું છે ત્યારે વોલ્ટેજમાં વધઘટથી ઈલેક્ટ્રિક સાધનો ઊડી જવાની કે બગડવાના બનાવો વધ્યા હોઈ વીજગ્રાહકો પરેશાન બન્યા છે. હાલ તો ગરમીનો જોર વધ્યો છે તે દરમ્યાન લાઈટ આવવા - જવાના કિસ્સા પણ વધવાથી લોકો અકડાઈ રહ્યા છે.

આ અંગેની વિગતો મુજબ સરકાર દ્વારા ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવા જુદી જુદી યોજનાઓ બહાર પાડવામાં આવી રહી છે. વીજ ઉત્પાદનના પારંપરીક સ્ત્રોતોની સાથોસાથ હવે પવન ઉર્જા ઉપરાંત સૌર ઉર્જાને પણ પ્રોત્સાહન અપાઈ રહ્યું હોઈ ઘરેલુ તેમજ કોમર્શીયલ કનેક્શન ધરાવતા વીજ ગ્રાહકો સૌર ઉર્જા તરફ ઢળી રહ્યા છે. સોલાર પેનલ પર સરકાર દ્વારા સબસીડી પણ અપાઈ રહી હોઈ ઉપરાંત સોલાર પેનલ લગાવવાથી વીજબીલ પણ મર્યાદીત બની જતું હોઈ દેશ - રાજયના અન્ય વિસ્તારોની સાથોસાથ કચ્છમાં પણ સોલાર પેનલ લગાવનારા વીજ ગ્રાહકોની સંખ્યામાં સતત

અનુસંધાન પાના નં.૫ પર

સરકારનો મહાત્વાકાંક્ષી પ્રોજેક્ટ

સરકારી યોજનાઓમાં 'લીકેજ' રોકવા ફેમિલી કાર્ડ પ્રોજેક્ટ બનશે અમલી

સસ્તા અનાજથી માંડી સરકારની વિવિધ જન કલ્યાણકારી યોજનાઓના થતા ભ્રષ્ટાચારને રોકવા તૈયાર થઈ રહ્યો છે ખાસ પ્રોજેક્ટ : કચ્છ સહિત રાજ્યના ૨ કરોડ પરિવારને એક આઈડી હેઠળ આવરી લેવાશે : તમામ સરકારી યોજનાના લાભાર્થીઓની સંપૂર્ણ માહિતીનો ડેટા એક જ સ્થળે મળી રહેશે : ફેમિલી કાર્ડ પ્રોજેક્ટ સરકાર અને નાગરિકો બન્ને માટે રહેશે લાભદાયક

ભુજ : રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ લોક કલ્યાણકારી યોજનાઓ ચલાવવામાં આવી રહી છે. જેમાં મુખ્યત્વે જાહેર વિતરણ પ્રણાલિ હેઠળ સસ્તા અનાજની યોજના, આરોગ્ય સંબંધીત યોજના, વિદ્યાર્થી શિખ્યવૃત્તિની યોજના, મહિલા અને બાળ કલ્યાણ સહિતની વિવિધ યોજનાઓનો લાભ કચ્છ સહિત રાજ્યના અંદાજીત ૨ કરોડ જેટલા પરિવારોને આપવામાં આવી રહ્યો છે. કચ્છ સહિત રાજ્યમાં અનેક પરિવારો એવા છે કે જે એક અથવા તેથી વધુ સરકારી યોજનાઓ લાભ લઈ રહ્યા છે. દરેક સરકારી યોજનાનો લાભ ઈચ્છિત લાભાર્થી સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા અને યોજનાઓમાં લીકેજને રોકવા રાજ્ય સરકાર દ્વારા ખાસ પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે.

આ અંગે મળતી વિગતો મુજબ ગરીબ અને મધ્યવર્ગના પરિવારો માટે સરકારી દ્વારા આરોગ્ય, શિક્ષણ, કૃષિ સહાય, અન્ન સહાય માટે વિવિધ યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. વિવિધ સરકારી યોજનાઓનો લાભ મળવાપાત્ર લાભાર્થી સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા સરકારે કવાયત હાથ ધરી છે. સરકારી યોજનાઓમાં લીકેજ અટકાવવા ફેમિલી કાર્ડ નામનો મહાત્વાકાંક્ષી પ્રોજેક્ટ એવા પરિવારો માટે છે જે પરિવારે એક કે તેથી વધુ સરકારી યોજનાઓનો લાભ મેળવી રહ્યા છે. હાલે દેશમાં લોકસભા ચૂંટણીની આચારસંહિતા લાગુ છે. લોકસભા ચૂંટણી સંપન્ન થયા બાદ સરકાર ફેમિલી કાર્ડ પ્રોજેક્ટ અમલી બનાવશે. ફેમિલી કાર્ડની યોજના હેઠળ તમામ પરિવારોને આવરી લેવામાં આવશે. કે કેમ તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી. કચ્છ સહિત રાજ્યમાં અનેક પરિવારો એવા છે કે કોઈપણ સરકારી યોજનાનો લાભ લેતા નથી. આવા પરિવારોને ફેમિલી કાર્ડ પ્રોજેક્ટ માટે નોંધણી કરાવવાના રહેશે કે નહીં તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા સામે આવી નથી.

રાજ્યનો અન્ન અને પુરવઠા વિભાગ ફેમિલી કાર્ડ પ્રોજેક્ટને અમલમાં મૂકવા માટે નોડલ વિભાગ છે. કચ્છ સહિત રાજ્યમાં અંદાજે ૨ કરોડ જેટલા પરિવાર વસવાટ કરે છે. આ યોજના અમલી બન્યા બાદ દરેક પરિવાર પાસે માત્ર એક જ આઈડી હશે જેથી સરકાર દ્વારા જે-તે પરિવારને અપાતા સસ્તા અનાજ, આરોગ્ય સહાય, વિદ્યાર્થી શિખ્યવૃત્તિ, મહિલા અને બાળ કલ્યાણ તેમજ અન્ય સંબંધિત યોજનાઓનો લાભનો ડેટા એક જ સ્થળે ઉપલબ્ધ થશે. લાભાર્થી પરિવારોની નોંધણી કરી તેનો ડેટાબેઝ તૈયાર કરવામાં આવશે.

ગુજરાત રાજ્યના સચિવોની તાજેતરમાં મળેલી બેઠકમાં

અનુસંધાન પાના નં.૫ પર

કચ્છ ઉદય
ભચાઉ તાલુકાના ખારોઈ, મનફરા, ચોબારી, ભરૂડીયા, આધોઈ, જંગી, વાંઢીયા, વોંધ, કટારીયા, દુધઈ તથા આસપાસના વિસ્તારોમાં સરક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવયુવાનોની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ, અભિનંદન,જાહેર ખબરમાં સંપર્ક કરો
મહેશ શાહ : ૯૮૨૫૧ ૭૨૩૨૦, ૯૮૭૯૫ ૯૧૪૨૭
-: સ્થળ :-
જૈન ધર્મશાળાની બાજુમાં, જુના બસ સ્ટેન્ડ રોડ, ભચાઉ-કચ્છ.

Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૦૫ મે, ૨૦૨૪ રવિવાર
કિમત રૂા.૨/-
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

કચ્છ ઉદય

કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

♦અંક નંબર : ૫૧ ♦વર્ષ : ૩૦ ♦પાના - ૮ ♦ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ♦Regd No. G-KCH - 184-2019-2021 ♦RNI No. 97708♦ સંવત ૨૦૮૦ ♦ચૈત્ર વદ-૧૨♦ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ♦ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ♦ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

मोदी की गारंटी
मै हूं मोदी का परिवार

મારા સન્માનીય બન્ધુ – ભગીની એવં મારા મત ક્ષેત્રીય મત દાતાઓ

આદરણીય વડાપ્રધાનશ્રીનો વન બન્ધુ – વંચિતો, સર્વાંગી સામાજિક વિકાસ, આદિજાતી વિકાસ, મહિલા શશક્તિકારણ, ખેડૂત અને ખેતી વિકાસ લક્ષી, આરોગ્ય લક્ષી, યુવા લક્ષી, શિક્ષણ અને કૌશલ્ય યોજનાઓ સફળ બનાવવા અને આપણા પ્રિય અને જનનાયક સપના સાકાર કરવા તેમની સાથે રહી તેમના ઉચ્ચ આચરણ, મજબુત વ્યક્તિત્વ, આદર્શ અને દેશ પ્રેમની ભાવનાને આત્મસાત કરી તેમની સાથે "સબકા સાથ સબકા વિકાસ" અને "એક ભારત શ્રેષ્ઠ ભારત" ના તેમના સંકલ્પોને ઈરાદાઓની અનુમોદના કરતા મજબુતીથી સાથ આપવા સાથે નિર્ણય કરવો પડશે. માનનીય પ્રધાનમંત્રીશ્રી ની જન-કલ્યાણકારી યોજનાઓનો લાભ પ્રત્યેક – અંત્યોદય સુધી પહોંચે છે.

કર્મનિષ્ઠ, પરિણામ લક્ષી નેતૃત્વના પ્રેરણામૂર્તિ, ભારતમાં વિકાસનો વણ થંભ્યો વિસ્તાર કરનાર ભારત વર્ષની ગતિશીલ સરકારે દસ વર્ષમાં સર્વાંગી વિકાસ સાંધી દેશને વિશ્વસ્તર પર અગ્રતાક્રમે પહોંચાડયો છે.

ત્યારે ચાલો આપણે સૌ ભારત માતાના ગૌરવ-સન્માન માટે ભારત માતાના સંતાનોને સુખ સુરક્ષા અને સ્વાસ્થય માટે સંકલ્પબધ્ધ - સમર્પિત બનીએ.

सब का साथ, सब का विकास... निभाया है वादा, है विकसित भारत का इरादा...

Vote for BJP

૧-કચ્છ-મોરબી લોકસભા મત વિસ્તારના ભાજપના ઉમેદવાર
વિનોદભાઈ એલ. ચાવડા

જનસેવામાં સમર્પિત ૧૦ વર્ષ

10 વર્ષના સમયકાળમાં મારા સંસદીય ક્ષેત્રના વિશિષ્ટ સેવાકાર્ય વર્ષ 2014 થી 2024

- પાસપોર્ટ સેવા કેન્દ્ર
- ધડૂલી - સાંતલપૂર રોડ મંજૂરી
- ભુજ નલિયા બ્રોડગેજ
- ભુજ માં ડાયાલીશિષ સેન્ટર
- ચોબારી - જેસડા અભ્યારણમાં નહેર મંજૂરી
- ભીમાસર-અંજાર-ભુજ-ખાવડા રાષ્ટ્રીય ધોરીમાર્ગ / ધોળાવીરા, રાપર વાયા ચિત્રોડ ધોરીમાર્ગ
- કંડલા એરપોર્ટ વિસ્તરણ
- ગાંધીધામ સંકૂલ ફ્રી હોલ્ડ જમીન
- કચ્છ યુનિવર્સિટી યુ.જી.સી. માન્યતા
- FM સેવા શરૂ
- મોરબી - માળીયા ડેમું ટ્રેન
- ભુજ એરપોર્ટ ફ્યુઅલ સેવા
- ઉંટડી દૂધને ખાધ્ય પદાર્થ માન્યતા
- એકલ બાંભડકા રોડ
- ડો. બાબા સાહેબ આંબેડકર કન્વ્હેશન
- વિદેશમાં ફસાયેલાઓ ને ભારત પરત લાવવા પત્રો
- મોદીજી જન્મદિને ૬૯૦૦ વૃક્ષારોપણ ૧ લાખ વૃક્ષ રોપવાનું સંકલ્પ
- કુકમા પાસે ખારેક સંશોધન કેન્દ્ર
- એરપોર્ટ ટાઈપ રેલ્વે સ્ટેશન પ્રોજેકટ
- ધોળાવીરા આઇકોનીક પેલેશ જાહેર

- સાંસદ તરીકે નિર્વાચિત થતાં ૧ માસમાં જ કચ્છના મુખ્ય મથક ભુજ મધ્યે સાંસદ લોક જનસંપર્ક કાર્યાલયનું પ્રારંભ કરી સપ્તાહમાં એક દિવસ કાર્યાલયમાં ઉપસ્થિત રહી લોક પ્રશ્નોનું નિરાકરણ માટે પ્રયત્નશીલ.
- કચ્છના આર્થિક ઔધોગિક હબ ગાંધીધામમાં પણ સાંસદ લોક સંપર્ક કાર્યાલય કાર્યરત.
- 'સરહદ ના સંત્રી' BSF ના જવાનોને 20થી વધુ વખત અલગ અલગ B.O.P ની વિવિધ તહેવાર રક્ષા બંધન, રાષ્ટ્રીય પર્વ, દિપાવલી ના જાતે ઉપસ્થિત રહી તેમની સાથે તહેવાર ઉજવી દરેક સમયે તેમને મીઠાઇ અર્પણ કરી.
- પ્રખર તાપમાં ગરમીની સિઝનમાં રણમાં સરહદે એવા આપના આપણા વીર જવાનોને રાહત માટે MPLADS ફંડ તથા CSR ફંડ માંથી ૨૫૦ થી વધુ નંગ એર કુલર અને ઠંડા પાણી માટે વોટર કુલર આપાવ્યા.
- વયોવૃધ્ધ-દિવ્યાંગજનો માટે કચ્છના બધા એસ.ટી. ડેપોએ સાંસદ વિસ્તાર વિકાસ યોજના અંતર્ગત ૨૦ ટ્રાય સાયકલ વિતરિત કરી.
- ઈરાનમાં ફસાયેલા ૩ ખલાસી ને ઈરાન કોર્ટ દ્વારા ફટકારેલ દંડ થી મુક્ત કરાવવા ભારત સરકારમાં રજૂઆત/ સરકારશ્રીના સઘન પ્રયત્નો થી બે ખલાસી દંડ મુક્ત -એક ખલાસી ને સામાન્ય દંડ ભરાવી મુક્ત કરાવ્યો.
- સાઉદી અરેબિયામાં ફસાયેલ વિનોદ રામજી મહેશ્વરી (ગાંધીધામ) ને છોડાવવા બે લાખ પચાસ હજાર રૂપિયા ભારત સરકાર વિદેશ મંત્રાલય તરફ થી ભરાવી તેને છોડાવ્યો.
- કચ્છ માથી ધંધા રોજગાર માટે વિદેશ ગયેલ લોકોને ત્યાં તકલીફ હોય, પરત આવવાનું હોય, રજા ન મળતી હોય, કોઈ ગુનાહમાં ફસાઈ ગયેલ હોય, કોઈ ત્યાં નિધન પામ્યું હોય તેની ડેડ બોડી પરત લાવવાની હોય કે બીમાર વ્યકિત થઈ જાય તો ત્યાના એમ્બેસીને ભારતના વિદેશ મંત્રી – મંત્રાલય માં રજૂઆત કરી તેમની તકલીફોનું નિવારણ કરવા સદૈવ પ્રયત્નશીલ.
- વિદેશોમાં આપતકાલમાં ફસાયેલા કચ્છીઓને સુરક્ષીત ભારત લાવવાના પ્રયત્નો.
- દેશ – દુનિયાની સુખાકારી – શાંતિ ની ઉદ્દાત ભાવના સાથે નવરાત્રીના નવ દિવસ માં જગદંબાની ભક્તિ સાથે ૧૧૦૦ થી વધુ કુમારિકાઓનું પૂજન કર્યું તેમને સન્માનીત કરી બક્ષિશ અને શૈક્ષણિક કીટ અર્પિત કરી.
- સ્વચ્છતા ઝુંબેશ અંતર્ગત ગાંધી જયંતિએ ભુજ બસ સ્ટેશન વિસ્તારમાં ૧૦૦ થી વધુ ડસ્ટબીન સ્વખર્ચ વિતરણ કરી.
- અંજાર ની દરેક શાળાઓમાં, સરકારી હોસ્પિટલ, તથા મંદિરોમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત ડસ્ટબીન વિતરણ.
- માતાના મઢ દર્શને જતાં પદયાત્રીઓ માટેના સેવા કેમ્પો મધ્યે ડસ્ટબીન વિતરણ
- ૩૦૦ વર્ષ પૌરાણિક ઐતિહાસિક ધરોહર ભુજ–રામકુંડ ની સફાઈ અભિયાન.
- મારા દરેક જન્મદિન નિમિતે વિકાસ વંચિત બાળકોના છાત્રાલયો – આશ્રમ શાળાઓમાં, નેત્ર હિન તથા દિવ્યાંગોના છાત્ર નિવાસે તેમની સાથે સ્વરૂચિ ભોજન કરી તેમને શિક્ષણ કીટો વિતરિત કરી.
- મારા જન્મદિને સ્લમ વિસ્તારના બાળકોને સારી હોટલમાં લઈ જઈ "ટેબલ ઓફ હેપીનેશ" અંતર્ગત મન ભાવતા ભોજન કરાવી અન્યોને પ્રેરણાત્મક સંદેશો પૂરો પાડ્યો.
- ગૂંદીયાળી ડિસેલીનેશન પ્લાન્ટ
- હાઇબ્રીક એનર્જીપાર્ક-૬૦ હજાર એકર જમીનમાં(કચ્છમાં)
- મેગા કેમ્પનું આયોજન કરી દિવ્યાંગજને રેલ્વે સ્માર્ટ કાર્ડનું વિતરણ

NEWS PAPER

- શ્રમિક કામદારો માટે મેઘા કેમ્પનું આયોજન કરી શ્રમિક કાર્ડનું વિતરણ
- ખાવડા નજીક સોલાર એનર્જીપાર્ક
- નોટબુક વિતરણ - 5000 થી વધુ
- મારા જન્મદિવસ પર જર્મન ટેકનોલોજી બનાવટના કૃત્રિમ હાથ – પગ તથા સાધન સહાય દિવ્યાંગજનોને વિતરણ
- મોદી મેલાનું ભુજ-મોરબીમાં આયોજન
- થેલેસિમિયા અને ડાયાલીશીસ ગ્રસ્ત ગંભીર રોગોના દર્દીઓને માટે સ્વ પગાર માથી રૂપિયા ૫૦ હજાર અર્પિત કરવા સાથે મફત દવાઓ ઉપલબ્ધ કરાવી.
- કેરળના પુરગ્રસતો માટે 1 માસનો પગાર અર્પણ.
- પુલવામાં થયેલ આત્મઘાતી હુમલામાં શહિદ થયેલા વિર જવાનો માટે એક માસનો પગાર અર્પિત.

- રક્ષા બંધનના પવિત્ર તહેવાર નિમિતે 300 થી વધુ બહેનોને પ્રધાન મંત્રી સુરક્ષા વીમા યોજના અંતર્ગત સ્વ.ખર્ચ ફોર્મ ભરાવી વીમો અર્પિત કર્યો.
- દરેક દીપાવલીએ શ્રમયોગી પરિવારોને મીઠાઇ, બહેનોને સાડી વિતરણ.
- ઠંડીની સીઝનમાં નિરાધારો, સ્લમ વિસ્તારના લોકોને 1000 ધાબડા, 1000 સ્વેટર, 700 ચંપલ વિતરણ.
- માન. વડાપ્રધાનશ્રીના જન્મ દિને MPLADS ફંડ અને દાતાઓના સહયોગે જર્મન ટેકનોલોજી બનાવટના કૃત્રિમ હાથપગ, અવયવ, સાધન સહાય આપી.
- પ્રધાનમંત્રી રાહતકોષમાથી થેલેસિમિયા, કિડની, ટ્રાન્સ પ્લાન્ટ, જીવનાશ્યક ઓપરેશન – સારવાર માટે 113થી વધુ દર્દીઓને મદદ અપાવી.
- સરહદના સંત્રીઓ ને તથા શ્રમયોગી પરિવારને દિપાવલી નિમિત્તે મીઠાઈવિતરણ
- સંકલ્પ પત્ર : 25000 થી વધુ વિદ્યાર્થીઓને અભિનંદન પત્ર પાઠવ્યા.
- મોદી સાહેબની બાળપણની કહાની દર્શાવતી 'ચલો જીતે હૈ' ની 5000 સી.ડી. વિતરણ
- 5000 થી વધુ ચકલી ઘર-કુંડાનું વિતરણ.
- 10 વર્ષમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને નોટબૂકનું વિતરણ.
- સમાજ નવ નિર્માણ ટ્રસ્ટ તથા કચ્છ લોકસભા પરિવાર દ્વારા માં ભારતી ચેરીટેબલ ટ્રસ્ટ, તેરા તુજકો અર્પણ ટ્રસ્ટ, સંસ્કાર ભારતી અને ભારત વિકાસ પરિષદના સહયોગ સાથે ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ ના કચ્છમાં થયેલ વિનાશક ભૂકંપમાં જીવ ગુમાવનારા સૌ દિવંગતો અને સ્વજનોને સ્મરણાંજલિ તથા ભારત માતા પૂજન એવમ્ દેશની રક્ષા કાજે બલિદાન આપનાર અમર જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા ગણતંત્ર દિવસની સંધ્યાએ આયોજીત દેશભક્તિ કાર્યક્રમ "एक शाम शहीदों के नाम"
- રામ ભકતોની સદીઓની તપસ્યા અને કરોડો હિન્દુઓના આસ્થાના પ્રતિક સમાન પ્રભુશ્રી રામની જન્મભૂમિ અયોધ્યા ખાતે નવનિર્મિત ભવ્ય રામ મંદિર મધ્યે પ્રભુ શ્રી રામની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે "શ્રી રામ જ્યોતિ દીપમાલા" તથા "શ્રી રામભક્તિ ભજન સંધ્યા"નું ભુજ મધ્યે આયોજન કરવામાં આવ્યું.
- સમાજ નવનિર્માણ ટ્રસ્ટ ના સહયોગ સાથે વિવિધ ખેલ મહોત્સવ અંતર્ગત ખેલાડીઓ માટે ટી શર્ટ અને ટોપીનું વિતરણ કરાયું.
- સમાજ નવનિર્માણ ટ્રસ્ટ ના સહયોગ સાથે "રેઈન વોટર હાર્વેસ્ટિંગ" અંતર્ગત કનકપર ગામે ૪ લાખ લીટર વરસાદી પાણીના સંગ્રહ માટે અંદાજિત ૪૦ જેટલા ઘરોમાં વરસાદી પાણી સંગ્રહ માટેની વ્યવસ્થા કરાવી.
- સમાજ નવનિર્માણ ટ્રસ્ટ ના સહયોગ સાથે દર વર્ષે રક્ષાબંધનના દેશના જવાનોને બહેનો દ્વારા રક્ષા સ્વરૂપે રાખડી બાંધી મીઠાઈનું વિતરણ કરાયું.

પરિવહન માર્ગ

- ધડુલી – સાંતલપુર વાયા ખડીર ધોરી માર્ગનું કામ નેશનલ વાઈલ્ડ બોર્ડની મંજુરી મળતા પૂર્ણતાને આરે.
- ભીમાસર–અંજાર–ભુજ–ખાવડા–ધર્મશાળા રાષ્ટ્રીયધોરી માર્ગ.
- એકલ બાંભડકા રોડને વર્લ્ડ લાઈફ-સરકારશ્રી દ્વારા મંજુરી.
- ધોળાવીરા–રાપર–ચિત્રોડ ધોરીમાર્ગ જાહેર.
- હળવદ – પલાંસવા – ટીકર રોડ બનાવવા.
- કંડલા – નવલખી – માળીયા કોસ્ટલ-વે માટે રજુઆત.
- માંડવી મધ્યે બાયપાસ રોડ કામની મંજુરી.

વિમાની સેવાઓ

- કંડલા એરપોર્ટ વિકાસ ઉડાન યોજના અંતર્ગત અમદાવાદ – મુંબઈ – દિલ્હી વિમાની સેવા શરૂ.
- ભુજ એરપોર્ટ પર ફ્યુલ સેવા શરૂ.
- ભુજ એરપોર્ટને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અને કાર્ગો સેવા માટે વિકસાવવા ભારપૂર્વક રજૂઆત.
- ભુજથી દેશના વિભીન્ન પ્રાંતો જોડતી વિમાની સેવા માટે રજૂઆત.
- કંડલ પોર્ટ ખાતે નવિ સેઝ.

NEWS PAPER

સરકારશ્રીની કચ્છ લોકસભા ક્ષેત્રને વિકાસની ભેટ

- કચ્છ જીલ્લામાં ઉત્તમ કનેક્ટિવિટી મળે તે માટે 1225.17 કરોડ રૂપિયા ના નેશનલ હાઈવેના પ્રોજેકટની ભેટ આપી છે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી હેઠળ 21974 અને ગ્રામીણ હેઠળ 7,766 આવાસો નું નિર્માણ થયું છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમ્યાન 55 આવાસોનું લોકાર્પણ થયું છે.
- પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ કચ્છમાં 17.71 લાખ લોકોને મફત અનાજ વિતરિત થાય છે.
- કચ્છ જીલ્લામાં પી.એમ. સ્વ નિધિ યોજના હેઠળ 10,231 ફેરીયાઓ ને લોન આપવામાં આવી છે.
- પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ 1,41,233 લાભાર્થીઓ ને ગેસ આપવામાં આવ્યો છે.
- પ્રધાનમંત્રી કિશાન સન્માનનિધિ યોજના હેઠળ 1,55,179 ખેડુતો ને લાભ અપાઇ રહ્યો છે.
- કચ્છ ના ખાવડા ખાતે 30 ગીગાવોટ (36,700 મેગાવોટનો) હાઇબ્રીડ રિન્યુએબલ પાર્કનું કામ પ્રગતિમાં છે.
- આયુષ્યમાન ભારત યોજના હેઠળ 7,34,863 કાર્ડ ઇશ્યુ કરાયા.
- પી.એમ. વિશ્વકર્મા યોજના અંતર્ગત કુલ 8422 લાભાર્થીઓ ના રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે.
- સ્વચ્છ ભારત મિશન અંતર્ગત 1,21,574 શૌચાલયો બનાવવામાં આવ્યા.
- નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન હેઠળ 7,753 સ્વ સહાય જુથોનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- અમૃત સરોવર યોજના હેઠળ કચ્છમાં 100 જેટલા અમૃત સરોવરનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના હેઠળ 61,329 લાભાર્થીઓ ને 146 કરોડ રૂપિયાની સહાય પ્રદાન કરવામાં આવી છે.
- જનની સુરક્ષા યોજના હેઠળ 30.554 લાભાર્થીઓ ને 2.13 કરોડની સહાય આપવામાં આવી છે.
- પંડિત દિનદયાલ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ ૭૮૨ લોકોને ૭ કરોડ સહાય.
- ડો. બાબા સાહેબ આંબેડકર આવાસ યોજના હેઠળ ૧૪૬૫ લોકોને ૧૩ કરો રૂપિયાની સહાય.
- **૫ કરોડના ખર્ચે ધોળાવીરા હેરીટેજ સાઇટનો વિકાસ કરવામાં આવ્યો.**
- **સફેદ રણમાં 7.29 કરોડના ખર્ચે લાઇટ એન્ડ સાઉન્ડ શો ની શરૂઆત.**
- **વર્લ્ડ ટુરીઝમ ઓર્ગેનાઈઝેશન (WTO) દ્વારા ધોરડો ને 'બેસ્ટ ટુરીઝમ વિલેજ એવોર્ડ' પ્રાપ્ત થયું.**
- મુન્દ્રા–બારોઈ શહેરને નગરપાલિકાનો દરજ્જો મળ્યો.
- નખત્રાણાને પાલિકાનો દરજ્જો મળ્યો.
- ગાંધીધામ-મોરબી શહેરને મહાનગર પાલિકાનો દરજ્જો જાહેર કરાયો.
- ભુજ ખાતે માન. વડાપ્રધાનશ્રી ના ડ્રીમ પ્રોજેકટ એવા સ્મૃતિવન મેમોરિયલ્સ તેમજ અંજાર ખાતે વીર બાળ સ્મારક ની કામગીરી કરવામાં આવેલ છે.
- ગત એક વર્ષમાં 105 કિલો મીટર ના રસ્તાઓ નું નિર્માણ માર્ગ અને મકાન વિભાગ(પંચાયત) દ્વારા કરાયું છે.
- ભુજ ખાતે 90 કરોડ રૂપિયાના ખર્ચે રીજીઓનલ લાઇસન્સ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. દોઢ વર્ષમાં 1,54,839 લોકોએ આ સેન્ટર ની મુલાકાત લીધી છે.
- નેનો યુરીયાના ઉત્પાદન કરતો પ્લાન્ટ કંડલા ઇફકો ખાતે રૂ.૩ ૨૫ કરોડ ના ખર્ચે શરૂ કરવામાં આવ્યો છે. જે વાર્ષિક ૬ કરોડ નેનો બોટલ ઉત્પાદન કરશે.
- કચ્છ જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. "સરહદ ડેરી" ની સ્થાપના કરવામાં આવી છે. જે હાલમાં 900 દુધ મંડળીઓ, ૮૦ હજાર પશુપાલકો ને દૈનિક ૨.૮૦ કરોડ લેખે માસિક ૮૪ કરોડ અને વાર્ષિક ૧૦૦૦ કરોડનું પશુપાલકો ને ચુકવણું.
- ચાંદરાણી, તા.અંજાર ખાતે દેશનો સર્વ પ્રથમ ઉંટડીના દુધનો કલેકશન પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યો છે.

- પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત મોરબી જીલ્લામાં 2016 શહેરી 12,૬૭૪ આવસોના નિર્માણની કામગીરી પૂર્ણ.
- પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના અંતર્ગત મોરબી જીલ્લામાં 71,235 ગેસ કનેક્શન આપવામાં આવેલ છે.
- પી.એમ.સ્વનિધિ યોજના અંતર્ગત મોરબી જીલ્લામાં કુલ 4190 લાભાર્થીઓને રૂ. 5.8 કરોડની લોન સહાય
- પી.એમ ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત મોરબી જીલ્લામાં 6.28 લાખ લોકોને મફત અનાજનો લાભ.
- કિસાન સમ્માન નિધિ યોજના અંતર્ગત મોરબી જીલ્લામાં 1,09,700 ખેડૂત લાભાર્થીઓના ખાતામાં કુલ - 15 હપ્તામાં રૂ. 275.32 કરોડ સીધા ખાતામાં જમા કરવામાં આવ્યાં છે.
- સ્વચ્છ ભારત મિશન યોજના (ગ્રામીણ) હેઠળ મોરબી જીલ્લામાં 71,050 અને શહેરી 15,૭૯૫ વ્યક્તિગત શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- આયુષ્યમાન ભારત (PMJAY) યોજના અંતર્ગત મોરબી જીલ્લામાં 4,71,002 આયુષ્યમાન કાર્ડ જારી કરાયા છે.
- મોરબીમાં રૂ. 497.83 કરોડના ખર્ચે 100 સીટ્સ સાથે ની GMERS મેડિકલ કોલેજ અને હોસ્પિટલ નિર્માણ ને મંજૂરી અપાઈ છે.
- મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મોરબી જીલ્લામાં છેલ્લા 10 વર્ષોમાં 319 કામો પૂર્ણ કરવામાં આવ્યાં છે.
- મહેંદ્રનગર-પીપળી જુથ પાણી પુરવઠા યોજના દ્વારા જીલ્લાના 14 ગામોના 56, 405 લોકોને પાણીનો લાભ મળી રહ્યો છે.
- કુંવરબાઇ નું મામેરું યોજના અંતર્ગત જીલ્લામાં 4999 કન્યાઓને રૂ 5.54 કરોડની સહાય ચૂકવવામાં આવી છે.
- પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અંતર્ગત મકાન બાંધકામ માટે મોરબી જીલ્લાના 762 લાભાર્થીઓને રૂ. 6.70 કરોડની સહાય ચૂકવવામાં આવી છે.
- વ્હાલી દીકરી યોજના અંતર્ગત મોરબી જીલ્લામાં અત્યાર સુધી 4431 લાભાર્થીઓની અરજીઓ મંજૂર કરાઈ છે.
- પ્રિ-મેટ્રિક શિષ્યવૃતિ સહાય યોજના અંતર્ગત મોરબી જીલ્લામાં ધોરણ 1 થી 8 માં અભ્યાસ કરતાં કુલ 14,22,129 વિદ્યાર્થીઓને રૂ. 83.59 કરોડની સહાય ચૂકવવામાં આવી છે.
- પોસ્ટ - મેટ્રિક શિષ્યવૃતિ સહાય યોજના અંતર્ગત મોરબી જીલ્લામાં ધોરણ 11 થી 12 તેમજ કોલેજ કક્ષા સુધી અભ્યાસ કરતાં કુલ 22,680 વિદ્યાર્થીઓને રૂ. 10.65 કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

NEWS PAPER

રેલ્વેક્ષેત્રે સિદ્ધિ

- ભુજ – નલીયા બ્રોડગેજ લાઈન માટે રેલ્વે તંત્ર દ્વારા પુરજોસમાં કામ ચાલુ.
- નલીયાથી વાયોર – નારાયણ સરોવર સુધી રેલ્વે લઇ જવા સરકારશ્રીનો સકારાત્મક અભિગમ.
- કચ્છના દરેક મુખ્ય રેલ્વે સ્ટેશનો એ તથા મોરબી – નઝરબાગ સ્ટેશનોએ યાત્રિક સુવિધા માટે બેન્ચ (બેસવા માટે) Rs. ૯,૬૦,૦૦૦ ની MPLADS માંથી ગ્રાન્ટ ફાળવી સુવિધા ઉપલબ્ધ કરાવી.
- કચ્છના ચાર મુખ્ય રેલ્વે સ્ટેશનો પર યાત્રિકોને શુધ્ધ પાણી મળે માટે આરપ્લાન્ટ ની MPLADS માથી ૫,૦૦,૦૦૦/- ગ્રાન્ટ ફાળવી.
- વિરમગામ–સામખીયારી, પાલનપુર–સામખીયારી રેલ્વે ડબલ લાઇન માટે
- ગાંધીધામ, આદિપુર ૮ કિમી. ગાંધીધામ – કંડલા ૧૨ કિમી ડબલ લાઇન બનાવવા ૫૦૦ કરોડ મંજૂર.
- ભુજ રેલ્વે સ્ટેશન ખાતે કોચ માર્ગદર્શન બોર્ડ.
- ભુજ રેલ્વે સ્ટેશન ખાતે એસ્કેલેટર અને ફરતી સીળી.
- અંજાર રેલ્વે સ્ટેશન ખાતે પ્રતિક્ષાલય -આરક્ષણ સુવિધા.
- અંજાર સ્ટેશનનું 'સી' કેટેગરીમાંથી 'બી' કેટેગરીમાં સમાવેશ.
- ગાંધીધામ રેલ્વે સ્ટેશન ખાતે ફ્રી વાઇ-ફાઈની સુવિધા.
- ગાંધીધામ રેલ્વે સ્ટેશન ખાતે ગુડ્સ શેડનું આધુનિકરણ.
- મોરબી – માળીયા ડેમુ ટ્રેન શરૂ – ૨૯/૦૯/૨૦૧૪
- ગાંધીધામ –પૂરી વાયા આંધપ્રદેશ ટ્રેન શરૂ – ૧૦/૧૦/૨૦૧૪
- કચ્છ થી અમૃતસર ટ્રેનસેવા – સાપ્તાહિક પ્રાયોગિક ધોરણે શરૂ – ૨૬/૦૧/૨૦૧૭
- ભુજ – ભાગલપુર વેકેશનલ ટ્રેનસેવા
- ગાંધીધામ–તિરૂનવેલી હમસફર એક્સ્પ્રેસ ટ્રેન શરૂ – ૦૫/૦૭/૨૦૧૭
- ગાંધીધામ – વિશાખાપટનમ સાપ્તાહિક ટ્રેન શરૂ.
- ગાંધીધામ – ઈન્દોર સાપ્તાહિક ટ્રેન
- ગાંધીધામ – વારાણશી સાપ્તાહિક ટ્રેન
- ગાંધીધામ – કટરા (વૈષ્ણોદેવી) સાપ્તાહિક ટ્રેન
- અંજાર રેલ્વે સ્ટેશન ૪ કરોડના ખર્ચે અપગ્રેડેશન
- ભચાઉ – સામખીયારી રેલ્વે પાર્સલ સેવા શરૂ.
- સયાજીનગરી એક્સ્પ્રેસ બાંદ્રા ને બદલે દાદર થી શરૂ.
- મોરબી – નઝરબાગ રેલ્વે સ્ટેશન એ લાઇન સિસ્ટમથી અપગ્રેડ
- ગાંધીધામ – સામખીયાળી રેલ્વે સ્ટેશનનું અપગ્રેડેશન.
- ભુજ મધ્યે નવું અદ્યતન અને એરપોર્ટ ટાઈપ રેલ્વે સ્ટેશન, મલ્ટી કોમ્પ્લેક્ષ સ્ટેશનનું કામ પુરજોશમાં ચાલુ.

વર્ષ 2014 થી માર્ચ 2024 સુધી MPLADS ગ્રાન્ટ અંતર્ગત 1700 થી વધુ પ્રકલ્પો માટે વિશિષ્ટ ગ્રાન્ટ ફાળવણી

૧) દર્દી વાહિની એમ્બ્યુલન્સો
૨) શાળામાં કોમ્પ્યુટરો
૩) શાળાઓમાં ઉપકરણ લેબ–લેબ રૂમ
૪) એસટી સ્ટેશન વ્હીલચેર.
૫) રેલ્વે સ્ટેશનો એ બેન્ચ
૬) હોસ્પીટલમાં ફેકો મશીન
૭) સ્મશાન ગૃહોમાં ગેસ ભઠ્ઠી
૮) બસ સ્ટેશન
૯) શાળા માટે ઓરડા
૧૦) જવાનો માટે 10 લાખ રૂપિયા એરકુલર માટે ફાળવણી
૧૧) રમતગમત મેદાન સુધારણા
૧૨) ક્રીડાગણ – બગીચામાં
૧૩) સ્મશાનગૃહ માં છાપરી/ કમ્પાઉન્ડ વોલ
૧૪) પૂર સરક્ષણ દીવાલ
૧૫) લાયબ્રેરી પુસ્તકો
૧૬) પાણી માટેના (R.O) આર.ઓ. પ્લાન્ટ મશીન
૧૭) દિવ્યાંગોને જર્મન ટેકનૉ.ના હાથ–પગ સાધન સહાય.
૧૮) સ્ટેશનો પર ઠંડા પાણી માટે વોટર કુલર અને બાંકડાની ફાળવણી
૧૯) ડસ્ટબીન
૨૦) મહાપુરુષોની પ્રતિમાઓ
૨૧) સાંસ્કુતિક હૉલ
૨૨) તાલીમ ભવન
૨૩) કામદાર કારીગર કોમન શેડ
૨૪) સ્નાનઘાટ
૨૫) ગૌ શાળા ઘાસ ગોડાઉન
૨૬) ફરસબંધી/ RCC રોડ / પેવર બ્લોક.
૨૭) સી.સી. ટીવી કેમેરા
૨૮) પાણીના ટાંકા,પાઇપ લાઇન

આપની સાથે

- 2014 To 2019 = 100 × 40 અઠવાડિયા × 5 વર્ષ = 20,000 લોકો સાથે મુલાકાત.
- 2019 To 2024 = 130 × 40 અઠવાડીયા × 5 વર્ષ = 26,000 લોકો સાથે મુલાકાત.
- 2014 To 2024 = દિલ્હી કાર્યાલય ખાતે અંદાજિત 4300 લોકો સાથે મુલાકાત.
- રોજના સરેરાશ 4 કાર્યક્રમો × 3650 દિવસ = 14,600 કાર્યક્રમોમાં હાજરી.
- 10 વર્ષ દરમ્યાન 7,40,000 કિમી પ્રવાસ
- કૃષિ મેલા, શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ, ગરીબ કલ્યાણ મેળા ઉપરાંત મત વિસ્તારની મુલાકાત દરમ્યાન લાખો પ્રજાજન સાથે સૌજન્ય મુલાકાત.

- ૨૦૧૪ થી ૨૦૧૯ - કુલ ૧૨૧૧૯ (બાર હજાર એકસો ઓગણીશ પત્ર લખેલ છે.)
- ૨૦૧૯ થી ૨૦૨૪ માર્ચ - કુલ ૭૩૨૦ (સાત હજાર ત્રણ સૌ વીસ પત્ર લખેલ છે.)
- ૨૦૧૯ થી ૨૦૨૪ - કુલ ૨૧૦ ઇ-મેલ વિદેશ એમ્બેસેડરને કરેલ.
- ૨૦૧૯ થી ૨૦૨૪ - કુલ ૩૨૨૭ ઇ-મેલ કેન્દ્ર સરકાર, ગુજરાત સરકાર અન્ય વહીવટી કાર્યો માટે કરેલ.

યે વિજય હમારે લિયે, જન સેવા કા દાયિત્વ હૈ, યે પદ કી પ્રતિષ્ઠા નહીં, યે વિશ્વાસ બનાયે રખને કી પરીક્ષા હૈ.

૧૬/૦૫/૨૦૧૪ – લોકસભા સીટ પર વિજય (લીડ –૨,૫૪,૪૮૨ મતોથી)	૨૯/૧૦/૨૦૧૯ – કલેક્ટર કચેરી કમ્પાઉન્ડમાં લોક સંપર્ક કાર્યાલય શરૂ
૨૯/૦૬/૨૦૧૪ – ભુજ મધ્યે લોકસંપર્ક કાર્યાલય શરૂ	૨૪/૧૨/૨૦૨૦ – ફ્રેમ ઈન્ડીયા સન્માન – દેશના ૨૫ શ્રેષ્ઠ સાંસદોમાં સમાવેશ
૦૧/૦૯/૨૦૧૪ – ગાંધીધામ મધ્યે લોકસંપર્ક કાર્યાલય શરૂ	૦૭/૦૧/૨૦૨૧ – ગુજરાત પ્રદેશ ભા.જ.પા મહામંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યું
૩૧/૦૭/૨૦૧૭ – ભુજ મધ્યે પાસપોર્ટ સેવા કેન્દ્ર શરૂ	૦૨/૦૪/૨૦૨૧ – સૌરાષ્ટ્ર ઝોન ભા.જ.પા પ્રભારી તરીકે કાર્યભાર સંભાળ્યું
૨૩/૦૫/૨૦૧૯ - લોકસભા સીટ પર વિજય (લીડ –૩,૦૫,૫૧૩ મતોથી)	૦૭/૦૮/૨૦૨૧ – પંજાબ રાજ્ય વિધાનસભા ચુંટણી 2022માં સહ-પ્રભારી તરીકે નિમણુંક
	૨૧/૦૧/૨૦૨૨ – ભા.જ.પા પાર્લામેન્ટ્રી બોર્ડમાં સ્થાન મળ્યું

ગુજરાતને પ્રેમ કરે એ મારો આત્મા...
મારા દેશને પ્રેમ કરે એ મારો પરમાત્મા...

શ્રી નરેન્દ્રભાઇ મોદીજી (પ્રધાનમંત્રીશ્રી)

NEWS PAPER

સંક્ષિપ્ત પરિચય

વિનોદ લખમશી ચાવડા

નિર્વાચન ક્ષેત્ર : સાંસદ, ૧-કચ્છ લોકસભા
પાર્ટીનું નામ : ભારતીય જનતા પાર્ટી
પાર્ટીમાં જવાબદારી : મહામંત્રી, પ્રદેશ ભારતીય જનતા પાર્ટી
સંપર્ક નંબર : ૦૨૮૩૨ ૨૨૫૪૬૭

પુરુ નામ :- વિનોદ લખમશી ચાવડા
ઉમર વર્ષ :- ૪૫
શૈક્ષણિક યોગ્યતા :- બી.એ/એમ.એ/બી.એડ/એલ.એલ.બી
કાર્યાલય સરનામું :- એમ.પી. લેન્ડ ઓફિસ, કલેકટર કચેરી કમ્પાઉન્ડ, ઉમેદ ભવન રોડ, ભુજ - કચ્છ.

કારકિર્દી

- કચ્છ જીલ્લા યુવા ભા.જ.પા માં ૮ (આઠ) વર્ષની વિવિધ જવાબદારી.
- કચ્છ જીલ્લા ભા.જ.પા અનુસુચિત જાતિ મોરચામાં ૩(ત્રણ) વર્ષની જવાબદારી.
- પૂર્વ સેનેટ સદસ્ય, કચ્છ યુનિવર્સિટી.
- પૂર્વ ચેરમેન, સામાજીક ન્યાય સમિતિ, જીલ્લા પંચાયત – કચ્છ.
- ભારત સરકાર રાજ્ય સભા પૂર્વ પરિવહન, પર્યટન અને સંસ્કૃતિ સ્થાયી સમિતિ સદસ્ય.
- સહ પ્રભારી, પંજાબ વિધાનસભા ચુંટણી – ૨૦૨૨.

વર્તમાન

- સાંસદ, ૧-કચ્છ લોકસભા (બે ટર્મ)
- મહામંત્રી, ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી
- સદસ્ય, ભારત સરકાર લોક્સભા સામાજિક ન્યાય અને અધિકારીક્તા પરામર્શદાત્રી સમિતિ.
- ઝોનલ રેલ્વે યુઝર કન્સલટીવ કમિટી સદસ્ય / ભારત સરકાર લો એન્ડ જસ્ટીસ કમિટી.

સામાજિક પ્રદાન

- મંત્રી, પશ્ચિમ કચ્છ મેઘવાળ ગુર્જર સમાજ સમૂહ લગ્ન સમિતિ
- પ્રમુખ, પશ્ચિમ કચ્છ મેઘવાળ ગુર્જર સમાજ સમૂહ લગ્ન સમિતિ
- મંત્રી, પશ્ચિમ કચ્છ મેઘવાળ ગુર્જર સમાજ ગઢશીશા વિભાગ
- મંત્રી, પશ્ચિમ કચ્છ મેઘવાળ ગુર્જર સમાજ ચાવડા પરિવાર સમિતિ

સંસ્થાકીય પ્રદાન કાર્યરત

- પ્રમુખ, સમાજ નવ નિર્માણ ટ્રસ્ટ સંચાલિત ભીમરત્ન કુમાર છાત્રાલય
- પ્રમુખ, સમાજ નવ નિર્માણ ટ્રસ્ટ સંચાલિત ભીમરત્ન કન્યા છાત્રાલય
- પ્રમુખ, કચ્છ સ્પોર્ટ્સ ક્લબ એસોસિએશન
- પ્રમુખ, શ્રી અખિલ મેઘવંશી ગુર્જર સંઘ
- પ્રમુખ, ઈલેકટ્રીસીટી એમ્પ્લોઈઝ વેલ્ફેર ફેડરેશન

चुनाव का पर्व
देश का गर्व

:: અપીલ ::

લોકતંત્રનો ભાગ્ય વિધાતા હોય છે જાગૃત મતદાતા,
તમારો મત તમારો અધિકાર, મત આપો અને અપાવો

કોરોના મહામારી

રાશન કીટ	૧૩,૪૫૦(સંસ્થાન + સ્વ ખર્ચે)
રાશન કીટ	૧૮૩૫૦(સ્નેહીજન + દાતા સહયોગે)
સેનેટાઇઝર	૧૩,૦૦૦ (સંસ્થાન + સ્વ ખર્ચે)
માસ્ક	૩૭, ૮૦૦ (સંસ્થાન + સ્વ ખર્ચે)
માસ્ક	૨,૦૦,૦૦૦ (દાતા - સ્નેહીજન સહયોગે) વિતરણ
ફૂડ પેકેટ બનાવનાર સંસ્થાઓને	૭૦,૦૦૦/- રોકડ સહાય
ડાયાલીશિસ - થેલેસેમિયા દર્દી માટે એમ્બ્યુલન્સમાં ડીઝલ ઉપરાંત દવા,રોકડ મદદ	૬૦,૦૦૦/- રોકડ સહાય

રૂ. ૧ લાખ PM રાહત કેર	શ્રમિક સ્પેશ્યલ ટ્રેન - ૫૭ લાખ લોકોને ૪૧૫૫ ટ્રેનો - વાહનો દ્વારા સ્થળાંતર
રૂ. ૧ લાખ મુખ્યમંત્રી રાહતનિધિ	
રૂ. ૪ લાખ રાશન કીટ, માસ્ક, સેનેટાઇઝર	
રૂ. ૧ કરોડ - કચ્છ મોરબી સ્થાનિક તંત્ર (MP LEADS)	
રૂ. ૧ કરોડ - ભારત સરકાર હેલ્થ મિનિસ્ટ્રિ (MP LEADS)	

- કોરોના દરમિયાન 6 માસ સુધી મારા લોકસભા ક્ષેત્રમાં 'કોરોના વેકસીનેશન રથ' મારફતે નાગરિકોને જરૂરી કીટનું વિતરણ તેમજ કોરોના વેકસીન લેવા માટે જાગૃત કર્યાં.
- સમાજ નવનિર્માણ ટ્રસ્ટ સંચાલિત કુમાર છાત્રાલય ખાતે કોવિડ કેર સેન્ટર અંતર્ગત 150 બેડ સાથેની હોસ્પિટલ કોરોના દરમ્યાન શરૂ કરવામાં આવી હતી.

બિપોરજોય વાવાઝોડુ

- બિપોરજોય વાવાઝોડાથી બચાવના ભાગરૂપે જિલ્લા વહિવટી તંત્ર સાથે જરૂરી બેઠકો યોજી લોકોનું સુરક્ષિત સ્થાળંતર કરવા શેલ્ટર હાઉસ, રહેવા, જમવા, મેડીકલ, પાણી જેવી વિવિધ સેવાઓ તથા થયેલ કામગીરી સુનિશ્ચિત કરી.
- બિપોરજોય વાવાઝોડા દરમ્યાન જીલ્લાના દરેક તાલુકામાં જરૂરીયાતમંદ પરિવારોને તાલપત્રી સાથે ફુડ પેકેટનું વિતરણ.
- જીલ્લા આરોગ્ય વિભાગ સાથે બેઠક કરી ૬૯ પી.એચ.સી, ૩ એસ.ડી.એચ. અને ૧૬ સી.એચ.સી. માં મેડીકલ ઓફિસર અને જરૂરી દવાઓની વ્યવસ્થા સુનિશ્ચિત કરી.
- જીલ્લાની તમામ હોસ્પિટલ સહિત ૯૦ ડોકટર અને ૧૮૭૪ બેડની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી.
- રાહત અને બચાવ કાર્ય માટે એન.ડી.આર. એફ. ટીમ, એસ.ડી.આર.એફ. ટીમ, આર.પી.એફ. ટીમ, આર્મી, કોસ્ટગાર્ડ, બોર્ડર સીક્યોરીટી ફોર્સ, એરફોર્સ અને ફાયર ફાઈટર ટીમ વગેરે સ્ટેન્ડબાય વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી.
- વાવાઝોડા દરમ્યાન જીલ્લા કંટ્રોલ રૂમ પર હાજર રહી સતત મોનીટરીંગ સાથે રાહત બચાવ કાર્યોના જરૂરી સુચનો કર્યા.
- વાવાઝોડા બાદ સમગ્ર જીલ્લામાં થયેલ નુકસાન અંગે તાગ મેળવી ક્ષતિગ્રસ્ત થયેલ વીજપોલના સમારકામ સાથે પૂર્વવત કરવાની કામગીરી, રોડ રસ્તા મરંમત કરવાની કામગીરી, વાવાઝોડાના કારણે નુકશાન પામેલ વૃક્ષોને માર્ગો પરથી દુર કરવાની કામગીરી, પાણી વિતરણ, સફાઈ જેવી જરૂરી સેવાઓ પૂર્વવત કરવા થયેલ નુકશાની અંગેના સર્વે માટે જીલ્લા વહિવટી તંત્ર સાથે બેઠકો કરી સૌ કચ્છીજનોના જીવનને ફરી રાબેતા મુજબ કરવાની દીશામાં કામગીરી કરી.

NEWS PAPER

मोदी की गारंटी

ખેલ મહોત્સવ

તારીખ	મહોત્સવ વિગત	ખેલાડી
૩૦-૦૮-૨૦૨૨	પ્રધાનમંત્રી ખેલ મહોત્સવ	૭૮૫૦ ખેલાડી
૦૬-૦૩-૨૦૨૩	સાંસદ ખેલ મહોત્સવ	૪૬૨૫ ખેલાડી
૧૮/૦૩/૨૦૨૩ ૦૬/૦૩/૨૦૨૩ (૪૮ દિવસ)	સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટ	૨૫૦૫ ખેલાડી
૦૧/૦૩/૨૦૨૩ થી ૦૬/૦૩/૨૦૨૩ (૬ દિવસ)	સાંસદ મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટ	૧૫૦ ખેલાડી
૧૦/૦૯/૨૦૨૩ થી ૧૬/૦૯/૨૦૨૩ (૭ દિવસ)	સાંસદ ખેલ સપ્તાહ - વિભિન્ન ખેલ	૪૭૦૩ ખેલાડી
૧૭/૧૧/૨૦૨૩ થી ૨૪/૧૨/૨૦૨૩ (૩૮ દિવસ)	સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨	૩૯૪૫ ખેલાડી
૧૫/૧૦/૨૦૨૩ થી ૨૩/૧૨/૨૦૨૩ (૯ દિવસ)	સાંસદ મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨	૧૮૦ ખેલાડી
૦૪/૦૨/૨૦૨૪ થી ૧૧/૦૨/૨૦૨૪	સાંસદ સાયકલોથોન "ફિટ ઈન્ડિયા"	૩૮૪૬ ખેલાડી
૧૫/૦૨/૨૦૨૪ થી ૧૬/૦૨/૨૦૨૪	સાંસદ એથલેટીક્સ ટુર્નામેન્ટ	૬૬૫૦ ખેલાડી

અભિયાન અને ઉત્સવ

- માંડવી શહેર મધ્યે 'સાંસદ ટ્રી પેઈન્ટીંગ' નું આયોજન
- આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અંતર્ગત 'સાંસદ યોગ ઉત્સવ' નો આયોજન
- મહીલા જાગૃતતા અભિયાન અંતર્ગત દીકરીઓને 2 લાખ સેનેટરી પેડનું વિતરણ
- સુકન્યા સમૃધ્ધી યોજના અંતર્ગત દીકરીઓના નવા ખાતા ખોલાવ્યા
- વિવિધ તાલુકાના અતિકૃપોષિત બાળકોને પોષણક્ષમ આહાર કીટનું વિતરણ
- ટી.બી.મુક્ત ભારત અભિયાન અંતર્ગત ટી.બી. દર્દીઓને પોષણક્ષમ આહાર કીટનું વિતરણ
- આંતરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષ અંતર્ગત વિવિધ શહેરોમાં 'મિલેટ્સ ફુડ કોમ્પિટીશન' નું આયોજન
- વરસાદ દરમ્યાન બંધ પડેલ બોરને પુનર્જીવિત કરવા સહાય અર્પણ
- આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના જન્મદિવસ નિમિત્તે દર વર્ષે પ્રધાનમંત્રી કલ્યાણ મેળા અંતર્ગત દિવ્યાંગોને સાધન સહાય અર્પણ
- પ્રધાનમંત્રીશ્રીના ૭૩ માં જન્મદિવસ નિમિત્તે ૭૩ દિવ્યાંગ દીકરીઓ સાથે કેક કાપી જન્મદિવસની ઉજવણી તથા રિજીયોનલ સાયન્સ સેન્ટર ખાતે વિવિધ સ્પર્ધાના આયોજન સાથે ૭૩ કિ.લો. કેક કાપી વિદ્યાર્થીઓ સાથે જન્મદિવસની ઉજવણી
- કચ્છના સૌથી મોટા મેળા તરીકે જાણીતા મીની તરણેતર સમા નખત્રાણા તાલુકાના સાંયરા ગામ નજીક મોટા યક્ષ ખાતે આયોજિત ત્રી દિવસીય મેળામાં દેશના યશશ્વી વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના કચ્છ પ્રવાસ દરમિયાનની સંસ્મરણોની એક પ્રદર્શની, ચંદ્રયાન – ૩, ભવ્ય રામ મંદિર નિર્માણ અને માતાના મઢ મંદિરની સેલ્ફી પોઇન્ટને પ્રવાસીઓ નિહાળી શકે તે હેતુથી પ્રદર્શની માટેનું આયોજન કરવામાં આવ્યુ
- દેશદેવી માં આશાપુરાના પવિત્ર યાત્રાધામ માતાના મઢ જતા પદયાત્રીઓ માટે મીરજાપર ખાતે 'શ્રી નારી શક્તિ વંદન પદયાત્રી સેવા કેમ્પ' માં આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જીના કચ્છ પ્રવાસ દરમિયાનની સંસ્મરણોને નિહાળી શકે સાથે ચંદ્રયાન – ૩, ભવ્ય રામ મંદિર નિર્માણ અને માતાના મઢ મંદિરની સેલ્ફી લઈ શકે તે હેતુથી આયોજન કરવામાં આવ્યું
- મતદાન અંગે જાગૃતિ લાવવા 'મતદાતા ચેતના અભિયાન' રથ મારફતે કચ્છ લોકસભા ક્ષેત્રના ૭ વિધાનસભા મંડલમાં પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યું
- 'આપણું કચ્છ – સ્વચ્છ કચ્છ' અંતર્ગત 'સાંસદ સ્વચ્છતા અભિયાન' હેઠળ ૭ વિધાનસભા મંડલના મુખ્ય ગામડાઓ અને શહેરોમાં સફાઈ કાર્ય કરાવ્યું
- 'સાંસદ કલા મહોત્સવ' અંતર્ગત કચ્છમાં વસવાટ કરી રહેલ અને વર્ષોથી સંગીત ક્ષેત્ર સાથે જોડાયેલ સંગીત કલા સાધકો તથા વિવિધ કલા ક્ષેત્રે જોડાયેલ કલાકારોનો એક જ મંચ પરથી વિશિષ્ટ સન્માન.

ઉત્સવ અને વિવિધ અભિયાન હેઠળ 2,78,000થી વધુ લોકોએ લાભ મેળવ્યો.

કમળના બટનને દબાવી મજૂબત સરકાર બનાવીએ

વિનોદ એલ. ચાવડા

મતદાન તારીખ : ૦૭/૦૫/૨૦૨૪, મંગળવાર, સમય : સવારે ૭ થી સાંજે ૬